ભૂમિપુત્ર

माता भूमि : पुत्रो अहं पृथिव्या :

Vol. 072 Issue No. 18 Date : 01-06-2025

આ અંકમાં

વિનોબા	૦૧	મનને જાણીએ (૧૨)
પ્રવીણ જ. પટેલ	૦૪	સોક્રેટિસ ઉવાચ-૧૨ : ભારતીય દેશભક્ત અને સોક્રેટિસ વચ્ચેનો વધુ એક કાલ્પનિક સંવાદ
ભદ્રા-વિક્રમ સવાઈ	૦૮	પુસ્તક પરિચય : સૂફી કથાઓ
ઉષાબેન વોરા	૦૯	અમારાં કાલિન્દીતાઈ
રજની દવે	૧૨	શુભારંભ : શ્રી કાન્તિભાઈ કૌશલ્ય વિકાસ કેન્દ્ર - પિંડવળ
મધુરેશ કુમાર	૧૫	જનઆંદોલનોનો રાષ્ટ્રીય સમન્વય : ૩ - એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જન રાજનીતિની યાત્રા-૧
કે.આર.ઍંટની,અનુ. જગદીશ પટેલ	૧૭	અમેરિકા વિનાનું વિશ્વ આરોગ્ય સંગઠન : શાપ કે વરદાન?
મધુરેશ કુમાર	૧૮	વો જો સવાલ કરતા રહા... અનિલ ચૌધરીની યાદમાં
હરેશ ધોળકિયા	૨૦	બંધિયાર મનમાં પ્રકાશનો શેરડો ફેંકતી ફિલ્મ – 'ઉંબરો'!
સોનલ પરીખ	૨૨	પુસ્તક પરિચય - મહામૃત્યુમાંથી અમૃત સમીપે : 'જિગરના ચીરા'ની ફળશ્રુતિ
ગૌરાંગ જાની	૨૩	પાંચમી જૂન - પર્યાવરણ દિન નિમિત્તે : રિવરફ્રન્ટ સામે પૂણેના નાગરિકોનું ચિપકો આંદોલન
આશા વીરેન્દ્ર	૨૪	હકાલપટ્ટી

યજ્ઞ પ્રકાશન

(આ પેજ મૂળ અંકનો ભાગ નથી.)

YAGNA PRAKASHAN SAMITI

https://www.bhoomiyagna.org

Published on 1st & 16th of Every Month
ભૂદાનમૂલક ગ્રામોદ્યોગપ્રધાન અહિંસક ક્રાંતિનું પાક્ષિક મુખપત્ર
BHOOMIPUTRA
Gujarati Fortnightly
Price Rs.10, Annual Sub. Rs.200.
Vol.72 Issue No.18 1934 Date : 01-06-2025
Place of Publication : Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara - 390 001.
ભૂમિપુત્ર
माता भूमि : पुत्रो अहं पृथिव्या :

મનને જાણીએ (૧૨)

○ વિનોબા ○

(ગતાંકથી ચાલુ...)

અતિમાનસ (૨) - મનોનિગ્રહ

મને લાગે છે કે વિજ્ઞાનયુગમાં શ્રી અરવિંદના જ વિચાર ટકશે, બીજા કોઈ નહીં. જ્યાં સુધી માણસ પોતાના નાનકડા સીમિત મનથી ઉપર ઊઠતો નથી અને ઉપર ઊઠ્યા બાદ પરમાત્મા રસનું સેવન કર્યા પછી સેવા કરવા માટે નીચે આવતો નથી, ત્યાં સુધી આ દુનિયાની યોગ્ય રીતે સેવા કરી શકાતી નથી. આમ શ્રી અરવિંદે આપણી સામે આ એક જોરદાર વિચાર મૂક્યો છે. આમ જોવા જઈએ તો આપણે ત્યાં હજારો વરસોથી મન-નિર્મૂલનની વાતો ચાલી આવે છે. અને આ માટે અનેકાનેક યોગીઓએ અનેકવિધ પ્રયત્નો કર્યા છે. પણ શ્રી અરવિંદે આ જે વાત કહી છે કે - આખો માનવસમાજ મનથી ઉપર ઊઠવાનો પ્રયાસ કરે. અને જ્યારે જ્યારે પણ આવા પ્રયત્નો થશે, ત્યારે માનવજાતિનો ઉદ્ધાર થશે.

બાબાને આ કલ્પના ગમી છે કે પરમાત્મા પાસે પહોંચવું અને પછી ત્યાંથી લોકસેવા માટે અવતરણ કરવું. તુકારામ મહારાજ આને ફુવારાની કળા જેવું કહે છે. जैशी कारंण्याची कला - જેવી રીતે ફુવારાનું પાણી ઉપર જઈને તરત નીચે પડે છે તેવી રીતે ભગવાન માટે ઉપર જઈને માનવસેવા હેતુ નીચે આવી જઈએ.

આપણે ત્યાં સાત લોકોની કલ્પના છે, તે લોકોથી ઉપરની ભૂમિકામાં રહીએ. આ સાત લોકો (સત્ય, તપ, જન, મહઃ, સ્વઃ, ભુવઃ, ભૂઃ) છે. આપણે વચ્ચેના ચોથા લોકમાં રહીએ. ભૂઃ, ભુવઃ, સ્વઃ- આ લોકો ભલે ગડબડ કરતા રહેતા હોય તો કરવા દઈએ અને એનાથી ઉપરના 'महर्' લોકમાં આવીને રહીએ. આપણે પહોંચ્યા તો હતા 'સત્ય' લોકમાં, પણ ત્યાંથી ક્રમશઃ 'तपस्' અને 'જન' લોકોમાંથી પસાર થઈને 'महर्' લોકમાં આવીને ત્યાં સ્થિર થઈએ. અને ત્યાં રહીને લોકોને ઉપર ઉઠાવવાના પ્રયત્નો કરીએ - આ છે શ્રી અરવિંદની કલ્પના.

શ્રી અરવિંદની આરોહ-અવતરણની કલ્પના આવી છે. પરંતુ મારી કલ્પના આવી નથી. મનથી પરે રહેલી બુદ્ધિ સુધી - તેના અંતિમ છેડા સુધી પહોંચી અને મુક્તિનો અનુભવ લીધા બાદ નીચે ઊતરવું - હું આવી તકલીફ ન ઉઠાવું; કારણ કે મને લાગે છે કે એક વાર મુક્તિનો અનુભવ લીધા બાદ નીચે ઊતરવા માટે અન્ય શેષ કોઈ કારણ રહેતું નથી. વળી મુક્તિના અનુભવ બાદ વિશ્વના ઉદ્ધાર માટે એ જ નીચે ઊતરે - એવી પણ કોઈ જરૂર હોતી નથી. તે ઈશ્વરમાં વિલીન થઈ ગયા બાદ જો ઈશ્વરની ઇચ્છા થશે, તો તેનો અંશ નીચે આવશે, એ જ વ્યક્તિને નીચે આવવાની જરૂર નથી. આ વાત સાવ જુદી છે કે ઈશ્વરની આજ્ઞા થયા પ્રમાણે કોઈ પણ આવી શકે. બધાં જ તો એની આજ્ઞાને અધીન જ છે. ભલે, આ જે કોઈ છે, તે હું ઇચ્છું છું કે અતિમાનસ-ભૂમિકા દુનિયાના ઉપયોગ માટે શીઘ્રાતિશીઘ્ર વ્યાપક બને, પણ એના માટેનો કાર્યક્રમ અત્યંત ધીરે ધીરે ચાલતો રહેશે એવું જણાય છે, અને તે છે પણ વ્યક્તિગત. તો, મુખ્ય મુદ્દો આ જ છે કે સામાજિક દૃષ્ટિથી આ બધાંનો વિચાર થવો જોઈએ.

મારું કહેવું આ પણ છે કે મુક્તિની આ જે કલ્પના છે તેમાં મુક્ત થઈને વ્યક્તિ નીચે ઊતરે છે, એમાં વ્યક્તિ તો કાયમ જ રહે છે. હું અમુક એક, વિનોબા મુક્ત થયો આનો અર્થ એ થયો કે મારા મનમાં વિનોબા શેષ જ રહ્યો અને એ જ નીચે ઊતરશે. મને લાગે છે કે આખરે અહીંથી ત્યાં સુધી 'અહમ્'ને કાયમ કરવા માટેની આવી ઊઠક-બેઠકની જરૂર શું છે ? સાચું તો એ છે કે 'હું બચતો જ નથી', આવું કહેવાની ભૂમિકા હોવી જોઈએ. મને તો આ મુક્તના અવતરણનો પ્રયત્ન બરાબર એના જેવો લાગે છે, જેવી રીતે આજકાલ વિમાન દ્વારા ચંદ્ર, મંગળ વગેરે ગ્રહો સુધી ઉપર જવું અને નીચે ઊતરવાના પ્રયોગો. આવી સ્થિતિમાં હું માનું છું કે શ્રી અરવિંદની મુક્તિની આ કલ્પના પાછળનો હેતુ આટલો જ છે કે વ્યક્તિગત મુક્તિથી માણસનો વિકાસ પૂર્ણ થતો નથી. તેમ છતાં આ 'અતિમાનસ' શબ્દ કાંઈક ગડબડ કરે છે. એટલા માટે હું તો સાવ સીધા સાદા શબ્દોનો પ્રયોગ કરીને કહું છું કે 'મનથી ઉપર ઊઠીને' વિજ્ઞાનની ભૂમિકામાં જવું જોઈએ. હાલ પૂરતું મારા માટે આટલું જ ઘણું છે.

આજે વિજ્ઞાને માનવ માટે એવી પરિસ્થિતિ સર્જી છે કે તે આખા માનવસમાજને 'અતિમાનસ'ની ભૂમિકા પર લાવી રહ્યું છે. આપણને એટલે કે આ સમાજને એક અવતારકાર્ય પ્રાપ્ત થયું છે. હવે, આખા સમાજે તે કાર્ય કરવાનું છે. સમાજ એનો ઇન્કાર કરે તો પણ એને અતિમાનસની અવસ્થામાં જ જવાનું છે, નહીંતર

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તે ખતમ થઈ જશે. હવે આ બે સિવાય બીજી કોઈ ભૂમિકા રહી નથી. વિજ્ઞાનની પ્રગતિને હવે રોકી શકાય તેમ નથી. માટે જ આપણે આપણા પોતાના મનને વિજ્ઞાનને અનુકૂળ બનાવવાનું છે. અને જો આ શક્તિ આપણામાં ન આવે તો સમજવાનું રહેશે કે ઈશ્વર માણસનો લય કરવા ઇચ્છે છે.

આ ભાષા, પંથ, ધર્મ, વર્ગ, પક્ષ વગેરે જેટલી જેટલી કલ્પનાઓ મનના આધારે બનાવવામાં આવી છે, આ બધાંને છોડી દેવી પડશે તો અતિમાનસ-ભૂમિકાનો સર્વપ્રથમ અર્થ આ થયો કે – આ સંસારમાં જે જે વિચારોને લીધે આપણામાં માનસિક સંકુચિતતાઓ પેદા થાય છે, તે બધાંને છોડી દેવી.

બીજી મહત્ત્વની વાત એ કે આપણે ચિંતનનું સ્વરૂપ જ બદલવું પડશે. આપણે આજે જે પણ ચિંતન કરીએ છીએ, જોઈએ છીએ તો તે નિરપેક્ષ ચિંતન નહીં પણ સાપેક્ષ બુદ્ધિથી થાય છે. એ ચિંતનમાં ઘણી બધી મર્યાદાઓ આવી જાય છે. ઉપાધિઓ હોય છે. જેવી રીતે કોઈ ગણિતશાસ્ત્રનો જ્ઞાની છે તેને પોતાની બુદ્ધિને ઉપાધિરહિત રાખવી પડે છે અને તે રાખી શકે છે. એવી રીતે માણસે પણ વ્યાવહારિક અને સામાજિક મામલાઓમાં તટસ્થ બુદ્ધિ રાખવી જોઈએ. ગીતાની ભાષામાં શુદ્ધ બુદ્ધિ હોવી જોઈએ. આપણે બુદ્ધિને નિરુપાધિક રાખીને વૈજ્ઞાનિક દૃષ્ટિથી વિચાર કરવાનો અભ્યાસ કરીએ. સત્યદર્શન માટે બુદ્ધિ નિરુપાધિક હોવી જોઈએ. બુદ્ધિ પૂર્ણતઃ મુક્ત રહેવી જોઈએ. તો, અતિમાનસનો આ થયો બીજો અર્થ.

ત્રીજી વાત – હવે જૂના જમાનાની વ્યક્તિગત સમસ્યાઓ જાગતિક (જગત સંબંધી) બની રહી છે. અન્ન – પ્રાણ અને મનની નિમ્નસ્તરની સમસ્યાઓ પણ કેવળ રાષ્ટ્ર સુધી સીમિત ન રહેતાં વિશ્વવ્યાપક થઈ ગઈ છે. અને આ સ્થિતિમાં શુદ્ધબુદ્ધિપૂર્વક આવી સમસ્યાઓને જોવી પડશે, અને પછી વિશ્વવ્યાપક બુદ્ધિથી વિચારીને તેનું નિરાકરણ લાવવા માટે વિચારવું પડશે. આ કરવા માટે સ્થાનિક ઉપાધિઓથી બનેલા આ મનથી મુક્ત થયા વગર કોઈ ઉપાય જ નથી. આપણને તટસ્થ બુદ્ધિ જોઈએ. આના માટે આપણી પારંપરિક (કન્વેન્શનલ) નીતિઓને પણ પુનઃ સંશોધિત કરવી પડશે. કોઈનો પણ ભય રાખ્યા વગર કયું નૈતિક મૂલ્ય અને કયું કાલ્પનિક મૂલ્ય છે – તે નિરુપાધિક વિશ્વવ્યાપક બુદ્ધિની કસોટી પર કસવાનું રહેશે.

નિરુપાધિક બુદ્ધિ અથવા અતિમાનસનું એક લક્ષણ આ પણ છે કે ક્યારેય ક્ષોભ પેદા ન થાય. તથા ન રહેવો જોઈએ. કમ સે કમ પહેલી ક્ષણને જો સંભાળી લઈશું તો પછી આગળનું સંભાળી લેવાશે. અક્ષુબ્ધ ચિત્ત હોવું જોઈએ. અક્ષુબ્ધનો અર્થ છે કે ચિત્તમાં ક્ષોભ હોવો ન જોઈએ. આમ, અતિમાનસ ભૂમિકા માટે દેહ-મન-ઉપાધિમુક્ત બુદ્ધિ, શુદ્ધ બુદ્ધિ, નિરુપાધિક બુદ્ધિ, તટસ્થ બુદ્ધિ, વ્યાપક બુદ્ધિ, અક્ષુબ્ધ બુદ્ધિ અને સ્થિર બુદ્ધિની જરૂર હોય છે.

આજે સ્થિતપ્રજ્ઞ બુદ્ધિની જરૂર છે. સ્થિતપ્રજ્ઞ બુદ્ધિ હોવાનો અર્થ એટલો કે કોઈપણ પરિસ્થિતિમાં ચિત્તમાં ક્ષોભ ઉત્પન્ન ન થવો. આ પ્રકારની અક્ષુબ્ધ શાંતિ જ્યારે હશે, ત્યારે જ પ્રશ્નોનો હલ આવી શકશે. ખાલી મન પર બાહ્ય અંકુશ મૂકી દેવાથી કામ થશે નહીં. અંકુશ તો અંદરનો હોવો જોઈએ. બુદ્ધિનો આદેશ માંગવો જોઈશે. એના વગર નિર્ણય-શક્તિ નહીં આવે. આજે તો સ્વતંત્ર નિર્ણયશક્તિની જરૂર છે. જ્યારે માણસ પોતાના મનથી જુદો થઈને શુદ્ધ થવાની પ્રક્રિયામાં રમમાણ હોય છે, ત્યારે ઈશ્વરનો સાક્ષાત્કાર થાય અને તે પછી માણસનું પોતાનું મન રહેતું નથી. તે વિશ્વમાનસ થઈ જાય છે. એ માણસને નિમિત્ત બનાવીને જગતનું કામ કરે છે. તે ઈશ્વરના હાથનું ઓજાર બનીને કામ કરે છે. આ અતિમાનસની ભૂમિકા છે.

આપણે તો રાગદ્વેષને લીધે વ્યગ્ર થતા હોઈએ છીએ તો તેવી વ્યગ્રતા તથા સંકુચિત મનથી ઉપર જઈને વિશુદ્ધ સમભાવસ્થિત મનથી કામ કરીએ. આવો કોઈ એક પણ યોગી જો અતિમાનસની ભૂમિકાથી કામ કરે છે, તો તેની અસર આ જગતનાં તમામ દુઃખો – ક્લેશ પર પડે છે.

ઘણાં બધાં લોકોનાં મન સાવ તુચ્છ, ક્ષુદ્ર વાતોમાં અટવાયેલાં રહેતાં હોય છે. આપણે એવું ન વિચારવું કે આ પ્રકારના લોકો આ નવા વિચારોને ક્યારે સ્વીકારશે ? કેમ કે આ વિચાર સ્વયં જ એમના મસ્તકમાં દાખલ થશે. કેમ કે નવો યુગ આવી રહ્યો છે, જે અતિમાનસનો યુગ છે, વિજ્ઞાનનો યુગ છે.

અતિમાનસ એ સૂર્ય છે. આંબાના વૃક્ષ પર અનેક ફળો ઊગ્યાં છે. સૂર્ય બધાંને પ્રકાશ આપે છે, પણ સૂર્યપ્રકાશના પ્રભાવથી આંબાના વૃક્ષ પર ઊગેલી એકાદ-બે કેરીઓ પરિપક્વ થઈને પોતાની અનુભૂતિને સૂચિત કરે છે કે હવે બધી કેરીઓને ઉતારી લેવી જોઈએ. એવી રીતે, આપણો સમગ્ર સમાજ છે તે લોકોમાં જેમની પણ આંતરિક તૈયારી થઈ ચૂકી છે તેમની આંતરવિભૂતિ પર અતિમાનસના પ્રકાશકિરણ કેન્દ્રિત થાય

આ અંકમાં

વિનોબા	૧	મનને જાણીએ (૧૨)
પ્રવીણ જ. પટેલ	૪	સૉક્રેટિસ ઉવાચ-૧૨
ભદ્રા-વિક્રમ સવાઈ	૮	સૂફી કથાઓ
ઉષાબેન વોરા	૯	અમારાં કાલિન્દીતાઈ
રજની દવે	૧૨	શુભારંભ : કૌશલ્ય વિકાસ કેન્દ્ર પિંડવળ
મધુરેશ કુમાર	૧૫	એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જન રાજનીતિની યાત્રા-૧
અનુ.જગદીશ પટેલ	૧૭	અમેરિકા વિનાનું વિશ્વ આરોગ્ય સંગઠન : શાપ કે વરદાન ?
મધુરેશ કુમાર	૧૮	વો જો સવાલ કરતા રહા...
હરેશ ધોળકિયા	૨૦	બંધિયાર મનમાં પ્રકાશનો શેરડો ફેંકતી ફિલ્મ – 'ઉંબરો' !
સોનલ પરીખ	૨૨	મહામૃત્યુમાંથી અમૃત સમીપે : જિગરના ચીરાની ફળશ્રુતિ
ગૌરાંગ જાની	૨૩	રિવર ફ્રન્ટ સામે પૂણેના નાગરિકોનું ચિપકો આંદોલન
આશા વીરેન્દ્ર	૨૪	હકાલપટ્ટી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

છે અને આ જ ચીજ અને વસ્તુસ્થિતિ એક નવી સંભાવનાની શ્રદ્ધા ઉત્પન્ન કરે છે.

આજે તો મન મનથી ટકારાયા કરે છે, તેને લીધે જે કાંઈ વણ-ઊકલ્યા મુદ્દાઓ છે તે લટકતા જ રહે છે. નાનકડી - સંકીર્ણ નજરથી વિચાર કરવાથી આ મુદ્દાઓના હલ આવવાના નથી. આના માટે માણસે સુપ્રામેંટલ લેવલે વિચારવું જોઈશે. મનની ભૂમિકાથી વિચારનારાઓ સમસ્યાઓનો નિવેડો લાવી શકશે નહીં. જૂના જમાનામાં આપણે કોઈ પણ એક વિષય પર ભાવના (જજબાત) પેદા કરતા જતા હતા, પરંતુ હવે આ જૂના-મનની ભૂમિકાએ કામ કરવા જતાં પ્રશ્નોના નિરાકરણ નહીં આવી શકે. હવે આપણે આપણી આધ્યાત્મિક (રુહાનિ) શક્તિને બહાર લાવવાની છે.

મનોનિગ્રહ

ભાગવતમાં એક ખૂબ સુંદર ભિક્ષુગીત છે. એમાં એક ભિક્ષુ પોતાના મનને સમજાવે છે કે હે મન, આપણને કોઈ પણ બહારથી કષ્ટ આપી જ શકતું નથી. આપણને જે તકલીફ થાય છે તે આપણા મનથી જ થાય છે. તે કહે છે, नाय जनो मे सुख-दुख-हेतुः - મારા સુખ દુઃખ પાછળ કોઈ પણ લોકો કારણભૂત હોઈ ન શકે. ટપાલીએ તમને પત્ર આપ્યો. હવે તમે એ પત્ર વાંચો કે ચૂલામાં બાળી નાખો - એ તમારા પર નિર્ભર છે. તમારી મરજી હોય તો તમે લઈ શકો છો, નહીંતર છોડી શકો છો.

કોઈ કોઈ કહેતા હોય છે કે દેવતા સુખ દુઃખ આપે છે તો વળી કોઈ કહે છે કે ગ્રહો સુખ દુઃખ આપે છે. ફલાણો ફલાણો ગ્રહ અનુકૂળ નથી. પણ આ કોઈ કારણ ન હોઈ શકે. मनः परं कारणमामनन्ति - મન એ જ આનું પરમ કારણ છે. संसार चक्रं परिवर्तयेद् यत् - જે મન આ સંસારચક્રને ફેરવી રહ્યું છે.

જે સાધકજન છે તેઓ અનેક પ્રકારની સાધના કરતા હોય છે. दानम् = દાન આપે છે. स्वधर्मः = પોતપોતાના જે ધર્મ (કર્તવ્ય) હોય છે, તેનું પાલન કરતા હોય છે. नियमः यमश्च = યમ નિયમોનું પાલન આ તો બહુ પ્રસિદ્ધ છે જ. આપણી નીતિનો આધાર યમ-નિયમ છે. श्रुतानि = અનેક પ્રકારના સદ્‌ગ્રંથોનું, અનેક પ્રકારની વિદ્યાઓનો અભ્યાસ કરે છે. જેમ કે શ્રુતિ, સ્મૃતિ, ગીતા, ભાગવત વગેરે. कर्माणि च = અનેક કર્મ કરે છે. सद्व्रतानि = આ બધાં ઉપરાંત વ્રત પણ રાખે છે. એકદમ કઠણ તપશ્ચર્યા કરે છે. પરંતુ આ બધામાં શુકદેવ મહારાજ આપણને સમજાવે છે - सर्वे मनोनिग्रहलक्षणान्ताः - કે આ બધાની કસોટી છે મનોનિગ્રહ.

આપણે આપણો મનોનિગ્રહ કેટલો સાધી શક્યા છીએ, તેના પર આ કસોટી થશે. માની લો કે ઘણું બધું દાન આપી દીધું છે અને લોકોમાં કીર્તિ પણ ફેલાઈ ગઈ છે. લોકો સ્તુતિ કરવા લાગ્યા. તો આના લીધે મનોનિગ્રહ થવાને બદલે માનસિક અહંકાર વધી જાય. આવી રીતે જુદી જુદી સાધનાઓ કરવામાં આવતી હોય છે, અને એના પરિણામ-સ્વરૂપે જો સાધકનો મનોનિગ્રહ સધાતો ન હોય, તો સમજવું કે કરેલી સાધનાથી કોઈ વિશેષ લાભ થયો નથી; આધ્યાત્મિક દૃષ્ટિથી કોઈ ફાયદો થતો નથી. ભૌતિક દૃષ્ટિથી લાભ થયો હશે. દાન આપ્યું તો પરોપકાર થયો. અને વ્રતપાલન કર્યું તો શરીર સ્વચ્છ બનશે, આરોગ્યપ્રાપ્તિ થશે. આમ પરોપકાર, આરોગ્યપ્રાપ્તિ વગેરે અનેક ફાયદાઓ થશે - પછી ભલે આપણને મનોનિગ્રહ પ્રાપ્ત થયો કે ન થયો. જે વ્યક્તિને ઉત્તમ મનોનિગ્રહ સધાયો છે, તે વ્યક્તિનો સ્વપ્ન પર કાબૂ રહેશે. જાગૃત અવસ્થામાં તો ચિત્ત સ્થિર રહેશે જ, કેમ કે જાગૃતિમાં માણસ સાવધાન રહેતો હોય છે પરંતુ જ્યારે તે ઊંઘી જાય છે, ત્યારે એની બુદ્ધિ કામ કરતી નથી, એવી સ્થિતિમાં પણ માણસનું પોતાના મન પર નિયંત્રણ રહેવું જોઈએ. આ કસોટી સૌથી પહેલાં જાગૃતિમાં થશે. અને પછી સ્વપ્ન પર અંકુશ આવશે. ખરાબ સપનાં નહીં આવે. અને સૌથી છેલ્લી કસોટી છે સુષુપ્તિ અર્થાત્ ગાઢ નિદ્રાની, જેમાં એક્કેય સપનું જ નહીં આવે.

સમાધિના ત્રણ અર્થ છે. પહેલો અર્થ છે, મનને નિગ્રહમાં રાખવું. જાગૃત, સ્વપ્ન અને સુષુપ્ત અવસ્થામાં મનનો નિગ્રહ હોવો. બીજો અર્થ છે, મનનું સંતુલન હોવું. ચિત્તનું અત્યંત સમત્વયુક્ત હોવું. ગીતા પણ સમજાવે છે - समत्वं योग उच्चयते । યોગ અર્થાત્ સમચિત્ત. અને ત્રીજો અર્થ છે, સમાધાન, સંતોષ, પ્રસન્નતા. ચિત્તમાં ક્યારેય પણ અપ્રસન્નતા ન હોવી. કુલ મળીને આનો અર્થ એ જ થાય કે આપણું મન આપણા હાથમાં હોવું જોઈએ, જો મન કાબૂમાં છે, તો બધું સધાઈ ગયું. અને ત્યારે આપેલું દાન સફળ થયું, સ્વધર્મ સફળ નીવડ્યો, અને પૂજાપાઠ સફળ થયાં.

જ્યારે એકાગ્રતાથી ચિંતન થતું નથી. સતત અભ્યાસ કરાતો નથી, જાતજાતના તણાવોને લીધે કર્મ થતાં નથી, એકદમ કઠોર અથવા પ્રખર તપસ્યા સહન થતી નથી - ત્યારે આવા એકદમ ઢીલાઢાલા, દુર્બળ લોકો, ભલેને સદ્‌ભાવને લીધે પણ સમાજની સેવા કરવા લાગે છે, ત્યારે સમાજ આવા લોકોને એકદમ સહજતાથી ગળી જાય છે. આ સમયે પરમહંસ શુકનું એક વચન યાદ આવે છે - सर्वे मनोनिग्रहलक्षणांताः परो हि योगो मनसः समाधिः । આપણે બે વર્ષે, ચાર વર્ષે, દસ વર્ષે, અરે ! ભલેને દસ જનમે પણ આ મનોનિગ્રહનો યોગ સાધી જ લેવો પડશે. જો આપણને આ મનોનિગ્રહ સધાઈ જશે તો આપણી સ્થિતિ લોઢાના કવચ જેવી અભેદ્ય બની રહેશે.

(અપૂર્ણ) (સંકલિત)

વાંચન થાળ

સંશોધનના વિદ્યાર્થીઓ માટે
માતૃભાષામાં સમાજશાસ્ત્ર
અભિયાન હેઠળ
કદમ-૧



સામાજિક સંશોધન : નિદર્શન અને સર્વેક્ષણ
લેખન-સંપાદન : ગૌરાંગ જાની
પૃ.૩૨, રૂ.૨૦/-

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ ઉવાચ-૧૨ : ભારતીય દેશભક્ત અને સોક્રેટિસ વચ્ચેનો વધુ એક કાલ્પનિક સંવાદ

(સોક્રેટિસ અને એક ભારતીય દેશભક્ત વચ્ચેની થોડા સમય પહેલાં એક વાતચીત થઈ હતી. આ ચર્ચા દેશભક્તિ, રાષ્ટ્રીય એકતા અને સાંસ્કૃતિક ઓળખના સંદર્ભે હતી. તેમાં ભારતીય દેશભક્ત જુસ્સાથી ભારતની પ્રાચીન પરંપરાઓ, તેના અદ્ભુત ધાર્મિક વારસા અને ગૌરવપૂર્ણ ઇતિહાસને આધારે ભારતની મહાનતાનો દાવો કરે છે. સોક્રેટિસ, પ્રશ્ન કરવાની પોતાની પદ્ધતિનો ઉપયોગ કરીને, રાષ્ટ્રીય એકતાના અર્થ, વિવિધતાની ભૂમિકા અને પરંપરાના આંધળા પાલનનાં જોખમોની તપાસ કરીને આ દાવાઓને પડકારે છે. આખરે, ભારતીય રાષ્ટ્રવાદી સાચી દેશભક્તિ વિષે ચિંતન કરવાનું શરૂ કરે છે. ત્યાર બાદ બીજા સંવાદમાં ભારતની આઝાદીની લડાઈ સમયના આદર્શો અને વર્તમાન રાજકીય-સામાજિક પરિસ્થિતિ વચ્ચેના તફાવત વિષે ગહન ચર્ચા થઈ હતી.

હવે તે સોક્રેટિસને ફરીથી મળવા આવે છે અને દેશભક્તિ તથા રાષ્ટ્રની શક્તિના સ્વરૂપ વિષે તેની કેટલીક મૂંઝવણો સોક્રેટિસ સમક્ષ રજૂ કરે છે. સોક્રેટિસ પ્રશ્નોત્તરી દ્વારા એના વિચારોને પડકારે છે અને તેને સમજાવે છે કે દેશભક્તિના પ્રતિકાત્મક જાહેર પ્રદર્શન કે અંધ રાષ્ટ્રવાદ કોઈ રાષ્ટ્રને મજબૂત ન બનાવી શકે. સોક્રેટિસ દલીલ કરે છે કે સાચી રાષ્ટ્રીય શક્તિ માત્ર રાષ્ટ્રધ્વજ ફરકાવવાથી, ભવ્ય પ્રતિમાઓ બનાવવાથી, શહેરોનાં કે રસ્તાઓનાં નામ બદલવાથી કે પ્રાચીન ઉત્સવોની ઉડાઉ ઉજવણીથી નથી આવતી. કોઈ પણ રાષ્ટ્રની સાચી તાકાત તો ટીકાત્મક અને આલોચનાત્મક વિચારસરણી, સામાજિક કલ્યાણ, શિક્ષણ, નાગરિકોની સુખાકારીને પ્રાથમિકતા આપવાની ક્ષમતા, અને આર્થિક વિકાસમાં રહેલી છે.)

પાર્શ્વ ભૂમિ : સ્વર્ગના શાંત પ્રાંગણમાં સોક્રેટિસ તેમની આદત મુજબ પોતાની મસ્તીમાં આરસના રસ્તા પર લટાર લગાવતા જોવા મળે છે. નજીકમાં વહેતાં ઝરણાં વાતાવરણને મનમોહક બનાવી રહ્યાં છે. ત્યાં તેમનો પૂર્વ પરિચિત ભારતીય દેશભક્ત આવે છે. અને તે ઉત્સાહથી વાતચીત શરૂ કરે છે.

ભારતીય દેશભક્ત : આહ, સોક્રેટિસ! હું એક પ્રશ્ન લઈને આવ્યો છું. મારો પ્રશ્ન એ છે કે ભારત એક મજબૂત અને અતૂટ રાષ્ટ્ર કેવી રીતે બની શકે?

સોક્રેટિસ : આવો મિત્ર, સ્વાગત છે તમારું. પણ મને કહો, 'મજબૂત' ભારતનો અર્થ શું છે? શું તમે લશ્કરી શક્તિ, આર્થિક શક્તિ, કે તેના લોકોની એકતાનો ઉલ્લેખ કરો છો?

ભારતીય દેશભક્ત : એક એવું રાષ્ટ્ર જ્યાં દરેક નાગરિક વફાદાર દેશભક્ત હોય, અમારી સંસ્કૃતિ, પરંપરાઓ અને અમારા ભૂતકાળની મહાનતા પ્રત્યે સમર્પિત હોય.

સોક્રેટિસ : તો, તમે એવું માનો છો કે ભારત એક એવું મજબૂત રાષ્ટ્ર બનવું જોઈએ કે જેમાં બધા નાગરિકો તેની મહાનતા વિશે એકસરખું વિચારે. મારી સમજણ બરાબર છે?

ભારતીય દેશભક્ત : હા! એક દેશ ત્યારે જ સમૃદ્ધ અને શક્તિશાળી બની શકે છે જ્યારે તેના લોકો પોતાના રાષ્ટ્ર પ્રતિ કોઈ પણ શંકા વિના સમર્પિત હોય, એક હોય.

સોક્રેટિસ : હું સમજી શકું છું. પણ કોઈ રાષ્ટ્ર આવી શક્તિ કેવી રીતે પ્રાપ્ત કરે છે?

ભારતીય દેશભક્ત : પોતાની મહાનતા દર્શાવીને! રાષ્ટ્રભક્તિનું જાહેરમાં પ્રદર્શન કરીને.

સોક્રેટિસ : પણ તમે રાષ્ટ્રભક્તિનું આવું જાહેરમાં પ્રદર્શન કેવી રીતે કરો?

ભારતીય દેશભક્ત : કેમ વળી? અમારા રાષ્ટ્રધ્વજને લહેરાવતા જાહેર કાર્યક્રમો કરીને, અમારા ઐતિહાસિક નેતાઓની ઊંચી અને વિશાળ મૂર્તિઓ બનાવીને, અમારા શહેરોનાં અને રસ્તાઓનાં મુસ્લિમ યુગ અને બ્રિટિશ રાજ્ય સમયનાં નામ બદલીને, મહા કુંભ જેવા અમારા પ્રાચીન ઉત્સવો ઊજવીને, અમારા પ્રાચીન વારસાના શાણપણનું પ્રદર્શન કરીને. મને લગીરે શંકા નથી, સોક્રેટિસ, આમ કરવાથી અમારા દેશનો દરેકે દરેક નાગરિક પોતાના દેશમાં અતૂટ ગર્વની ભાવના અનુભવશે.

સોક્રેટિસ : મને કહો, કોઈ એક માણસ ક્યારેય તેના પોતાના વિચારો પર શંકા ન કરતો હોય, પ્રશ્ન ન કરતો હોય, તો તેને જ્ઞાની કહી શકાય ?

ભારતીય દેશભક્ત : ના, એક જ્ઞાની માણસે પોતાનું મન ખુલ્લું રાખવું જોઈએ. પ્રશ્નો કરવા જોઈએ. પરંતુ પોતાના રાષ્ટ્ર માટેનો પ્રેમ નિઃશંક હોવો જોઈએ. રાષ્ટ્રપ્રેમ શંકાની બહાર હોય છે!

સોક્રેટિસ : તો તમે માનો છો કે શાણપણ પ્રશ્ન કરવાથી આવે છે. પરંતુ તમારા મત પ્રમાણે દેશભક્તિ નિર્વિવાદ વફાદારીની માંગ કરે છે, તો શું નિર્વિવાદ લોકોનો રાષ્ટ્ર જ્ઞાની હોઈ શકે?

ભારતીય દેશભક્ત : (ખચકાય છે) દેશભક્તિ શાણપણ વિશે નથી! તે દેશ પ્રત્યેના આદર વિશે છે. એક સાચો દેશભક્ત ફક્ત રાષ્ટ્રને મજબૂત બનાવવા માટે જ પ્રશ્નો પૂછી શકે છે.

સોક્રેટિસ : તો, તમે માનો છો કે રાષ્ટ્રને મજબૂત બનાવે તેવા પ્રશ્ન પૂછવાની મંજૂરી છે. પરંતુ જો કોઈ વ્યક્તિ એવા પ્રશ્ન પૂછે કે જેથી રાષ્ટ્રની એવી ખામીઓ બહાર આવે જે કેટલાક લોકો નજર અંદાજ કરવા માગતા હોય તો?

ભારતીય દેશભક્ત : તો આવી વ્યક્તિ દેશભક્ત નથી. તે તેની ટીકાથી રાષ્ટ્રને નબળું પાડે છે.

સોક્રેટિસ : પણ શું તમે આગળ કહ્યું નહોતું કે પ્રશ્ન પૂછવાથી રાષ્ટ્ર મજબૂત બને છે? જો કોઈની ટીકા સાચી હોય, તો શું તે નુકસાનને બદલે મદદ નહીં કરે?

ભારતીય દેશભક્ત : (ઉશ્કેરાઈને) કેટલીક મર્યાદાઓનું પાલન કરવું જરૂરી હોય છે, સોક્રેટિસ! જો લોકો ખૂબ ટીકા કરે તો તેઓ રાષ્ટ્રનું મનોબળ નીચું પાડે છે, રાષ્ટ્રને વિભાજિત કરે છે. દેશભક્તિ એકતા વિશે છે, વિભાજન વિશે નહીં!

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : અને શું એકતા અલગ વિચારનારાઓને ચૂપ કરીને પ્રાપ્ત થાય છે?

ભારતીય દેશભક્ત : ના, પરંતુ શિસ્ત હોવી જોઈએ. એક રાષ્ટ્ર એવા વિચારોને પોષણ ન આપી શકે જે તેનાં મૂળ મૂલ્યોની વિરુદ્ધ જાય.

સોક્રેટિસ : અને આ મૂળ મૂલ્યો કોણ નક્કી કરે છે? શું બધા નાગરિકો સર્વ સંમતિથી ઠરાવે છે કે તે થોડા લોકો દ્વારા નક્કી કરવામાં આવે છે?

ભારતીય દેશભક્ત : આવાં મૂલ્યોનાં મૂળ અમારી પરંપરાઓ, અમારા ઇતિહાસ, અને અમારી સંસ્કૃતિમાં છે.

સોક્રેટિસ : પરંતુ શું ભારતમાં ઘણી સંસ્કૃતિઓ, ભાષાઓ અને ધર્મો નથી? જો એમ હોય, તો કઈ પરંપરાને સાચી ગણવી?

ભારતીય દેશભક્ત : (નિરાશ થઈને) હા, ભારત વૈવિધ્ય સભર છે. પરંતુ અમારી રાષ્ટ્રીય ઓળખ એક સહિયારા વારસા પર આધારિત હોવી જોઈએ.

સોક્રેટિસ : તો પછી સહિયારો વારસો કોને કહેવો? માત્ર બહુમતિનો? શું તમારા દેશમાં હિન્દુ બહુમતીથી જુદી પડતી હોય તેવી શીખ સંસ્કૃતિ, બુદ્ધ સંસ્કૃતિ, જૈન સંસ્કૃતિ, ખ્રિસ્તી સંસ્કૃતિ કે મુસ્લિમ સંસ્કૃતિ ધરાવતા લોકોએ ફક્ત બહુમતીના વારસાને જ સ્વીકારવો જોઈએ? શું તેમણે પોતાની આગવી સાંસ્કૃતિક ઓળખને ભૂંસી નાખવાની?

ભારતીય દેશભક્ત : તેમણે માતૃભૂમિની પ્રાચીન સંસ્કૃતિનો આદર કરવો જોઈએ! એક મજબૂત રાષ્ટ્રનું નિર્માણ એવા લોકો દ્વારા કરી શકાતું નથી જેઓ તેના પ્રાચીન આદર્શોનો આદર ન કરતા હોય!

સોક્રેટિસ : પરંતુ જો કોઈ રાષ્ટ્રની શક્તિ એકતા દ્વારા માપવામાં આવે, અને એકતા માટે વિવિધતા કે અસંમતિઓને દબાવી દેવામાં આવે તો શું તે ખરેખર એકતા ઊભી કરશે કે ફક્ત ભય?

ભારતીય દેશભક્ત : ચૂપ થઈને વિચારે છે.

સોક્રેટિસ : અને મને કહો, તમે ભારતને એક એવું મજબૂત રાષ્ટ્ર બનાવવા માંગો છો જ્યાં લોકો વગર વિચારે પ્રાચીન વિચારો અને પરંપરાઓનું પાલન કરે કે પછી તમે એવું રાષ્ટ્ર ઇચ્છો છો જ્યાં લોકો મૌલિક રીતે અને આલોચનાત્મક રીતે વિચારે અને ભૂતકાળની પરંપરાઓ આધુનિક સમય સાથે મેળ ન ખાતી હોય તો તેમાં સુધારો કરે?

ભારતીય દેશભક્ત : (અનિચ્છાએ) એક રાષ્ટ્રે પોતાને સુધારવું જોઈએ, પરંતુ મર્યાદામાં રહીને.

સોક્રેટિસ : અને આ મર્યાદા કોણ નક્કી કરે છે? શાસકો? બહુમતી સમાજ? કે બધા લોકો?

ભારતીય દેશભક્ત : એવા નેતાઓ, જેઓ જાણે છે કે રાષ્ટ્ર માટે શું ઉત્તમ છે!

સોક્રેટિસ : તો પછી જો કોઈ નેતા કટ્ટરપંથી, મૂર્ખ, સ્વાર્થી, સત્તા-લોલુપ અથવા ભ્રષ્ટ હોય તો શું લોકોએ વગર વિચારે તેના આદેશોનું પાલન કરવું જોઈએ?

ભારતીય દેશભક્ત : (ગુસ્સાથી) ના, પણ એક સાચો દેશભક્ત તેના નેતાઓનો વિરોધ કરીને તેના દેશ સાથે દગો ન કરી શકે.

સોક્રેટિસ : શું નેતાને જવાબદાર ઠેરવવો એ પોતાના દેશ સાથે દગો કરવા સમાન છે?

ભારતીય દેશભક્ત : (ગુસ્સે થઈને) તમે શબ્દોને મરોડો છો, સોક્રેટિસ!

સોક્રેટિસ : હું ફક્ત સત્ય સુધી પહોંચવા માટે પ્રશ્ન પૂછું છું. શું એક મજબૂત રાષ્ટ્ર ફક્ત નિર્વિવાદ દેશભક્તિ દ્વારા જ બનાવવામાં આવે છે?

ભારતીય દેશભક્ત : (મૌન, દેખીતી રીતે અસ્વસ્થ) કદાચ... મારે આ વિશે વધુ વિચારવું જોઈએ.

સોક્રેટિસ : અને મને કહો, શું તમે માનો છો કે કોઈ દેશ ફક્ત પોતાની મહાનતાનાં ગાણાં ગાવા માત્રથી મહાન બની શકે કે વૈજ્ઞાનિક અને ઔદ્યોગિક પ્રગતિ કરીને વધુ મજબૂત બને છે?

ભારતીય દેશભક્ત : પણ પોતાના રાષ્ટ્ર માટે ગર્વ હોવો મહત્ત્વપૂર્ણ છે! તે લોકોને એક કરે છે, દેશ પ્રત્યેની તેમની આસ્થાને મજબૂત કરે છે. તેથી તેઓ દેશ માટે મરી ફિટવા પણ તૈયાર રહે છે.

સોક્રેટિસ : અને શું તમારા દેશનાં અસંખ્ય ભૂખ્યાં અને કુપોષિત બાળકો દેશભક્તિનાં ગીતો ગાવા માત્રથી સશક્ત થઈ જશે? શું કોઈ બેરોજગાર પિતા રાષ્ટ્રીય ગૌરવના નારા લગાવ્યા પછી પોતાના પરિવારને ખવડાવવા માટે વધુ સક્ષમ બની જશે?

ભારતીય દેશભક્ત : તે એક અલગ મુદ્દો છે. દેશભક્તિ અને ગરીબી-બેકારી અલગ બાબતો છે.

સોક્રેટિસ : શું ખરેખર એવું છે? મને કહો, જો કોઈ ડૉક્ટર કોઈ મરણશૈયા પર પડેલા માણસને દવા આપવાને બદલે ફક્ત દેશભક્તિનાં ગીતો ગાઈને તેની સારવાર કરે, તો શું તમે તેને જ્ઞાની કહેશો?

ભારતીય દેશભક્ત : ના, અલબત્ત નહીં! તે મૂર્ખામી હશે.

સોક્રેટિસ : તો પછી, શું ભારત જેવા કોઈ ગરીબ રાષ્ટ્રમાં, જ્યાં તેના કરોડો લોકો ભૂખમરા અને કુપોષણથી પીડાતા હોય, બેઘર-બેકાર હોય, ત્યાં તેનાં મર્યાદિત સંસાધનોને ભવ્ય દેશભક્તિનાં પ્રદર્શનોમાં હોમી દેવાં તે ડહાપણનું કામ કહેવાશે ?

ભારતીય દેશભક્ત : પણ લોકોને પ્રેરણાની જરૂર છે! જો તેઓને તેમના રાષ્ટ્રમાં વિશ્વાસ હશે તો તેઓ રાષ્ટ્રની પ્રગતિ માટે વધુ મહેનત કરશે!

સોક્રેટિસ : તો, તમે એમ કહેવા માંગો છો કે ફક્ત રાષ્ટ્રભક્તિ જ સમૃદ્ધિ તરફ દોરી જાય છે? જો કોઈ ખેડૂત ઇન્દ્ર દેવને વરસાદ માટે પ્રાર્થના કરે પણ એક પણ બીજ વાવવાની તસ્દી ન લે તો શું તેને પાક મળશે?

ભારતીય દેશભક્ત : ના, તેણે મહેનત તો કરવી જ જોઈએ. બી વાવવાં જોઈએ અને ખાતર-પાણી પણ આપવાં જોઈએ.

સોક્રેટિસ : તો રાષ્ટ્રે પણ શાણપણથી શાસનનું વાસ્તવિક કાર્ય કરવું ન જોઈએ? શું કોઈ રાષ્ટ્રે પોતાના દેશવાસીઓ માટે સૌથી પહેલાં પોષક ખોરાક, સ્વચ્છ પાણી, ઉત્તમ શિક્ષણ અને શ્રેષ્ઠ આરોગ્ય સુરક્ષિત કર્યા પછી જ રાષ્ટ્રીય ગૌરવ બતાવતા આવા તમાશાઓ પર ખર્ચ ન કરવો જોઈએ?

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

ભારતીય દેશભક્ત : (અનિચ્છાએ) કદાચ તમારી વાત વાજબી છે. પરંતુ રાષ્ટ્રીય ગૌરવની પણ પોતાની ભૂમિકા છે! જો કોઈ રાષ્ટ્ર પોતાની તાકાત ન બતાવે તો તેને નબળું ગણવામાં આવશે.

સોક્રેટિસ : તો પછી, શું કોઈ દેશભક્તે જ્યારે પોતાના દેશમાં કશુંક ખરાબ થતું હોય તો ચૂપ રહેવાને બદલે પોતાના દેશની ભૂલો સુધારવી જોઈએ નહીં?

ભારતીય દેશભક્ત : પણ સોક્રેટિસ, અસંમતિ દેશને નબળો પાડે છે. તે આંતરિક વિભાજન પેદા કરે છે, અને કેટલાક લોકો ટીકા કરવાના અધિકારનો ઉપયોગ કરીને ભારતને અંદરથી નબળો પાડે છે!

સોક્રેટિસ : મને કહો, શું કોઈ ચિકિત્સક કોઈ માણસને તેના રોગનું નિદાન કરે છે અને ઈલાજ સૂચવે છે ત્યારે તેને નબળો પાડે છે?

ભારતીય દેશભક્ત : ના, તે તેને નીરોગી બનાવવા ચાહે છે.

સોક્રેટિસ : તો પછી, શું કોઈ સાચો દેશભક્ત તેના રાષ્ટ્રની ખામીઓ બતાવે છે ત્યારે તેનો ઈરાદો તે ખામીઓનો ઈલાજ કરીને તેના દેશને મજબૂત બનાવવાનો હોતો નથી?

ભારતીય દેશભક્ત : પણ કેટલાક ટીકાકારો દેશદ્રોહી હોય છે; તેઓ દેશને પ્રેમ કરતા નથી.

સોક્રેટિસ : અને તમે દેશદ્રોહી અને સાચા દેશભક્ત વચ્ચે કેવી રીતે તફાવત કરશો? શું તેમની ટીકા દ્વારા કે તેમના ઇરાદા દ્વારા?

ભારતીય દેશભક્ત : અલબત્ત, તેમના ઇરાદા દ્વારા. જો કોઈ રાષ્ટ્રને સુધારવા માટે ટીકા કરે તો તે સ્વીકાર્ય છે. જો કોઈ તેને નુકસાન પહોંચાડવા માટે આવું કરે છે, તો તે દેશદ્રોહ છે.

સોક્રેટિસ : પણ, મારા મિત્ર, તમે બીજાના ઇરાદાને કેવી રીતે ઓળખી શકો?

ભારતીય દેશભક્ત : એ મુશ્કેલ છે.

સોક્રેટિસ : તો પછી, શું દેશભક્તિનો ઉપયોગ કરીને ટીકાકારો ઉપર દેશદ્રોહીનું લેબલ લગાવી દેવાથી શું રાષ્ટ્રને મજબૂત બનાવતી ચર્ચાઓ અવરોધાતી નથી?

ભારતીય દેશભક્ત : જો કોઈ વગર કારણે ટીકા કરે તો તે રાષ્ટ્રીય એકતાને નબળી પાડે છે અને રાજ્યના દુશ્મનોને મદદ કરે છે. સાચા દેશભક્તો તો કોઈ પણ પરિસ્થિતિમાં તેમના રાષ્ટ્રની પડખે ઊભા રહે છે.

સોક્રેટિસ : પરંતુ શું ડોક્ટર ક્યારેક તેના દરદીને સ્વસ્થ કરવા માટે તે દરદીના આહાર-વિહારની ટીકા કરે ત્યારે તમે એમ કહેશો કે ડોક્ટર દરદીનો દુશ્મન છે?

ભારતીય દેશભક્ત : ના, પણ એ અલગ વાત છે. ડોક્ટર જ્ઞાની હોય છે. જ્યારે ઘણી વાર ટીકાકારો પોતાના ફાયદા માટે અથવા રાષ્ટ્રને નુકસાન કરવા વાસ્તે ટીકા કરતા હોય છે.

સોક્રેટિસ : પણ, આપણે વાજબી ટીકા અને હાનિકારક અસંમતિ વચ્ચે કેવી રીતે તફાવત કરી શકીએ? શું આપણે તાર્કિક અને ખુલ્લી ચર્ચા દ્વારા તે નક્કી કરવું જોઈએ કે પછી આપણે બધા વિરોધી અવાજોને દબાવી દેવા જોઈએ?

ભારતીય દેશભક્ત : ચર્ચા સારી છે, પરંતુ તે મર્યાદામાં હોવી જોઈએ. વધુ પડતા પ્રશ્નો લોકોના સંકલ્પને નબળા પાડે છે અને અરાજકતા પેદા કરે છે.

સોક્રેટિસ : પણ મને કહો, મારા મિત્ર, શું પ્રશ્ન કરીને આપણે સત્યને અસત્યથી અલગ નથી કરી શકતા? જો દેશભક્તિનો અર્થ રાષ્ટ્રની સાથે ઊભા રહેવાનો થાય છે, તો શું તેનો અર્થ એ પણ નથી કે રાષ્ટ્ર જે ન્યાયી અને સમજદારી ભર્યાં કામો હોય તે કરે તેની ખાતરી કરવી?

ભારતીય દેશભક્ત : કદાચ. પરંતુ વધુ પડતા પ્રશ્નો સત્તાને નબળી પાડે છે. એક મજબૂત રાષ્ટ્રને એકતાની જરૂર છે, અનંત ચર્ચાની નહીં.

સોક્રેટિસ : અને છતાં, શું એ સાચું નથી કે ઇતિહાસમાં એવાં અનેક ઉદાહરણો જોવા મળે છે જ્યાં નિર્વિવાદ દેશભક્તિ દુ:ખદ સાબિત થઈ હોય? શું કેટલાક રાષ્ટ્રોએ, તેમના અતિશય ઉત્સાહમાં, લઘુમતીઓ પર દમન કરીને અને સત્યને સેન્સર કરીને બિનજરૂરી યુદ્ધો કર્યાં નથી? શું હિટલરના જર્મનીમાં આવું નહોતું બન્યું?

ભારતીય દેશભક્ત : એ દેશભક્તિનો દુર્ભાગ્યપૂર્ણ દુરુપયોગ છે. સાચી દેશભક્તિ દેશના ઉદ્ધાર માટે છે, જુલમ માટે નહીં.

સોક્રેટિસ : તો શું આપણે આવા દુરુપયોગથી બચવું જોઈએ નહીં? જો દેશભક્તિ દેશના ઉદ્ધાર માટે હોય તો શું આપણે એવા લોકોને પડકારવા ન જોઈએ જેઓ રાષ્ટ્ર ભક્તિનો ઉપયોગ પોતાને અણગમતા કે વિરોધી અવાજોને ચૂપ કરવા માટે અને યેન કેન પ્રકારેણ પોતાની સત્તા જાળવી રાખવા માટે કરતા હોય?

ભારતીય દેશભક્ત : પરંતુ દરેક વસ્તુ પર પ્રશ્ન ઉઠાવવાથી શંકા પેદા થાય છે. રાષ્ટ્રને તેની મહાનતામાં વિશ્વાસ હોવો જોઈએ!

સોક્રેટિસ : અને શું વિચાર અને વિવેક વિનાની શ્રદ્ધા સાચી શ્રદ્ધા છે? જો દેશભક્તિનો હેતુ રાષ્ટ્રને મહાન બનાવવાનો હોય તો શું આપણે પહેલાં એ નક્કી ન કરવું જોઈએ કે રાષ્ટ્રને ખરેખર મહાન શું બનાવે છે? શું તે નિર્વિવાદ વફાદારીથી મહાન બને છે કે રાષ્ટ્રના ભાવિ વિષે જવાબદાર અને પડકાર જનક નિર્ણયો લેવાની હિંમત દાખવીને?

ભારતીય દેશભક્ત : (થોભીને) તમે સારી દલીલ કરો છો, સોક્રેટિસ. કદાચ આંધળી દેશભક્તિ ખતરનાક હોઈ શકે છે. પરંતુ એક વાત તો ચોક્કસ છે કે કોઈ પણ રાષ્ટ્રે તેના બાળકોને પોતાના દેશ માટે ગર્વ કરવાનું શીખવવું જોઈએ.

સોક્રેટિસ : ચોક્કસ. પરંતુ શું ગૌરવ સત્યના ભોગે આવવું જોઈએ? જો કોઈ રાષ્ટ્ર ફક્ત તેની ગૌરવ ગાથાઓ જ શીખવે અને તેની નિષ્ફળતાઓ પ્રતિ આંખ મીંચામણાં કરે તો શું તે ખરેખર તેનાં બાળકોને શિક્ષિત કરે છે, કે છેતરપિંડી કરે છે?

ભારતીય દેશભક્ત : ચૂપ થઈ જાય છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સોક્રેટિસ : તો ચાલો આપણે તમારા મહાન રાષ્ટ્રનો વિચાર કરીએ. જો તેના લાખો લોકો ગરીબીથી પીડાય છે, જો બાળકોને યોગ્ય શિક્ષણનો અભાવ હોય, જો હોસ્પિટલો ઓછી હોય અને અપૂરતી હોય, તો નેતાઓએ શું કરવું જોઈએ - ભવ્ય પ્રતિમાઓ બનાવવી જોઈએ અને મહા કુંભોનું આયોજન કરવું જોઈએ કે શિક્ષણ અને આરોગ્ય સંભાળમાં રોકાણ કરવું જોઈએ?

ભારતીય દેશભક્ત : (થોથવાતાં) પરંતુ... પ્રતિમાઓ અને ઉત્સવો અમારું ગૌરવ વધારે છે! તે અમારી શક્તિ અને એકતાનાં પ્રતીકો છે!

સોક્રેટિસ : અને ભૂખે મરતા બાળકને આવા ઠાલા ગર્વનો શું ઉપયોગ છે? શું મૂર્તિના પથ્થર સામે જોવાથી તેની ભૂખ મટે છે? શું કેન્સરથી પીડાતો માણસ મહા કુંભમાં સ્નાન કરીને સાજો થઈ જશે?

ભારતીય દેશભક્ત : (ભવાં ચડાવીને) પરંતુ ગર્વ વિનાનું રાષ્ટ્ર નબળું છે!

સોક્રેટિસ : મને કહો, શું કોઈ શાણો માણસ માત્ર બડાઈ હાંકીને તેના શાણપણને સાબિત કરે કે તેનાં કાર્યો દ્વારા તેનું પ્રદર્શન કરીને?

ભારતીય દેશભક્ત : તેનાં કાર્યો દ્વારા, અલબત્ત.

સોક્રેટિસ : તો શું તે રાષ્ટ્રને પણ લાગુ પડતું નથી? જો ભારત ખરેખર મજબૂત બનવા માંગે છે, તો શું તેણે નિર્જીવ પથ્થરનાં સ્મારકો અને નદીઓમાં સ્નાન કરવા જેવા ઉત્સવોને બદલે તેના લોકોના માનસિક અને શારીરિક વિકાસમાં રોકાણ ન કરવું જોઈએ? વિજ્ઞાન, ઉચ્ચ શિક્ષણની વિશ્વ કક્ષાની ઉત્તમોત્તમ સંસ્થાઓ, અને સંપૂર્ણ સગવડો તથા સુવિધાઓ વાળી હોસ્પિટલોને મહત્વ ન આપવું જોઈએ?

ભારતીય દેશભક્ત : (ઉશ્કેરાઈને) પણ આવી ભવ્યાતિભવ્ય મૂર્તિઓ બનાવવા જેવા પ્રોજેક્ટસ લોકોને પ્રેરણા આપે છે! તેઓ દેશને એક કરે છે!

સોક્રેટિસ : હું તેનો ઇનકાર કરતો નથી. પણ ચાલો આપણે શાંતિથી વિચારી એ. શું એક મજબૂત ભારત એવું હશે જેની ભવ્ય પ્રતિમાઓ માટે પ્રશંસા થતી હોય કે જે તેના લોકોની સુખાકારી, શાણપણ અને શક્તિ માટે આદરણીય બન્યું હશે? ધારો કે કોઈ માણસ, પોતાના ખખડધજ ઘરને સુધારવાને બદલે, પોતાના પૂર્વજોના સન્માનમાં તેના ઘરમાં તેમના મોટા મોટા ફોટા લગાવવામાં જ પોતાનો બધો સમય અને શક્તિ ખર્ચે છે. શું આનાથી તેનું ઘર વધુ રહેવા યોગ્ય બનશે?

ભારતીય દેશભક્ત : ના, પણ...

સોક્રેટિસ : અને ધારો કે કોઈ રાષ્ટ્ર, તેના રસ્તાઓ, તેની શાળાઓ, તેની હોસ્પિટલોને સુધારવાને બદલે, શહેરો અને રસ્તાઓનાં નામ બદલવામાં પોતાની શક્તિનો ખર્ચ કરે છે. શું તે તેને મજબૂત બનાવશે?

ભારતીય દેશભક્ત : (થોભો) કદાચ નહીં, પરંતુ આવી પ્રક્રિયાઓ આપણી ઓળખને ઘડે છે.

સોક્રેટિસ : શું ઓળખ ફક્ત નામો બદલવાથી જ બદલાય છે, કે લોકોના જીવનને વધુ ગૌરવ પૂર્ણ બનાવે તેવાં શિક્ષણ, સ્વાસ્થ્ય, અને સુરક્ષામાં સુધારો કરવાથી ?

ભારતીય દેશભક્ત : (કંટાળીને) તમે કેમ સમજતા નથી સોક્રેટિસ! એક રાષ્ટ્રે બંને કરવું જોઈએ - તેના ભૂતકાળનું સન્માન કરવું અને તેનું ભવિષ્ય બનાવવું.

સોક્રેટિસ : હું સમજી શકું છું. પણ મને કહો, જો કોઈ પ્રવાસી કોઈ મોટા શહેર સુધી પહોંચવા માંગે છે, તો શું તેણે એવો રસ્તો પસંદ કરવો જોઈએ જે તેને ત્યાં સીધો લઈ જાય કે પછી એવો રસ્તો પસંદ કરવો જોઈએ જે આડો અવળો ફંટાતો હોય અને પ્રવાસીને ગોળ ગોળ ફેરવતો હોય?

ભારતીય દેશભક્ત : સીધો રસ્તો, અલબત્ત.

સોક્રેટિસ : તો પછી શું કોઈ રાષ્ટ્રે પ્રતીકાત્મક ફેરફારોને બદલે વાસ્તવિક સુધારાઓ પર ધ્યાન કેન્દ્રિત કરીને - મજબૂતાઈનો સૌથી સીધો રસ્તો ન લેવો જોઈએ?

ભારતીય દેશભક્ત : (એક ક્ષણ માટે મૌન) પણ લોકોને પ્રતીકોની જરૂર છે! તેમને ગૌરવ પ્રાપ્ત કરવા માટે આવું કંઈક જોઈએ છે.

સોક્રેટિસ : ખરેખર. પણ મને કહો, શું માત્ર પ્રતીકો જ ભૂખ્યા લોકોને પોષણ આપે છે, બીમારોને સાજા કરે છે, યુવાનોને શિક્ષિત કરે છે કે તેમની રોજગારી વધારે છે?

ભારતીય દેશભક્ત : ના, પણ તેઓ લોકોને રાષ્ટ્ર માટે કામ કરવા માટે પ્રેરણા આપે છે!

સોક્રેટિસ : પણ માત્ર પ્રેરણાને બદલે, જો લોકોને ઉત્તમ જીવન જીવવા માટે વાસ્તવિક તકો, તેમની બુદ્ધિમત્તા અને આત્મ ગૌરવને પોષે તેવું શિક્ષણ, અને તેમને સશક્ત બનાવે તેવું આરોગ્ય મળે તો શું તે મોટી સેવા નહીં હોય? મને કહો, મારા મિત્ર, શું માત્ર પ્રતિમાઓ બનાવવી, પ્રાચીન પરંપરાઓ પર આધારિત મેળાવડાઓનું આયોજન કરવું, રસ્તા અને શહેરોનાં નામ બદલવામાં વધુ દેશભક્તિ છે કે લાખો લોકોના જીવનને વધુ સારું અને ગૌરવ પૂર્ણ બને તે માટે બદલવામાં?

ભારતીય દેશભક્ત : ના, કોઈ પણ રાષ્ટ્ર માટે શિક્ષણ અને આરોગ્ય બંને મહત્વપૂર્ણ છે! પરંતુ અમારી પરંપરાઓ પણ પવિત્ર છે!

સોક્રેટિસ : અને શું પરંપરાઓ માટે શાણપણનો ભોગ આપવો જોઈએ? જો કોઈના ઘરમાં આગ લાગી હોય તો તેણે આગ બુઝાવવા માટે પ્રાર્થના કરવી જોઈ કે પાણી લાવવું જોઈએ?

ભારતીય દેશભક્ત ચૂપ થઈને વિચારે છે.

(સમાપ્ત)

- પ્રવીણ જ. પટેલ

૦૦૧, પવનવીર, પ્રતાપગંજ,વડોદરા-૨
મોબાઇલઃ ૯૮૭૯૭૬૩૦૮૩,
ઈમેલ : pravin1943@gmail.com

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

સૂફી કથાઓ

મકરન્દભાઈ દવેએ 'વિશ્વચેતનાના વણજારા' નામક પુસ્તકમાં ખૂબ સુંદર વાત વહેતી કરી છે.

''બ્રહ્માંડ ચેતના સાથે આપણી જાતને કેવી રીતે સાંકળી શકાય એનું જ્ઞાન અને કાર્યરીતિ બેઉ મોજૂદ છે. આ માનવા કે ન માનવાનો વિષય જ નથી. માત્ર શીખવાની જ વાત છે. અખૂટ એવી વૈશ્વિક શક્તિના ભંડાર વિશે વધારે ને વધારે સભાન બનતા જવાથી, સજાગ બનતા જવાથી બ્રહ્માંડ ચેતના સાથેના સંપર્કની શક્યતા ખૂલતી જાય છે. અમુક અમુક માનવસમાજોએ આ પ્રકારની કાર્યરીતિઓ શોધીને વિકસાવી છે.''

કબીર એડમંડ હેલ્મિન્સીએ 'લિવિંગ પ્રેઝન્સ'માં નોંધ્યું છે કે ''એની સક્ષમ કાર્યરીતિ રોજિંદા વહેવારુ જીવન સાથે પૂરો તાલ મિલાવતી ગોઠવાઈ છે. જે લોકો આ સૂફી પ્રથામાં ઊછરે છે તેઓ મનુષ્યજીવનના કોઈ પણ પાસાનો ભોગ આપ્યા વિના આસાનીથી આત્મિક ઉન્નતિ સાધી શકે છે. સમાજના સભ્ય તરીકે જુઓ કે કુટુંબની વ્યક્તિ તરીકે જુઓ કે પછી તેમના દામ્પત્યને જુઓ, તેઓ દુન્યવી તોલે જોખાતાં બરાબર ખરા ઊતરે છે.'' આવી સૂફી સંતોની કથાઓ લઈને આપણી સમક્ષ આવ્યા છે સતીષચંદ્ર વ્યાસ. ચાલો, આપણે માણીએ.

ભારત એ કથાઓનો દેશ છે, તેનાં આર્ષ સત્ય ફક્ત મંત્ર, ઋચા કે શ્લોકમાં નહીં પરંતુ કથાનકોમાં પડેલાં છે. દરેક પ્રદેશના લોકોએ અન્ય પ્રદેશની કથાને જાણી અને તેને પોતાના નિજી પરિવેશમાં ઢાળી પોતીકી બનાવી છે. જેમ કે, યુરોપની 'ઈસપની કથા'. જેમાં રાજનીતિ, સદાચાર, પશુ-પંખી, માનવરૂપ ધરી સુંદર સુવાક્ય બોલી ઉપદેશ - બોધની વાતો કરે છે.

સૂફીની વાતોની કથાઓ કોઈ એક બદ્ધ પદ્ધતિ કે રૂઢિ પર આધારિત નથી. સૂફીમાં કોઈ એક ધારા કે વર્ગ વિશેષનું મહત્ત્વ નથી, પરંતુ સર્વસામાન્ય, સાર્વભૌમ, લોકકથા કે પુરાકલ્પન સાથેના અનુસંધાન ધરાવતું માનવ ધરમનું પ્રેરક પરિબળ અગ્રસ્થાને છે.

આ કથાઓ કહેનારા સૂફીઓ છે. તે અંગે શીલચન્દ્રવિજયજીએ પ્રસ્તાવનામાં જણાવ્યું છે કે ''સૂફીમત એટલે દિલની સફાઈ અને સચ્ચાઈનો મત.'' આ જૈનમુનિ એ પણ લખે છે કે, ''સૂફી સાધકોને કોરા મુસ્લિમપંથી માનીને તેઓ પણ હિંદુવિરોધી હોય એવી ધારણા જો કોઈ બાંધી બેસતું હોય તો તેણે તેવી ઉતાવળ ન કરવી જોઈએ. સાચો સૂફી આત્મસ્થ હોય છે, તેથી તે ઈશ્વરપરસ્ત હોય, અને તે કારણે તે કોઈનોય વિરોધ કે નિષેધ કરવાવાળો ન હોય. તે તો સર્વત્ર ઈશ્વરની ખોજ કરનારો અને ઈશ્વરને અનુભવનારો હોય.''

આ પુસ્તકની વાતો, એ જીવનને મોટીવેટ કરવા માટેની વ્યવહારુ શાણી શીખામણની કથાઓ કે વાતો નથી. આ કોઈ ઉપદેશાત્મક વાર્તાઓ પણ નથી. આ કથાઓમાં હિંદુ અને મુસ્લિમ બંને સંસ્કૃતિઓનું વણબોલ્યું તત્ત્વજ્ઞાન છલકાય છે. આ તત્ત્વજ્ઞાનની વાતો, તે બંને સંસ્કૃતિઓનાં બાહ્ય, કઠણ અને ન ગમતાં કોચલાંઓને ભેદીને તેના ભીતરી મધમીઠા ગર્ભનો સ્વાદ આપણને ચખાડનારી વાતો છે. આ આખી યે પ્રસ્તાવના વાંચવા જેવી છે. સૂફી - સૂફીઓ - સૂફીમત, તેનો ઇતિહાસ વગેરે અંગે પરિશિષ્ટો પણ આપ્યાં છે, જે આપણને એક સાચી સમજણ પ્રદાન કરે છે.

આ સૂફીકથાઓમાં કુલ ૩૨ કથાઓ છે. તેમાંની કેટલીક કથાઓ અંગે ઉલ્લેખ કરવાનું મન ચોક્કસ થાય જ. 'ચકમક પથ્થર' નામની કથામાં સૂફી ગુરુ શિષ્યને આગ સળગાવવા માટે ચકમક પથ્થર લઈ આવવાનું જણાવે છે. એ પથ્થર સૂફીઓના મેળામાં કોઈ એક સૂફી પાસે છે. ગુરુ કેટલાંક સૂચનો પણ કરે છે. અને કહે છે, તે ગુલાબનું ઈત્ર લગાડે છે એટલી ખબર છે. સૂફીઓ ત્યાં નૃત્ય કરતા હશે. દરેક પાસે જઈ, સૂંઘી, નૃત્ય બંધ થાય ત્યારે તેની પાસેથી માંગી લેજે. શિષ્ય મેળાવડામાં પહોંચ્યો. તેઓ દરેક ગોળાકારમાં નૃત્ય કરતાં કંઈક બોલતા હતા. પહેલા સૂફી પાસે ગયો તે બોલતો હતો કુરાનની આયાત - ''પ્રભુ છે.'' ત્યાં સુગંધ નહોતી. બીજા પાસે ગયો. ''હું તારા દેહમાં વસવાટ કરું છું.'' ત્યાં પણ ગુલાબની સુગંધ નહોતી. ત્રીજા સૂફીની આયાત હતી - ''તે તારી સાથે છે, અલગ નથી.'' ચોથા સૂફીની આયાત હતી, ''તું તારા આત્મારૂપ પુસ્તકને વાંચ''. આગળ વધ્યો. સંભળાયું, ''હું તારી પાસે છું.'' થોડાંક ડગલાં ચાલ્યો અને સંભળાયું, ''પોતાને નગણ્ય ગણવો.'' શિષ્યને ધીમે ધીમે ગુલાબની સુગંધ શોધવાને બદલે સાંભળવામાં રસ પડ્યો.

શબ્દો સંભળાયા, ''જે પંડને જાણે તે પ્રભુને જાણે.'' છેલ્લે જતાં જતાં પાતળા દેહધારી, સાફો પહેરેલ સૂફીના શબ્દો કાને પડ્યા, ''તારે માટે પર્યાપ્ત છે.'' શિષ્ય હવે સમૂહને છેડે નીકળી ગયો. ગુલાબની સુગંધવાળો સૂફી, જેની પાસેથી આગ જલાવવા ચકમક પથ્થર લેવોનો હતો તે જ બાકી રહ્યો. પણ તે જ વખતે જેમણે મોકલેલો તે સૂફી મળ્યા, ચોતરફથી ગુલાબની સુગંધ આવતી હતી. ગુરુએ કહ્યું, ''જોયું ને, દરેક સૂફી પોતાનું રટણ લઈને બેઠા છે. પોતાની જ ધરી પર ફરે છે. ઊલટસૂલટ લાગતી વાતોમાં પણ એકત્ત્વ હોય. આપણી લગન સાચી હોય તો આપણું સત્ય, આપણો જપ, આપણી ધરી કોઈ તોડીમરોડી ન શકે ! એ જ તો છે આપણી સાધના !'' પેલા શિષ્યે કહ્યું, ''આતશ પથ્થરની શોધના બહાને આપે મને સૂફી ચોલો પહેરાવ્યો, ખુશ્બૂ લેવી, સૌનો અંતર્નાદ સાંભળવો, અનેક અવાજોની વચ્ચે પોતાનો જ મંત્ર અડગ રીતે રટવો. કેટલું બધું શીખવ્યું!'' કેળવણી આપવાની સૂફીઓની આ રીત હતી.

મકરન્દભાઈ 'વિશ્વચેતનાના વણજારા' પુસ્તકમાં આ નૃત્ય વિશે લખે છે, એ સમજવા જેવું છે. સૂફી કથાઓ પુસ્તકમાં આ નથી પણ જે રીતે એ જણાવ્યું છે એથી એ નોંધનો ઉલ્લેખ કરવાનું મન અમે રોકી શકતાં નથી. ''આપણે તાત્વિક રૂપે જોઈશું તો જણાશે કે કૃષ્ણ-ગોપીઓનો રાસ અને સૂફીઓનું નૃત્ય જુદાં નથી. રાસમંડળમાં કૃષ્ણ મધ્યમાં છે અને ગોપીઓ વર્તુળાકારે

(જુઓ પાન નં. ૧૪)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમારાં કાલિન્દીતાઈ



તારીખ ૭મી એપ્રિલ ૨૦૨૫ના રોજ રાત્રે ૧૦.૩૦ વાગ્યે, કાલિન્દીતાઈનો આત્મા તેમના દેહના અંચળાને છોડીને અનંતમાં વિલીન થયો. ૧૯૬૦ની સાલમાં ૧૨મી નવેમ્બરે તેઓ બાબા પાસે આવ્યાં હતાં. એક વાર આવ્યા પછી પાછું વળીને તેમણે કદી જોયું જ નહીં. ૬૫-૬૬ વર્ષનો લાંબો સમય, એકનિષ્ઠ ભાવથી બાબાના વિચાર તેમજ કાર્યને સમર્પિત રહ્યાં.

કાલિન્દીતાઈનો જન્મ ૧૯૩૧માં ઇંદોરના ભદ્ર કુટુંબમાં થયો હતો. એ દિવસોમાં સ્વાતંત્ર્યની લડતના અવાજથી દેશનું વાતાવરણ અભિભૂત હતું. તેમના પિતા, વિનાયક સરવટેજીનું રાષ્ટ્રીય જીવનમાં સન્માનનીય સ્થાન હતું. તેઓ પ્રથમ રાજ્યસભાના સભ્ય હતા. સંવિધાન-સમિતિની સાથે પણ જોડાયેલા હતા. ઇંદોર શહેરના સામાજિક, શૈક્ષણિક, સાહિત્યિક ક્ષેત્રમાં તેમની ઉલ્લેખનીય પ્રતિષ્ઠા હતી. તેમના મૃત્યુ પછી, તેમના નામથી ઇંદોર શહેરમાં સરવટે નગર, સરવટે માર્ગ, સરવટે બસ સ્ટેન્ડ એવાં નામકરણ થયાં. વિનોબાજીના શબ્દોમાં તેઓ ઇંદોરની સૌથી મોટી શક્તિ હતા. ભારત સરકારે તેમને પદ્મભૂષણ પદવીથી સન્માનિત પણ કર્યા હતા.

૨૭-૨૮ લોકોનું તેમનું મોટું સંયુક્ત કુટુંબ હતું. કુટુંબમાં અનુશાસન જરૂરી મનાતું, તેમના પિતા સ્ત્રી-પુરુષ સમાનતાના પણ પુરસ્કર્તા હતા. તેથી ઘરનાં કામોમાં ભાઈઓ-બહેનો બધાંએ ભાગ લેવાનો રહેતો. તેઓ પોતાના સમયના પ્રખ્યાત વકીલ હતા. કાલિન્દીતાઈનાં મા સરસ્વતીમાઈ પણ ખૂબ જ પરોપકારી વ્યક્તિ હતાં. બૃહદ પરિવારના બધા સભ્યોનું માતૃવત્ વાત્સલ્યથી પાલન-પોષણ કર્યું, સ્નેહ આપ્યો. કાલિન્દીતાઈ તેમનું સૌથી નાનું અને સાતમું સંતાન. માતા-પિતાએ પોતાના જીવન દ્વારા જે સંસ્કાર-સિંચન કર્યું તેની ખાસ્સી અસર બધાં બાળકો પર થઈ. બધાં

ભાઈ-બહેન પોત-પોતાના ક્ષેત્રમાં નિસ્વાર્થ ભાવે સેવા કરતાં રહ્યાં. મોટી દીકરી શાલિનીતાઈ સાથે પિતાએ મહિલા ઉત્થાન તેમજ બાળસેવાનું કામ શરૂ કર્યું. દીકરીએ પૂરા દિલોજાનથી આ કામ એટલું વધાર્યું કે તે ઇંદોર શહેરની શાન સમું બની રહ્યું. આ કામ માટે શાલિનીતાઈને પદ્મશ્રીના પુરસ્કારથી પણ નવાજવામાં આવ્યાં.

માનવીના ચરિત્રનિર્માણમાં ગીતા જેવા ધર્મગ્રંથ તેમજ સંતોના સાહિત્યનું મહત્ત્વનું યોગદાન હોય છે. કાલિન્દીતાઈને બાળપણથી જ પોતાના કુટુંબમાં આ લાભ મળ્યો. બ્રાહ્મમુહૂર્તમાં ઊઠીને કાકા તેમને તથા તેમના જેટલી જ ઉંમરના પિત્રાઈભાઈને ગીતાનો પાઠ કરાવતા. એક વખત ક્યાંક ગીતાપાઠની હરીફાઈનું આયોજન થયું હતું. બાળકો ખુશ હતાં. અમને તો ગીતા સારી રીતે આવડે છે એટલે ઈનામ મળી શકે. કાકા પાસે ગયા, અમને હરીફાઈ માટે તૈયારી કરાવો. કાકાનો સ્પષ્ટ જવાબ - ગીતા ઈનામ માટે નથી વાંચવાની હોતી. ક્યારેક મોટાભાઈ સાથે અંતાક્ષરી રમતા. કાલિન્દીતાઈ કહેતાં, અમારી આ રમતમાં સંસ્કૃતના શ્લોક અને ભજનોના સૂર રેલાતા રહેતા.

ઘરમાં પિતા પોતાનાં અનેક કામોને લીધે અત્યંત વ્યસ્ત રહેતા. પરંતુ એ વ્યસ્તતાની વચ્ચે પણ દરેક એકાદશીએ પોતાના મિત્રો સાથે આખી ગીતાનું પારાયણ કરતા. સહુ મિત્રો સાથે બેસતા, કોઈના હાથમાં ચોપડી ન હોય, બધાને આખી ગીતા મોઢે રહેતી. તે દિવસે ગીતાના સામૂહિક પારાયણના સૂર આખા ઘરમાં પ્રસરતા. બાળકો પ્રભાવિત થતાં અને પૂછતાં, શા માટે આ પારાયણ કરાય છે ? જવાબ-ગીતાના પારાયણથી બળ મળે છે. કયું બળ ? નૈતિક બળ, સત્યબળ તેમજ આત્મબળ. આવા સેવાભાવી, સ્વાધ્યાયપ્રેમી, ખાનદાની કુટુંબમાં કાલિન્દીતાઈનો ઉછેર થયો હતો. આમ સેવાભાવ, સત્સંગ અને ખાનદાનીના ઉન્નત સંસ્કાર લઈને તેમણે સમાજ-જીવનમાં પ્રવેશ કર્યો.

તે વખતનું કાલિન્દીતાઈનું મનોમંથન તેમના જ શબ્દોમાં : ''માસ્ટર ઑફ સોશ્યલ વર્કની અનુસ્નાતકની ડિગ્રી મેળવ્યા બાદ મેં નોકરી કરવાનું શરૂ કર્યું હતું. નોકરી તો સમય પસાર કરવા માટે લીધી હતી. પરંતુ તેમાં મન લાગતું ન હતું. મન તો કોઈ બીજી દુનિયામાં વિચરી રહ્યું હતું. દેશપ્રેમ, સમાજસેવાના સંસ્કાર ચિત્તમાં આવ્યા કરતા હતા. સમાજ-સેવાનાં વિવિધ કામો વિષે વિચાર્યું, પરંતુ દરેક જગ્યાએ કંઈ ને કંઈ મર્યાદાઓ દેખાતી હતી. તેથી તેના માટે આકર્ષણ થતું ન હતું. મનમાં ઘણા પ્રશ્નો ઊભા થતા હતા, પરંતુ એક પણ પ્રશ્નનો જવાબ સરખી રીતે મળતો ન હતો. શું કરું ? કયું કામ સ્વીકારું ? અમુક કામ સારું તો લાગે છે, પરંતુ શું મારા જેવા આરામપ્રિય જીવથી તે થઈ શકશે ? એવી જીવનશૈલીમાં મારું મન લાગશે ? મોટા સંયુક્ત પરિવારમાં ઊછરેલી હું તેને શું એકલા-એકલા જીવવું પડશે ? આટલું સાહસ કરી શકીશ ખરી? અનેક પ્રશ્ન, જાણે પ્રશ્નનો પહાડ જ સમજી લો !

''પહાડ બહુ મોટો અને રસ્તો ધૂંધળો. હું જઈ શકીશ ? આવા અનેક પ્રશ્નો મનમાં ઘૂમરાતા હતા. પરંતુ મારે વધારે વિચારવું નહીં પડ્યું. પિતાજીએ અંગુલીનિર્દેશ કરીને સર્વોત્તમ માર્ગ બતાવી દીધો. એ દિવસોમાં ભૂદાન પદયાત્રા દરમ્યાન વિનોબાજીનો ઇંદોરમાં એક મહિનાનો નિવાસ હતો. પિતાજીનો સંદેશો આવ્યો કે 'તું થોડા દિવસ વિનોબાજીની પદયાત્રામાં

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રહે. મેં તેમની સાથે વાત કરી છે અને તેમણે મંજૂરી આપી છે. સત્સંગતિમાં તને પોતાને પારખવાની દૃષ્ટિ મળશે.' મને તેમની વાત ઠીક લાગી. હું મધ્યપ્રદેશમાં રાઉથી ઈંદોર સુધીની ભૂદાન યાત્રામાં વિનોબાજી સાથે રહી. તેમનાં પ્રવચન-ચર્ચાઓ સાંભળ્યાં. તેમની દિનચર્યા નજીકથી જોઈ. સાહિત્ય વાંચ્યું. આ બધી બાબતોની અસર થઈ.'' થોડા સમય પછી બાબાનો પડાવ જબલપુર શહેરમાં હતો. ત્યાં હું બાબા પાસે પહોંચી. પિતાજીએ આપેલો પત્ર બાબાને આપ્યો, જેમાં તેમણે લખ્યું હતું - ''મારી દીકરીને હું તમારી પાસે મોકલી રહ્યો છું. તેની મા નથી. તમે જ એની મા બનજો. મને વિશ્વાસ છે કે તમારી સંગતિમાં તેના ગુણોનો વિકાસ થશે. મારી આંખોને ન દેખાનારા તેના 'અવગુણ' પણ પલટાઈ જશે.''

આ વાત કરતા વિનોબાજીએ કહ્યું, 'આજ સુધી લોકો પોતાના દીકરા-દીકરીઓને મારી પાસે મોકલતા પણ 'મા' બનવાની જવાબદારી કોઈએ મારા પર નાંખી ન હતી. આ પત્ર આવ્યો ત્યારે હું વિચારવા લાગ્યો કે ભૂદાનયજ્ઞની જવાબદારી ઉઠાવવી વધુ સરળ છે. છતાં આખરે હિંમત કરીને મેં એમને લખી જ નાખ્યું કે ''હા, હું મા બનવાની જવાબદારી સ્વીકારું છું. ભગવાન મને તેને માટે શક્તિ આપે.''

અને એ દિવસથી કાલિન્દીતાઈ હંમેશ માટે બાબાને સમર્પિત થઈ ગયાં. વિનોબાજીના બતાવેલ માર્ગ પર ચાલવું - નવો જ જીવનક્રમ શરૂ થયો. ભૂદાન પદયાત્રાના એ દિવસોમાં. વિનોબાજીનાં પ્રવચન, ચર્ચા વગેરેના રિપોર્ટીંગનું કામ કર્યું. બે-ત્રણ વર્ષ બાદ વિનોબાજીને બ્રહ્મવિદ્યા મંદિરથી માસિક પત્રિકા શરૂ કરવાનો વિચાર આવ્યો. ૧૯૫૧થી શરૂ થયેલી તેમની ભૂદાનયાત્રાને ત્યાં સુધી ૧૨ વર્ષ થઈ ગયાં હતાં. બાર વર્ષના એ ગાળામાં તેમનાં પ્રવચન વગેરેના અહેવાલોના કામમાં ચાર બહેનો તૈયાર થઈ ચૂક્યાં હતાં. આ ચાર બહેનો એટલે નિર્મલા દેશપાંડે, કુસુમ દેશપાંડે, મીરા ભટ્ટ અને કાલિંદી સરવટે. આ ચાર નામો સાથે બ્રહ્મવિદ્યામંદિરનાં સુશીલા અગ્રવાલનું નામ જોડીને, પત્રિકા માટે પંચકન્યાનું સંપાદક મંડળ બનાવવામાં આવ્યું. અને ફેબ્રુઆરી ૧૯૬૪માં 'મૈત્રી' પત્રિકાનો પ્રથમ અંક પ્રકાશિત થયો.

પત્રિકાની મુખ્ય જવાબદારી કાલિન્દીતાઈની હતી. તેઓ સાહિત્યમાં રસ ધરાવતાં જ હતાં. તેમને જાણે કે જીવનનું મિશન મળી ગયું. અને મિશનની જેમ જ તેમણે આ કામ ખૂબ સારી રીતે કરી બતાવ્યું. ત્રીસ વર્ષ સુધી મુખ્ય સંપાદિકા તરીકે અત્યંત કુશળતાપૂર્વક આ કામ કર્યા બાદ નવા હાથોમાં આ કામ સોંપીને તેઓ અનાસક્તભાવે તેમાંથી નિવૃત્ત થયાં. આજે પણ કોઈ કહે કે કાલિન્દીતાઈનું વર્ણન એક શબ્દમાં કરો તો કહી શકાય કે, કાલિન્દીતાઈ એટલે 'મૈત્રી'. મૈત્રી પ્રકાશનને શરૂ થવાને આશરે દસ વર્ષ થઈ ગયાં હતાં. ૧૯૭૩ના નવેમ્બર મહિનાની કુસુમતાઈની ડાયરીનું એક પાનું બોલે છે : ૧૧.૧૧.૧૯૭૩, બપોરના ધ્યાન પછી સહુ બાબા પાસે બેઠાં હતાં. થોડી વાર સુધી મૌન છવાઈ રહ્યું. પછી બાબાએ બોલવાનું શરૂ કર્યું - ''બે દિવસથી 'મૈત્રી' વાંચી રહ્યો છું. ખૂબ જ સુંદર અંક નીકળ્યો છે. દર મહિને આટલો સુંદર અંક કાઢવો એ કામ મને તો ખૂબ જ અઘરું લાગે છે. કાલિન્દીને આ કામ મિશન તરીકે આપ્યું છે અને તે પણ મિશન સમજીને જ આ કામ કરે છે. મદદ તો ઘણાની હોય છે, પરંતુ આ કામ મુખ્યરૂપે કાલિન્દીને આપવામાં આવ્યું છે. આના સિવાય અહીં જે કામો છે - સફાઈ, ખેતી, રસોઈ તેમાં પણ સમય આપવાનો એ પ્રયત્ન કરે છે. અને સૌથી મોટી વાત, જે મને નથી સધાઈ તે એને સાધી છે. મેં પણ સાપ્તાહિક ચલાવ્યું છે. ત્યારે બે-ત્રણ દિવસ માટે બરાબર ઊંઘ નહોતી આવતી. કયો શબ્દ ક્યાં મૂકવો, યોગ્ય શબ્દ કયો હોય વગેરે અંગે ખૂબ વિચારતો. પરંતુ, કાલિન્દી આ બધાં કામો કરીને ઉત્તમ નિદ્રા લે છે, તેથી બાબાનો તેને ધન્યવાદ છે.''

હું ૧૯૯૪ની મૈત્રી ફાઈલ જોઈ રહી હતી. તેમાં 'સામૂહિક ચિત્તઃ એક ચિંતન' મથાળા હેઠળનો કાલિન્દીતાઈનો એક સુંદર લેખ પ્રકાશિત થયો છે. એ લેખમાં તેમણે કર્તવ્યભાવના તેમજ કર્તૃત્વ-નિઃશેષતા ઉપર ઉદાહરણ સાથે પોતાનું ચિંતન પ્રગટ કર્યું છે. સામૂહિક ચિત્તની દૃષ્ટિથી ખૂબ જ બોધપ્રદ ચિંતન છે એ. એને આપણે કાલિન્દીતાઈના શબ્દોમાં જ જોઈએ : ''૧૯૬૨માં બાબાની પૂર્વ પાકિસ્તાન (આજનું બાંગ્લદેશ)ની ૧૬ દિવસની યાત્રા થઈ. મેં પૂરા ૧૬ દિવસની વ્યવસ્થિત ડાયરી રાખી, વિચાર્યું હતું કે ભારત જઈને તરત જ આનું પ્રકાશન જરૂરથી થશે. પણ થયું જુદું જ. યાત્રાના છેલ્લા દિવસે સાંજે બાબા સૂવાની તૈયારીમાં હતા. બીજા દિવસે વહેલી સવારે પશ્ચિમ બંગાળમાં પ્રવેશ કરવાનો હતો. એટલામાં જ પૂર્વ બંગાળના ગાંધીજીના સાથી ચારુચંદ્ર ચૌધરી બાબાને પ્રણામ કરવા આવ્યા. તેમણે બાબાને પૂછ્યું કે શું અમે તમારી આ યાત્રાનું એક પુસ્તક પ્રકાશિત કરી શકીએ ? બાબાએ તેમને સંમતિ આપી અને સાથે સાથે મારી ડાયરી પણ તેમને સોંપી દીધી.... અને મારા કર્તૃત્વની ઉડાન પણ ત્યાં જ શાંત થઈ ગઈ.''

''બીજો એવો જ એક પ્રસંગ છે. મારા પિતાના અવસાન બાદ તેમનું જીવનચરિત્ર પ્રકાશિત કરવાનો વિચાર આવ્યો અને એ કામ કરવા માટે મને આગ્રહ કરવામાં આવ્યો. મને પણ લાગ્યું કે પિતાજીની ખાસ સેવા તો હું નથી કરી શકી તો એ ભાવનાથી આ કામ કરીશ. બાબાને પૂછ્યું. બાબાએ કહ્યું, પિતાજીના જીવનચરિત્રનું લેખન તારાં ભાઈ-બહેનોને કરવા દે. તું એમના જીવનનું અનુકરણ કર ! બાળપણથી સાહિત્ય ક્ષેત્રે કંઈક કરી દેખાડવાની જે ભાવના મનમાં હતી અને તેને લીધે વખતોવખત કર્તૃત્વ (કર્તાપણાની ભાવના) જે દેખા દેતું હતું તે બધું આ બે પ્રસંગો પછી શાંત થઈ ગયું. લેખનનું કાર્ય તો હજી પણ ચાલે છે અને આગળ પણ ચાલતું રહેશે પરંતુ તે પ્રાપ્ત-કર્તવ્યના કારણે થશે, કર્તૃત્વની ઇચ્છાથી નહીં.''

કુટુંબમાંથી મળેલી સાદગી, સ્વચ્છતા, વ્યવસ્થિતતાના ગુણ કાલિન્દીતાઈની વિશેષતા ગણાવી શકાય. તેમની સાદગીનું સૌંદર્ય અને વ્યવસ્થિતતાનો વૈભવ લોભામણો હતો. અને તેમાં ભળતી હતી ખાનદાની સુગંધ. આમ તો માનવસહજ દુર્બળતાના થોડા અંશ, દરેક વ્યક્તિમાં ઓછા-વત્તા પ્રમાણમાં હોય જ છે. અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગ દરેકના જીવનમાં આવતા હોય છે. તેની પ્રતિક્રિયા રૂપે ક્યારેક માણસો પોતાનું 'સમત્વ' ખોઈ બેસે છે. આવી 'સમત્વ' ખોવાની પ્રક્રિયા કે પ્રસંગ કાલિન્દીતાઈના જીવનમાં ક્યારેય જોવા જ ન મળી.

કોઈ પણ સામયિક ચલાવવા માટે જે વૈચારિક સ્પષ્ટતા જોઈએ, તે કાલિન્દીતાઈની મૂળભૂત મૂડી હતી. સામયિકની દૃષ્ટિએ તો ખરું જ, પણ બ્રહ્મવિદ્યામંદિરની અંદરની બાબતો હોય કે સામાજિક જીવનના સંદર્ભમાં,

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેમની આ મૂડી ઘણી માર્ગદર્શક નીવડી. વૈચારિક સ્પષ્ટતા ન હોય તો ઘણી વાર ગાડી ખોટા પાટે ચઢી જાય છે. અને પછી વાત બગડતી હોય છે. આશ્રમ જેવા મૂલ્યસંવર્ધન-સંરક્ષણના સ્થાનમાં વૈચારિક સ્પષ્ટતા હોવી તે અત્યંત જરૂરી બાબત છે. આ દૃષ્ટિએ કાલિન્દીતાઈની વૈચારિક સ્પષ્ટતા, બ્રહ્મવિદ્યામંદિરની અમૂલ્ય નિધિ હતી.

કાલિન્દીતાઈએ પોતાના નવા જીવનની શરૂઆત વિનોબા-યાત્રાથી કરી હતી. એ જ ક્રમમાં પછી તેઓ બ્રહ્મવિદ્યામંદિરના સદસ્યા બની ગયાં. બ્રહ્મવિદ્યામંદિરના શરૂઆતના શ્રમનિષ્ઠ તેમજ સાદા જીવનમાં એકરૂપ થવામાં તેમને કોઈ તકલીફ નહીં થઈ. 'મૈત્રી'ની જવાબદારી સંભાળતાં આશ્રમનાં અન્ય કામોમાં પણ તેઓ ખૂબ જ સહજતાથી ભળતાં ગયાં. કોઈ બહેન બીમાર થાય તો તેનાં કપડાં ધોવાનું કામ તેઓ તરત જ પોતાના માથે લઈ લેતાં. તો વળી કોઈ બહેનની માંદગીમાં રાત જાગવાના કામમાં પણ તે આગળ રહેતાં. આમ શારીરિક-બૌદ્ધિક બંને સ્તર પર તેમનું વિશેષ યોગદાન બ્રહ્મવિદ્યામંદિરને સમૃદ્ધ કરતું રહ્યું.

તેમનું જીવન સાદું અને વ્યવસ્થિત હતું. તેનો અર્થ એવો નહીં કે તેઓ શુષ્ક-રુક્ષ હતાં. તેઓ રસિક હતાં. ખાવા-પીવાનાં પણ શોખીન હતાં. ગપ્પાં મારવાથી લઈને ગંભીર વાતો - તેઓ બધામાં એકરસ થઈ જતાં. તેમની બોલવાની, વાત કરવાની રીત આકર્ષક હતી. શિબિર-સંમેલનોમાં લોકો તેમની વાણી સાંભળવા ઉત્સુક રહેતા. તેમની લેખનશૈલી પણ અસરકારક હતી. તેમનો સ્વભાવ સ્વમાની અને થોડો સંકોચશીલ પણ હતો. ચિત્ત સંવેદનશીલ હતું. સાધનાની સાથે સાથે સામાજિક દૃષ્ટિકોણ તરફ એમનું ધ્યાન હંમેશ રહેતું. કામ કરનારા મિત્રોનાં કાર્યોને 'મૈત્રી'માં વાચા આપવા માટે તેઓ હંમેશા પ્રયત્નશીલ રહેતાં. આશ્રમમાં બેઠાં બેઠાં અમારું પણ સામાજિક કાર્યો સાથે અનુસંધાન કેવી રીતે જોડાયેલું રહે, તેનું ચિંતન હંમેશ ચાલતું રહેતું. તે પોતે પણ આશ્રમ બહારનાં કામોમાં ભાગ લેવા જતાં-આવતાં રહેતાં. મુંબઈમાં ચાલેલા ગોહત્યાબંદી સત્યાગ્રહમાં ભાગ લેવા તેઓ ત્યાં પહોંચી જતાં. ચાર યુવાન બહેનોને સાથે લઈને બાબાના જન્મસ્થાન ગાગોદામાં તેમણે એક વર્ષ નિવાસ કર્યો. બહેનોની પદયાત્રાઓનું આયોજન કરવું, કાર્યકર્તામિત્રોને ગીતા પ્રવચનના સ્વાધ્યાય માટે સામૂહિક પ્રેરણા આપવી - એવા એવા ઉપક્રમ તેમના ચાલતા રહેતા.

કાલિન્દીતાઈ અને બ્રહ્મવિદ્યામંદિરનાં રેખાતાઈ બંને શરૂઆતથી જ એક ઓરડામાં રહેતાં. કાલિન્દીતાઈનાં બધાં કામોમાં રેખાતાઈનો સાથ તેમને હંમેશ મળતો. મૈત્રીનું સંપાદનકાર્ય હોય, પુસ્તકોનું સંકલન હોય કે પ્રૂફ રીડીંગ - બધાં કામો માટે રેખા સદા સજ્જ. આ બધું તો ખરું જ પણ કાલિન્દીતાઈની બીમારીમાં રાત-દિવસ જોયા વિના રેખાએ તેમની પૂરેપૂરી સેવા કરી. છેલ્લો દોઢ મહિનો તેઓ માત્ર પાણી પર રહ્યાં. એ ગાળામાં શરીરની પ્રત્યેક હલચલ અને અન્ય બાબતો માટે તેમને રેખા જ જોઈતી. કંઈ કામ ન હોય તોય હાથ પકડીને તે બેસી રહે એવો તેમનો આગ્રહ રહેતો. કાલિન્દીતાઈ રેખા પર પૂરો અધિકાર જમાવતાં અને રેખા પણ કાલિન્દીતાઈ જો જરૂરી વાત સાંભળે નહીં તો ગુસ્સો કરી લેતી. બંને વચ્ચે આવો અન્યોન્ય પ્રેમ અને વિશ્વાસ હતા. રેખાએ પૂરા સમર્પણ અને દિલથી જે કાલિન્દીતાઈની સેવા કરી તે જોઈને સહુનું હૈયું ઠરતું.

કાલિન્દીતાઈને સંધિવા તેમજ કંપવાની તકલીફ લાંબા સમયથી હતી, પરંતુ તેઓ કંઈ ને કંઈ ઉપાય શોધીને પોતાનું કામ કર્યા કરતાં. છેલ્લા દોઢેક વર્ષથી તકલીફો વધી હતી. પોતાના ઓરડામાંથી બહાર નીકળવાનું લગભગ બંધ થઈ ગયું હતું. પરંતુ બુદ્ધિ જાગૃત અને સતેજ હતી. પોતાના ઓરડામાં બેસીને લખવા-વાંચવાની પોતાની પ્રિય પ્રવૃત્તિ તેઓ કરતાં રહેતાં. સંતોનાં ભજન ગણગણતાં રહેતાં. તેમજ પોતે પણ નવી રચના કરતાં. ધીમે ધીમે ખાવા-પીવામાંથી રુચિ જતી રહી અને ૧૬મી ફેબ્રુઆરીથી માત્ર પાણી પર રહેવાની ઇચ્છા પ્રગટ કરી. અને એ નિર્ણય પર મક્કમતાથી અડગ રહ્યાં. પાણી પણ આગ્રહ કરીને પીવડાવવું પડતું. આખરે દોઢ મહિના પછી ૭મી એપ્રિલની રાતે સાડા દસે અંતિમ પ્રયાણ માટે નીકળી પડ્યાં. બીજા દિવસે સવારે ઈશાવાસ્યના મંત્રોની સાથે તેમને અગ્નિદાહ દેવામાં આવ્યો. સ્થૂળ શરીર ઓઝલ થઈ ગયું. તેમનું 'હોવું', 'ન હોવા'માં પરિવર્તિત થઈ ગયું. હવે એ 'ન હોવું' 'હોવા'ની પ્રતીતિ કરાવતું રહે, એ જ પ્રાર્થના સાથે, કાલિન્દીતાઈની સ્મૃતિને અમારી શત શત વંદના !!

('મૈત્રી'માંથી સાભાર) **- ઉષાબહેન વોરા**

મહામૃત્યુમાંથી અમૃત સમીપે... (પાન ૨૨નું ચાલુ)

નામના માણસ પાસેથી મોટો છરો મળ્યો. તેણે કહ્યું, 'ગાંધીજીની હત્યા થશે ત્યારે જ અમને સંતોષ થશે.' પોલીસ અધિકારીએ પૂછ્યું, 'તો પછી તમારા નેતાઓ કામ કેમ કરતા નથી ?' થત્તે તુચ્છકારથી બોલ્યો, 'એ તો ગાંધીજીને વધારે પડતું માન આપ્યું ગણાય. એ કામ તો આ જમાદાર પણ પતાવી શકે.' તેણે જમાદાર તરીકે જે માણસને બતાવ્યો તે નાથુરામ ગોડસે હતો.

૧૯૪૮ની વીસમી જાન્યુઆરીએ પ્રાર્થનાસભામાં બોમ્બ ફૂટ્યો. આંધાધૂંધીનો લાભ લઈ ગાંધીજીને ગોળી મારી દેવાની હતી, પણ એમ થયું નહીં. બોમ્બ ફોડનાર મદનલાલ પાહવાએ ટોળકીના સભ્યોનું વર્ણન આપ્યું, 'તેઓ પાછા આવશે' એમ કહ્યું, કાવતરાખોરોના સગડ મેળવવા એટલા મુશ્કેલ ન હતા, પણ દિલ્હીની પોલીસ, મુંબઈની પોલીસ, સરકારી સલામતી - વ્યવસ્થા, ગાંધીજીના પટ્ટશિષ્યોની બનેલી સરકાર બધાં ઊણાં ઊતર્યાં. ગાંધીજીનું મૃત્યુ તો એવું જ થયું જેવું તેમના જેવા મહાપુરુષોનું થવું ઘટે. પણ દેશની સ્વતંત્રતા અને અખંડતા માટે જીવનભર મથતા રહેલા એ વયોવૃદ્ધ નેતાને આપણે સ્વતંત્રતા મળ્યા પછી થોડા મહિના પણ જીવવા ન દીધા એ શરમ, એ લાંછન કાયમ માટે આપણા કપાળે લખાઈ ચૂક્યું.

'જિગરના ચિરા' ખુદાઈ ખિદમતગારોને અર્પણ થયું છે, કેમ કે આખી ઘટનામાં એમનું બહુ મોટું સ્વાર્પણ છે. આપણે જાણીએ છીએ કે ક્વેટાની હૉસ્પિટલમાં ઝીણાએ સ્વીકાર્યું હતું કે પાર્ટીશન ઑફ ઇન્ડિયા ઇઝ ધ બિગેસ્ટ મિસ્ટેક ઑફ માય લાઈફ ! આપણને ખબર છે કે ગાંધીજીએ માઉન્ટબેટનને ચેતવ્યા હતા કે વસતીની ફેરબદલી કરશો તો લોહીની નદીઓ વહેશે ! લેખક કહે છે, 'દિલના ભાગલા ન થાય તેવી ગાંધીજીની પ્રાર્થના, મહામૃત્યુમાંથી આપણને અમૃત સમીપે લઈ જવા તલસે છે.' આ કલ્યાણકારી તલસાટ આપણા હૃદયને પ્રેરે એ જ ઇચ્છીએ.

જન્મભૂમિ પ્રવાસી તા. ૨૬-૧-૨૦૨૫ **- સોનલ પરીખ**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

શુભારંભ : શ્રી કાન્તિભાઈ કૌશલ્ય વિકાસ કેન્દ્ર - પિંડવળ

■ **સૌને કામ, સૌને રોટલો**

શ્રી વિનોબાજીએ દિલ્હીમાં પ્લાનિંગ કમિશનના સભ્યોને સાફ સાફ શબ્દોમાં કહ્યું હતું : ''સહુને કામ, સહુને રોટલો.'' આપ સૌ બેઠા છો ત્યારે દેશમાં એકેએક માણસને પૂરું કામ આપવાની જવાબદારી તમારી થઈ જાય છે. કોઈ પરિવારમાં એવું થાય ખરું કે દસમાંથી માત્ર પાંચ કે સાતની જ ફિકર કરવામાં આવે અને બીજાને રામ ભરોસે છોડી દેવામાં આવે?

શ્રી કાન્તિભાઈ શાહ તેમના 'હિંદ સ્વરાજ : એક અધ્યયન' પુસ્તકમાં ટોફલરના 'થર્ડવેવ' પુસ્તકમાંના 'Gandhi with Satellites' પ્રકરણમાંની કેટલીક મહત્ત્વની વાતોની નોંધ લે છે -

○ ''.... માણસોને સ્વાવલંબી બનાવવા, પગભર કરવા એ કુલ રાષ્ટ્રીય પેદાશ વધારવા જેટલું જ મહત્ત્વનું કામ છે.

○ ''દૂર દૂરનાં ગામડાંઓ સુધી એવી છાપ રૂઢ કરી દીધી છે કે તેઓ જાતે જે કાંઈ ઉત્પન્ન કરે છે, તે કારખાનાંની પેદાશો કરતાં ઊતરતી કક્ષાનું છે.

○ ''લોકમાનસમાંથી આ ખોટી છાપ ભૂંસી નાખવી પડશે. પોતે જે કરે છે, તે કારખાનાંની પેદાશો કરતાં હીણું નથી, એવો આત્મવિશ્વાસ એમનામાં જન્માવવો પડશે.''

શ્રી કાન્તિભાઈએ વર્ષ ૧૯૬૦માં ૨૬ વરસની વયે મુંબઈ છોડીને સમાજ-પરિવર્તનના કામમાં ઝંપલાવ્યું હતું. પિંડવળ (ધરમપુર)માં તેમના જીવનના અંત સુધી આદિવાસી પ્રજાના સર્વાંગી ઉત્થાનના કામમાં લાગેલા રહ્યા.

સર્વોદય પરિવાર ટ્રસ્ટે તા. ૩૦-૪-૨૦૨૫, અખાત્રીજના દિવસે 'શ્રી કાંતિભાઈ કૌશલ્ય વિકાસ કેન્દ્ર'નો શુભારંભ કાર્યક્રમ યોજ્યો હતો. સર્વોદય પરિવારના ચાર વડીલો : કાન્તાબહેન - હરવિલાસબહેન - નવનીતભાઈ ફોજદાર અને કાન્તિભાઈ શાહે આદિવાસીઓ માટે વિવિધ સેવાનાં ક્ષેત્રો ચાલુ કર્યાં. કાન્તિભાઈનું સ્વપ્ન હતું કે ગ્રામજનોને પોતાના જ ગામમાં કામ મળે તો ગામડાં ખાલી થતાં બચે. તેમના આ સ્વપ્નને સાકાર કરવા સર્વોદય પરિવારે કૌશલ્ય વિકાસ કેન્દ્રની સ્થાપના કરી છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટના વર્ષ ૫૬ના કાર્યવિવરણ અહેવાલ (૨૦૨૨-૨૪)માં 'કાન્તિભાઈ સ્વરોજગાર કેન્દ્ર'ની વાતનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. તેમાં દર્શાવવામાં આવ્યું હતું - ''ટ્રસ્ટે શિક્ષણ, જમીન સુધારણા, જળ- સંચય, વન સંવર્ધન તથા સરકાર દ્વારા આદિવાસીઓને પૂરી પડાતી વિવિધ યોજનાઓનો તેમને લાભ મળે તે માટે છેલ્લા એક વર્ષથી ઉપાડેલ 'લક્ષ્ય' પ્રોજેક્ટની સાથેસાથે હવે સ્વરોજગારલક્ષી કામો ઉપાડ્યાં છે.''

જે મિત્રોએ પિંડવળ સંસ્થાની મુલાકાત લીધી હશે તેમને ખ્યાલ હશે કે પિંડવળ જતા રસ્તાની ડાબી બાજુએ સંસ્થાનું શિક્ષણકેન્દ્ર છે અને જમણી બાજુ 'સર્વોદય પરિવાર'નાં સ્થાપકો - કાન્તાબહેન, હરવિલાસબહેન, નવનીતભાઈ ફોજદાર અને કાન્તિભાઈ રહેતાં હતાં તે આવાસકેન્દ્ર આવેલું છે.

સંસ્થા હવે નવા સ્વરૂપમાં આકાર લઈ રહી છે. શિક્ષણ કેન્દ્રનાં બધાં જ મકાનો નવાં બન્યાં છે. શાળા-છાત્રાલય, રસોડું - મહેમાનઘર બન્યાં છે. જમણી બાજુના આવાસકેન્દ્રમાં કૌશલ્ય વિકાસ કેન્દ્ર, ટ્રસ્ટના આદ્ય સ્થાપકોની સ્મૃતિને જાળવી રાખીને 'સ્મૃતિભવન' તૈયાર થઈ રહ્યું છે.

બાજુમાં સંસ્થાનું કાર્યાલય તેમજ કાર્યકર્તાઓનું આવાસસ્થાન પણ તૈયાર થઈ ગયું છે.

સંસ્થા તેની પાસેની મર્યાદિત જગ્યામાં શક્ય તેટલી આદિવાસીઓની વધુ સેવા થાય તેવી સગવડો ઊભી કરી રહી છે. નવા નવા બાંધકામની જવાબદારી હાલમાં સંસ્થાના ટ્રસ્ટી યુવાવયના શ્રી જયદીપભાઈ સંભાળી રહ્યા છે.

■ **સુરેખાબહેન શાહનું સ્વાગત પ્રવચન**

સામાન્ય રીતે ખેડૂતો માટે ખેતીનું નવું વર્ષ અખાત્રીજના દિવસથી થાય છે. શ્રી કાંતિભાઈ કૌશલ્ય વિકાસ કેન્દ્રનો શુભારંભ, નવા મકાનમાં પૂજા યોજીને કરવામાં આવ્યો. ત્યાર બાદ શિક્ષણ કેન્દ્રના હોલમાં યોજેલા કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ શ્રી સુરેખાબહેન શાહે આવેલા મહેમાનોનું સ્વાગત કરીને સંસ્થાનાં વિવિધ કામોની જાણકારી આપી હતી. સર્વોદય પરિવાર ટ્રસ્ટના ઇતિહાસ અને તેનાં કામોની જાણકારી મેળવવા માટે રસ ધરાવતા મિત્રો શ્રી કાન્તિભાઈ શાહે લખેલ પુસ્તક 'એકત્વની આરાધના' વાંચી શકે છે. પુસ્તકમાંનું પ્રકરણ ૧૨ 'દરિદ્રનારાયણની ઉપાસના' તો સમાજ સેવાના ક્ષેત્રમાં કામ કરતા યુવાનોએ ખાસ વાંચવું જોઈએ.

પિંડવળની આસપાસના વિસ્તારમાં ૧૯૬૪થી સર્વોદય કાર્યકર્તાઓનો આવરો-જાવરો ચાલુ થઈ ગયો હતો. અને નવનીતભાઈએ દાક્તરી વ્યવસાય છોળી સમૂળગી વંચિત આદિવાસી પ્રજા માટે સેવા કરવાનો ભેખ ધારણ કરી લીધો. કાન્તાબહેને નવનીતભાઈને જણાવેલું કે ભવિષ્યમાં તેઓ પણ સાથે આવીને રહેશે. કાન્તાબહેન દૂર રહીને પણ દવાઓ ખરીદવા તેમજ અન્ય જરૂરિયાતો માટે નાણાંની સગવડ કરી આપતાં હતાં.

કંદમૂળ કે જરૂર પડે ઉંદરના દર ખોદીને ઉંદર ખાઈને તેમજ કંઈ ન હોય ત્યારે ભૂખ્યા પેટે રહેનારા લોકો માટે ટ્રસ્ટે અનાજની સગવડ કરી આપી. કાચાં ઝૂંપડાં જેવાં ૯૦૦૦ મકાનો પર પાકાં નળિયાં વર્ષ ૧૯૯૩ સુધીમાં ચઢાવવામાં મદદ કરી.

અત્યાર સુધીમાં આરોગ્ય, આવાસ અને શિક્ષણ તથા જળ-જંગલ- જમીન સંરક્ષણનાં કામોની વિગતો સુરેખાબહેને જણાવી.

○ પિંડવળ અને ખડકીકેન્દ્રમાં ૪૨૫ બાળકો સર્વાંગી કેળવણી પામી રહ્યાં છે. શિક્ષણ કેન્દ્રના સંચાલનમાં શ્રી રણજિતભાઈ બારડ, રમેશભાઈ ભોયા, સવજીભાઈ પાટીવાળા સક્રિય છે.

○ જળ-જંગલ-જમીનના રક્ષણ માટે અત્યાર સુધીમાં ૪૩૮ ચેકડેમ બાંધવામાં આવ્યા છે. ઢાળવાળાં ખેતરોનું લેવલિંગ કરવાનું કામ ૧૪ ગામોની ૧૮૦૮ એકર જમીનમાં કરવામાં આવ્યું છે.

○ જમીનનું ધોવાણ અટકાવવા ૧૭૦૯ જેટલા પાળા બનાવીને ૨૭૮૦ એકર જમીનનું ધોવાણ અટકાવ્યું છે.

○ ઘણાં બધાં ગામોને આંબા કલમ, ફળાઉ વૃક્ષોના રોપા આપવામાં આવેલ છે.

○ દર વર્ષે ૩૫ જેટલાં ગામોમાં ૩૦૦થી ૩૫૦ ટન અનાજ (આશરે ૮૦ થી ૮૦ લાખ રૂ.નું) કામ સાટે આપવામાં આવે છે.

○ લગ્નના ખોટા ખર્ચાનો ભાર ગરીબ આદિવાસીઓ પર ન આવે તે માટે અત્યાર સુધીમાં ૮૧૨ જોડાનાં સમૂહ લગ્ન કરાવ્યાં છે. તે પ્રસંગે આખા ગામને જમાડવામાં આવે છે.

○ સજીવ ખેતીની તાલીમ આપવામાં આવે છે.

○ વ્યસનમુક્તિ માટે ગામમાં દારૂ ન ગળાય તેની કાળજી રાખવામાં આવે છે. વ્યસનમુક્તિનાં પ્રદર્શનો યોજવામાં આવે છે. સમયે સમયે શાળાના વિદ્યાર્થીઓ રેલી પણ કાઢે છે.

■ **શ્રી કાન્તિભાઈ કૌશલ્ય વિકાસ કેન્દ્ર : હવે અમારાં કામોનો ઝોક સ્વરોજગારનો છે - પ્રકાશભાઈ શાહ**

શ્રી પ્રકાશભાઈ શાહ - સર્વોદય પરિવાર ટ્રસ્ટના મેનેજિંગ ટ્રસ્ટી-એ તેમના પ્રવચનમાં, ટ્રસ્ટે વર્ષ ૧૯૬૮ની શરૂઆતનાં વર્ષોમાં કરેલાં કામોની થોડી વિગતો આપી હતી. પોતે ઈજનેરી વિદ્યાનું ભણ્યા હતા પણ નવનીતભાઈ ડોક્ટરને મદદ કરવાનું કામ કરતા હતા. ગરીબ આદિવાસીઓનું વ્યાજખોરો ભારે શોષણ કરતા હતા, તેમાંથી તેમને મુક્ત કરવા ખાવટી પેટે અનાજ આપતા હતા. ૮૦ ગામોમાં ૮૦૦૦ લોકોને તેનાથી રાહત રહેતી હતી. વ્યાજખોરો મારવા પણ આવતા હતા, પણ સંસ્થાએ પોતાનું કામ ચાલુ રાખ્યું. રોજગારી માટે ૧૦૦૦ જેટલા ચરખા ચાલુ કરાવ્યા હતા. તેની સાથે વણાટકામ પણ ચાલતું હતું. તે આજે બંધ છે. પ્રકાશભાઈના એક ભાવિ કામ અંગે આપણે ૧૬-૪-૨૦૨૫ના ભૂમિપુત્રમાં 'ખાદી : વસ્ત્ર-વિચાર અને રોજગારી' લેખ પ્રકાશિત કર્યો છે.

○ ૪૮ ત્રાકના ચરખા (Ring Frame) ને સોલર પાવર દ્વારા ચલાવીને રોજની રૂ. ૬૦૦ જેટલી રોજગારી મળી શકે તેમ છે. તેમ જ તે માટે એક સેન્ટ્રલ પૂણી પ્લાન્ટ દ્વારા આજુબાજુનાં ગામોમાં ચાલતા ૫૩૦ ચરખાને પૂણી પહોંચાડી શકાશે.

આ યોજના પિંડવળ વિસ્તારમાં અનુકૂળતા પ્રમાણે ચાલુ કરવામાં આવશે. આ માટે ૬-૭ એકરની જમીનમાં રૂ. ૭ થી ૮ કરોડના ખર્ચે પૂણી પ્લાન્ટ નાંખવો પડશે.

○ વસ્ત્ર ઉત્પાદન પછી રોજગારી માટે એક મહત્ત્વનો સ્થાનિક કાચો માલ વાંસ છે. સંસ્થા દ્વારા ખડકી કેન્દ્ર પર ૩ ખેતરોમાં ૮૦૦૦ વાંસ વાવવામાં આવ્યા છે. વાંસમાંથી ઘણી બધી વસ્તુઓનું ઉત્પાદન કરી શકાય. હાલમાં વાંસની ટ્રે, સાઉન્ડ એમ્પ્લીફાય તેવા મોબાઈલ સ્ટેન્ડ બનાવવાનું ચાલુ કર્યું છે. આ માટે બામ્બુ કાપવા માટે Sewing Machine, Bamboo Dissection Machine, (વાંસને ચીરવાનું મશીન), વાંસને સૂકવવા માટે ડ્રાયર તેમજ અન્ય નાનાં મોટાં સાધનોની જરૂર પડે છે. કૌશલ્ય કેન્દ્રમાં પાયાનાં સાધનો આવી ગયાં છે.

○ બહેનોને રોજગારી મળે તે માટે સિવણ ક્લાસ ચલાવવા જરૂરી છે. તેમજ આ કૌશલ્ય હાંસલ કર્યા પછી પોતાના ઘરે ટોકન ભાવે નવા સીવવાના સંચા આપવાની યોજના ચાલુ કરી છે. અત્યાર સુધીમાં ૧૦૩ ઉપરાંત બહેનોએ તાલીમ લીધી છે. આમાંની કેટલીક બહેનો રેડીમેડ ગારમેન્ટ ફેક્ટરીમાં કામ પર જાય છે. ૪ બહેનો સંસ્થાનાં બાળકોનાં યુનિફોર્મ સીવવાનું કામ કરી રહી છે. સંસ્થાનાં નવા ટ્રસ્ટી, યોગાંજલિ કેળવણી મંડળના મેનેજિંગ ટ્રસ્ટી જિજ્ઞાબહેન દવેનું માર્ગદર્શન મળી રહ્યું છે. તેમજ વિવિધ યોજનાઓ માટે વિવિધ દાતાઓનો સંપર્ક તેઓ કરાવી રહ્યાં છે.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

○ અહીંના આદિવાસી કલાકારો ૧૦૦૦ વર્ષ જૂની વારલી પેઇન્ટિંગ માટે જાણીતા છે. સંસ્થાની વાંસની વિવિધ વસ્તુઓ પર આ વારલી પેઇન્ટિંગની ઝલક જોવા મળશે. તેમનાં ચિત્રો ખરીદીને વેચવામાં આવશે.

○ ડુંગર વિસ્તારોમાં પાકતા ઝીણા ધાનને આજકાલ મીલેટ્સ તરીકે ઓળખવામાં આવે છે તેનો તેમજ અન્ય ધાનનો આજે શહેરી લોકોમાં આરોગ્ય જાળવણી માટે વપરાશ વધવા માંડ્યો છે. સંસ્થાએ હાલમાં નાગલીના સારેવડા બનાવવાનું ચાલુ કર્યું છે. ભવિષ્યમાં આ દિશામાં વધુ પ્રગતિ કરી શકાય તેમ છે. વિલસન હિલમાં ફરવા આવતા મિત્રોને ન્યુટ્રીટીવ ફૂડ પણ આપી શકાય. આ કેન્દ્ર સજીવ ખેતીની પેદાશોનું માર્કેટીંગ પણ કરી શકે છે.

સર્વોદય પરિવાર ટ્રસ્ટમાં, શિક્ષણ કેન્દ્રોની વ્યવસ્થામાં, સંસ્થાનાં વિકાસ અને અન્ય સેવાનાં કાર્યોમાં અનુભવી મિત્રો છે. યુવાન મિત્રો છે. પ્રકાશભાઈ જેવા સફળ ઉદ્યોગપતિ છે, સુરેખાબહેનનો સાથ સહકાર છે. કૌશલ્ય કેન્દ્રના બાંધકામ પાછળ રૂ. ૧ કરોડ, ૭૧ લાખની માતબર રકમ પ્રકાશભાઈએ વાપરી છે. હાલમાં કૌશલ્ય કેન્દ્રમાં શરૂઆતમાં ૮ લાખ રૂ.ની સાધન-સામગ્રી વસાવી છે. ભવિષ્યમાં વધુ સાધનો-સગવડોની જરૂર પડશે. સંસ્થાના અત્યાર સુધીના અહેવાલોની એક પરિપાટી રહી છે, જેમાં વહીવટી ખર્ચની વિગતો આપવામાં આવતી રહી છે. છેલ્લા અહેવાલમાં જણાવ્યા પ્રમાણે આ ખર્ચ માત્ર ૫.૭ ટકા છે.

શુભારંભ પ્રસંગે એન.જે. ગ્રુપ સુરતના શ્રી જિજ્ઞેશભાઈ દેસાઈ, પ્રકાશભાઈ ગોળવાળા, નીરજભાઈ તેમજ તેમના પરિવારજનો હાજર રહ્યાં હતાં. આજુબાજુનાં સેવાક્ષેત્રના સરપંચો, પંચાયતના સભ્યો તેમજ સંસ્થા સાથે સંકળાયેલા મિત્રો હાજર રહ્યા હતા.

આ સંસ્થા વધુ ને વધુ પાંગરે, આદિવાસી ગામોમાં સેવા ક્ષેત્ર વધારે, તેમજ રોજગારલક્ષી અને પર્યાવરણલક્ષી વધુ કામો કરી શકે તેવો ભાવ જેના જેના મનમાં જાગે તે સંસ્થાને આર્થિક મદદ કરી શકે છે, સંસ્થા જે કંઈ ચીજોનું ઉત્પાદન કરે તેને ખરીદી શકે છે. સંસ્થાની મુલાકાત લઈ શકે છે.

સંપર્ક માટેની વિગત નીચે પ્રમાણે છે :

સર્વોદય પરિવાર ટ્રસ્ટ - ગામ પિંડવળ, તા. ધરમપુર, જિ.વસલાડ - ૩૯૬૦૫૦. ફોન નં.: ૮૨૩૮૫૪૭૭૦૨.

- રજની દવે

વાચકોના પત્રોમાંથી

- **પ્રો. અશ્વિનકુમાર કારીઆ,** ૧૬, શ્યામ વિહાર , એગોલા રોડ, પાલનપુર, ૩૮૫૦૦૧, બનાસકાંઠા

ભૂમિપુત્રનો ૧૬.૩ નો અંક બહુ સરસ મજાનો હતો. હિન્દુવાદી સાથે સોક્રેટિસનો સંવાદ પર્સુએશનનું ઉત્તમ ઉદાહરણ રજૂ કરે છે. જુલમી શાસકો સામેની ૨૦ પદ્ધતિઓ અત્યંત સાંપ્રત અને સૂચક છે. મહેશ પંડ્યાના પર્યાવરણ વિશેના જાગૃત કરતા લેખો પ્રશંસનીય હોય જ છે.

સૂફી કથાઓ... (પાન ૦૮નું ચાલુ)

રાસ લે છે. કૃષ્ણ એક છે, ગોપીઓ અનેક, પણ ખરેખર રાસ લેતી ગોપીઓ અનેક રહી શકે છે ?''

''સૂફી નૃત્યમાં એક કામિલ (પૂરેપૂરા) દરવેશ કેન્દ્રમાં રહી કાળચક્રની વિરુદ્ધ દિશામાં ફુદરડી ફરે છે. તેની ગતિ છે મૂળ કેન્દ્ર ભણી. દરવેશની આસપાસ વર્તુળે ઘૂમતા સાધકો કાળચક્રની સાથે ગતિ કરે છે. અહીં પણ સાધકો ગતિમાં, લયમાં 'લા ઈલાહ ઇલ્લલ્લાહ'ના ઉદ્‌ઘોષમાં એકરૂપ બની જાય છે. અહીં પણ સાધકો અનેક નથી રહેતા. દેહ-મનની દીવાલો અને દેશકાળના સીમાડા અતિક્રમી જવાના આ સિદ્ધ ઉપાયો છે.''

ફરી પાછા શીલચન્દ્રવિજયની વાતને જ નોંધીએ અને તેની સાથે બીજી એક કથાને સમજીએ. 'ધર્મ' જ્યારે 'મમત્વ'નો તેમજ 'મમત'નો ભોગ બને ત્યારે કટ્ટરતા આપોઆપ ઊગી નીકળે છે. કટ્ટરતાને કારણે ધર્મ, ધર્મ મટીને એક 'સંપ્રદાય' કે 'પંથ' બની બેસે છે. ધર્મનો અસલ મર્મ સમજાવતા એક સૂફી પાસે ઇસ્લામમાં નહીં માનનારા, અન્ય મત પંથને માનનારા લોકો પણ સત્સંગ માટે આવતા હતા. સૂફી તેમની પરિભાષામાં તત્ત્વ પીરસતા હતા. બધાને તેનાથી તૃપ્તિ પણ થતી. કટ્ટર મતવાદી લોકોને ગમ્યું નહીં. ઇસ્લામને ન માને તેવા કાફીરોને મહત્ત્વ ન અપાય એવી રજૂઆત થઈ. 'સાચું નામ સોનું' એ કથામાં સૂફી સોનાના દાગીના દ્વારા ભેદભરમ ખોલે છે.

એક અમીર વ્યક્તિને સૂફી કહે છે, તારા બધા અલગ અલગ પ્રકારના દાગીના છે તે પહેરવા માટે મને એક દિવસ આપ. અને એ અલગ અલગ દાગીના જેમાં ગળાનો હાર, બેરખો, પોંચી, કંદોરો, કાનનાં કુંડળ વગેરેની નોંધ કરવાનું કહ્યું. બીજે દિવસે સૂફી સોનીને ત્યાં જઈ એ બધી વસ્તુને લગડી રૂપે બનાવી દે છે. બીજે દિવસે બધાને જાણવાની ઇન્તેજારી હતી કે ગેરધર્મી અને અન્ય ફિરકાવાળા માટે સૂફીનું વલણ શું હશે ? કારણ કે સૂફીએ વાતનો જવાબ પછી આપવાનું કહેલું. સૂફીએ પોટલી ખોલી. 'ચાંદી લખેલ કાગળ કાઢો' એમ કહ્યું. અલગ અલગ દાગીનાને બદલે ૪૦ તોલા સોનાનો ચોરસો નીકળ્યો. સૂફીએ કહ્યું, આનું અસલ નામ સોનું મળ્યું. આપણે તેને અલગ અલગ નામથી ઓળખતા હતા. મૂલ્ય તેમાં રહેલા સોનાનું છે. વળી આગળ સમજાવે છે કે તેવું જ આદમી માટે છે. તેની અંદર રહેલ ઇન્સાનિયતનું મહત્ત્વ છે. તેના પારસી, ઈસાઈ કે યહૂદીનું નહીં. જાતિ, આકાર કે ઘાટનું કશું વજૂદ નથી. તમે યાદીમાં દાગીનાના આકારને નોંધીને, તેની અંદર રહેલા તત્ત્વને ખોટી રીતે નજર અંદાજ કરો છો, તેવું જ આ કામ છે. પરમતત્ત્વરૂપી આતશ પાસે જનાર દરેક અલંકાર શુદ્ધ ઇન્સાનિયતરૂપ ઢાળમાં જ ઢળી જાય છે. ન કોઈ નાત, ન કોઈ જાત ! સાચા ધર્મનો મર્મ જ તે છે 'કે સૌને અગ્નિની માફક આકાર ઓગાળી, એક કરે !'

આ કથાઓમાં સૂફી તત્ત્વનો ઉઘાડ કરે તેવી અનેક વિદ્વત્તાપૂર્ણ વાતો છે. એના મર્મને પકડવો પડે. આવી વાતોને આપણા સુધી પહોંચાડવા બદલ સતીશભાઈનો ખૂબ ખૂબ આભાર. આપણા જીવનમાં પણ આ આધ્યાત્મિકતા તરફ આંગળી ચીંધતી કથાઓ આપણી દૃષ્ટિ બદલે, પરિવર્તનને ઝોક આપે તો તેમનો આ પરિશ્રમ લેખે લાગશે.

- ભદ્રા-વિક્રમ સવાઈ

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

એન.એ.પી.એમ.નાં ત્રીસ વર્ષ : લોકશક્તિ અને જન રાજનીતિની યાત્રા - ૧

ભારતને સ્વતંત્રતા મળ્યા પછીના કાળમાં જનઆંદોલનોની ભૂમિકા ખૂબ જ અગત્યની રહી છે. જ્યારે એક તરફ ચૂંટણીના રાજકારણે સરકારો બનાવી, તો બીજી તરફ રસ્તાઓ, ખેતરો, સમુદ્ર કિનારાઓ પર તેમજ જંગલોમાં ન્યાય, અધિકાર અને લોકશાહીની સાચી લડાઈઓ લડાઈ રહી હતી. પછી તે ૧૯૭૦ના દસકાનું ચીપકો આંદોલન હોય - જેમાં બહેનોએ વૃક્ષોને વળગી પડીને તેમને કપાતાં રોક્યાં હતાં કે પછી ૧૯૮૦ના દશકાનું દલિત પેન્થર્સનું જાતિવાદના વિરોધમાં આગળ આવવું - મજૂર, ખેડૂત અને આદિવાસી આંદોલનોએ માત્ર સત્તા અને બજારના અત્યાચારોને પડકાર આપ્યો છે એટલું જ નહીં, પરંતુ હંમેશાં દેશના આત્માની જેમ કામ કર્યું છે.

આ આંદોલનોનો હેતુ માત્ર વિરોધ કરવાનો નથી રહ્યો. તેમણે શાસનની નવી પદ્ધતિઓની કલ્પના કરી છે અને કેંદ્રીકૃત વિકાસના મોડેલને પડકાર્યું છે. એટલું જ નહીં, ચૂંટણીના રાજકારણથી આગળ વધીને લોકશાહીનાં વૈકલ્પિક સ્વરૂપોનો તેમણે પાયો નાંખ્યો. આવી પરિસ્થિતિમાં ૧૯૯૦ના દશકાની શરૂઆતમાં National Alliance of People's Movement (NAPM)નો જન્મ થયો. જ્યારે ભારતને વિશ્વીકરણ, ઉદારીકરણ અને ખાનગીકરણની ઝંઝાવાતમાં ફંગોળવામાં આવી રહ્યું હતું અને સાંપ્રદાયિક શક્તિઓ નફરત અને ધાર્મિક વિભાજનને ઉકસાવી રહી હતી. એ ભારત દેશનું શાસન જેને એક વખત જનતાની સંપત્તિનું રક્ષક માનવામાં આવતું હતું, હવે બધું જ મોટી મોટી કંપનીઓના હવાલે કરી રહ્યું હતું. અને બાબરી મસ્જિદના પાડવા પછી ફેલાઈ રહેલી સાંપ્રદાયિક હિંસાને રોકવામાં નિષ્ફળ રહ્યું હતું.

NAPMની શરૂઆતથી જ એક સમાજવાદી તેમજ ધર્મનિરપેક્ષ ભારતનું સપનું એ તેની દિશા રહી છે. સામાજિક સૌહાર્દ, કુદરતી સંસાધનો પર લોકોનો (સમુદાયોનો) અધિકાર અને એક ન્યાયપૂર્ણ સમાજ માટેના પ્રયત્નો કરતા આ સંગઠને નફરતનું રાજકારણ, ભ્રષ્ટાચાર તેમજ વિનાશકારી વિકાસ લાવનારી પરિયોજનાઓને પડકારી છે. રાજ્ય તેમજ રાષ્ટ્રીય સ્તર પર જુદાં જુદાં આંદોલનો તેમજ સંગઠનોને સાંકળીને તેણે એક વૈકલ્પિક રાજનીતિક સંસ્કૃતિની દિશામાં મજબૂત પગલાં ભર્યાં છે.

આ લેખમાળામાં આપણે NAPMના એ મુખ્ય સંઘર્ષો તેમજ અભિયાનોની વાત કરીશું, જેમાં તેણે વીતેલા ત્રણ દસકાના સમયગાળામાં નીતિ તેમજ રાજકારણ બંનેને પ્રભાવિત કર્યાં છે. આપણે એ પણ જોઈશું કે કઈ રણનીતિઓ, ગઠબંધન તેમજ પ્રયોગોથી આ યાત્રા આગળ વધી અને કયાં આંતર્દ્વંદ્વો અને ચર્ચા-વિચારણાઓમાંથી સંગઠને પસાર થવું પડ્યું. કારણ કે આ એક વિકેન્દ્રિત તેમજ સ્વૈચ્છિક રીતે ચાલનારું મંચ છે, તેથી આ લેખમાં બધાં જ આંદોલનો તેમજ પ્રયાસોને સમાવવાં શક્ય નથી. આપણા વર્ષોનાં પ્રકાશન, પ્રેસનોટ અને વિવિધ અહેવાલો જ તેનું સંપૂર્ણ ચિત્ર આપી શકે. આ લાંબી યાત્રામાં આપણે ઘણા સાથીઓને ખોયા છે - એ યાત્રાને યાદ કરતાં આપણે એમના ફાળાને તેમજ બલિદાનને સલામ કરીએ છીએ.

શરૂઆતનો દોર : વિશ્વીકરણને સહમતિ અને બહુમતીવાદના રાજકારણને પડકાર

૧૯૯૦ના દશકમાં ભારતના રાજકારણ તેમજ સામાજિક ઇતિહાસે એક મોટો વળાંક લીધો. ૧૯૯૧માં વડાપ્રધાન પી.વી. નરસિમ્હારાવ અને નાણાંમંત્રી મનમોહનસિંહ દ્વારા શરૂ કરવામાં આવેલ ઉદારીકરણની નીતિઓને કારણે ભારતનાં બજારો આંતરરાષ્ટ્રીય મૂડી માટે ખુલ્લાં કરી દેવાયાં. આર્થિક વિકાસનાં વચનો સાથે આ નીતિઓ આવી, પરંતુ તેની પાછળ કરોડો લોકોની જિંદગી, જમીન, રોજી અને પારંપરિક જીવનશૈલીની કિંમત છુપાયેલી હતી. વિશ્વબેંક અને આંતરરાષ્ટ્રીય નાણાંકીય ભંડોળ (IMF) ની શરતો પર લાગુ કરવામાં આવેલ આ નીતિઓએ સાર્વજનિક ક્ષેત્રના ઉદ્યોગોને નબળા પાડ્યા, મોટા મોટા બંધો અને માળખાકીય પ્રોજેક્ટસને ઝડપથી વધારી દીધા તેમજ વિદેશી કંપનીઓને ઊર્જા, કૃષિ તેમજ નાણાંકીય ક્ષેત્રમાં પ્રવેશ આપી દીધો. ભારતના ધનિક વર્ગ માટે આ ખૂબ જ આશાઓથી ભરેલો દોર હતો, પરંતુ દેશની મોટાભાગની ગરીબ વસ્તી માટે આ ઊજડવાનો અને વિસ્થાપિત થવાનો સમય હતો.

આ બદલાવોની વચ્ચે દેશ આખામાં જમીની સ્તર પર વિવિધ આંદોલનો થવા લાગ્યાં. નર્મદા બચાઓ આંદોલન (NBA) જે પહેલેથી જ સરદાર સરોવર યોજનાના વિરોધમાં જોરદાર સંઘર્ષ કરી રહ્યું હતું. તેણે મોટા બંધો અને વિકાસના મોડેલની હકીકત દેશ-દુનિયા સામે ઉજાગર કરી. આ લડાઈને કારણે ૧૯૯૩માં વિશ્વબેંકને આ યોજનામાંથી નીકળી જવું પડ્યું - આ આખા વિશ્વનાં આંદોલનો માટે એક ઐતિહાસિક વિજય હતો. તેવી જ રીતે મહારાષ્ટ્રમાં ૧૯૯૦ના દસકાના મધ્યમાં એનરોન કંપનીની વિરુદ્ધમાં થયેલ આંદોલન વિદેશી કોર્પોરેટ કબજાને પડકાર આપી રહ્યું હતું. તેવી જ રીતે બિહાર અને તામિલનાડુમાં દલિતોના મૂળભૂત અધિકારો માટે લડાઈ ચાલી રહી હતી, તેઓ હજુ પણ જમીનદારી તેમજ જાતિવાદી માળખા સામે લડી રહ્યા હતા.

આવી રીતના મોટા સામાજિક-આર્થિક ફેરફારો જોતાં આંદોલનોને એ વાત ધ્યાનમાં આવી કે માત્ર સ્થાનિક સ્તરે વિરોધ કરીને નહીં ચાલે. રાષ્ટ્રીય સ્તરના એક સંયુક્ત મંચની જરૂર દેખાઈ, જે આ વિખેરાયેલા સંઘર્ષોને જોડે, તેમનો એક સામૂહિક અવાજ બનાવી શકે, અને એક વૈકલ્પિક વિકાસ તેમજ રાજકારણની કલ્પના દેશ સામે મૂકી શકે. આ જ પાયાના વિચારને પરિણામે રાષ્ટ્રીય જન આંદોલન (NAPM) નો જન્મ થયો.

જન વિકાસ આંદોલનથી NAPM સુધી : એક રાષ્ટ્રીય મંચની શોધ

ભલે નેશનલ એલાયંસ ઓફ પીપલ્સ મુવમેન્ટ (NAPM)ની સ્થાપના '૯૦ના દશકમાં થઈ હોય, આમ જોવા જઈએ તો તેનો પાયો ૧૯૮૯ના હરસૂદના સંમેલનમાં જ નંખાયો હતો. જ્યારે 'વિકાસ ચાહીએ,

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વિનાશ નહીં'-ના નારા સાથે લગભગ ૨૫૦ આંદોલનો, મુખ્ય કાર્યકર્તાઓ અને ૪૦-૫૦ હજાર લોકોનું ઐતિહાસિક મિલન થયું. આ સંમેલનમાં ઠાકુરદાસ બંગ, સુંદરલાલ બહુગુણા, બાબા આમટે, શબાના આઝમી, સ્વામી અગ્નિવેશ, બી.ડી.શર્મા, મેધા પાટકર તેમજ અન્ય મહત્ત્વના સાથીઓ એકત્રિત થયાં હતાં. આ સંમેલનમાંથી જ જનવિકાસ આંદોલન (JVA)ની શરૂઆત થઈ, પરંતુ આ પહેલ બહુ લાંબો સમય ચાલી નહીં.

એ જ સમયમાં ખેડૂતો વચ્ચે ડંકલ ડ્રાફ્ટના વિરોધનું આંદોલન વેગ પકડી રહ્યું હતું. તો સાથે સાથે અડવાણીજીની રથયાત્રાને કારણે સાંપ્રદાયિકતાની જ્વાળા ફેલાઈ રહી હતી, ત્યારે એ અહેસાસ પાકો થતો જતો હતો કે સમય પાકી ગયો છે કે દેશભરનાં જનઆંદોલનોને એક સંયુક્ત મંચ પર લાવવામાં આવે, જે માત્ર વૈચારિક સ્પષ્ટતા જ પ્રદાન કરે એમ નહીં, પરંતુ સાથે મળીને નિર્ણાયક હસ્તક્ષેપ પણ કરી શકે. હરસૂદ પછી ભોપાલમાં થયેલી એક મિટિંગે આ જરૂરિયાતને દૃઢ કરી અને પછી એક સતત પ્રક્રિયાના રૂપમાં NAPMની શરૂઆત થઈ. કોઈ સંગઠનની જેમ નહીં, પરંતુ એક લચીલા, લોકશાહી ઢબના માળખામાં, સંયોજકોની એક ટીમ અને દેશભરમાં વિકેન્દ્રિત બેઠકોના માધ્યમથી.

ઔપચારિક રીતે NAPMનો પાયો ડિસેમ્બર ૧૯૯૨માં મૂકવામાં આવ્યો - બાબરી મસ્જિદના વિધ્વંસની બરાબર પહેલાં. દિલ્હીમાં થયેલી યાત્રા અને તે પછીના સંમેલનમાં હજારો લોકોએ ભાગ લીધો અને નર્મદા, ચિલિકા જેવી ચાલી રહેલી લડાઈઓને તેનું સમર્થન મળ્યું. ૧૯૯૬માં એક રાષ્ટ્રીય યાત્રા ૩૦ જાન્યુઆરીથી ૩૦ માર્ચ દરમ્યાન કાઢવામાં આવી, જે ૧૫ રાજ્યોમાં ૫૫થી વધુ સ્થળોએ કાર્યક્રમ કરતી સેવાગ્રામમાં પૂર્ણ થઈ. અહીં જ NAPM ની રચનાને એક સ્વરૂપ આપવામાં આવ્યું. ભૂતકાળના વિશેષ મુદ્દાઓને લઈને બનેલા નેટવર્ક - જેમ કે વિસ્થાપન વિરોધી સંઘર્ષ અથવા વન વિધેયક આંદોલનથી જુદું, NAPM એ વ્યાપક વૈચારિક ધરાતલ પર કામ કરતા સાંપ્રદાયિકતા, ભ્રષ્ટાચાર અને કોર્પોરેટ્સના ઈશારે થનારા વિકાસની વિરુદ્ધ એક સંયુક્ત લડાઈની પસંદગી કરી.

NAPM નો ઉદય એવા સમયે થયો જ્યારે વિશ્વીકરણ અને કોર્પોરેટ નિયંત્રણની વિરુદ્ધ જનતાનો અવાજ મોટો થઈ રહ્યો હતો. આ જ સમયે કર્ણાટકમાં રાજ્ય રાયતા સંઘ (KRRS)એ મેકડોનાલ્ડસ અને કારગિલ (મલ્ટીનેશનલ કંપની)ની દુકાનો પર પીકિટિંગની શરૂઆત કરી હતી (વર્ષ ૧૯૯૨-૯૩) અને 'આઝાદી બચાઓ આંદોલન'એ બહુરાષ્ટ્રીય બ્રાંડ્સના બહિષ્કારનું અભિયાન શરૂ કર્યું હતું. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા સરહદી તણાવની વચ્ચે, બંને દેશોના શાંતિ કાર્યકર્તાઓએ મળીને ૧૯૯૪ના સપ્ટેમ્બરમાં 'પાકિસ્તાન-ઇન્ડિયા પીપલ્સ ફોરમ ફોર પીસ એન્ડ ડેમોક્રેસી' (PIPFPD)ની રચના કરી. જેમાં NAPMના ઘણા મુખ્ય સાથીઓ પણ હતા.

NAPM ના શરૂઆતના ગાળામાં મુખ્ય બે લડતમાં જમીન સંપાદન તેમજ પર્યાવરણીય ન્યાયના મુદ્દાઓ હાવિ રહ્યા. ૧૯૯૬-૯૭માં મહારાષ્ટ્રના દાભોલમાં એનરોન કંપનીની પહેલી ખાનગી થર્મલ પાવર પરિયોજના માટે જબરદસ્તીથી જમીન સંપાદન કરવા સામે મજબૂત વિરોધ થયો, જેમાં NAPM ની મુખ્ય ભૂમિકા રહી. ત્યારબાદ વર્ષ ૨૦૦૨-૦૩માં પ્લાચીમાડા (કેરળ) અને મહેંદીગંજ (ઉ.પ્ર.)માં કોકાકોલા દ્વારા પાણીની લૂંટની વિરુદ્ધ આંદાલનો શરૂ થયાં. NAPM એ આ આંદોલનોને રાષ્ટ્રીય સ્તર પર 'પાની ચાહિયે, પેપ્સી નહીં' જેવા નારાઓ સાથે ટેકો આપ્યો.

આ દરમ્યાન મજદૂર-કિસાન શક્તિ સંગઠન (MKSS) - જે NAPM નાં સંસ્થાપક સંગઠનોમાંનું એક હતું - તેણે માહિતીનો અધિકાર અને કામના અધિકારને માટેની લડતને રાષ્ટ્રીય સ્તર સુધી પહોંચાડી. જેના પરિણામે ૧૯૯૬માં 'સૂચના કે અધિકાર કે લિએ રાષ્ટ્રીય જન અભિયાન' (NCPRI) ની સ્થાપના થઈ. આ બધાં આંદોલનો આઈએમએફ - આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ, વિશ્વબેંકની નીતિઓ તેમજ જી-૭ના એજંડાની વિરુદ્ધ ચાલી રહેલા વૈશ્વિક સંઘર્ષો સાથે જોડાયાં. જેના પરિણામે ભારતનાં પાયાનાં આંદાલનોને આંતરરાષ્ટ્રીય ટેકો તેમજ વૈચારિક શક્તિ મળી રહ્યાં.

NAPMની આ વ્યાપકતા તેની શક્તિ પણ હતી અને પડકાર પણ. કાર્યકર્તા સ્થાનિક સંઘર્ષો અને રાષ્ટ્રીય સમન્વયની વચ્ચે વહેંચાયેલા રહેતા હતા તેને કારણે સંગઠનાત્મક ગતિ જાળવી રાખવાનું મુશ્કેલ બનતું. કેટલાંક સંગઠનો નીકળી ગયાં, તો કેટલાંક નવાં જોડાયાં અને એક લચીલું તેમજ સમાવેશી માળખું ટકાવી રાખતા NAPMએ દેશ આખાના સંઘર્ષોને જોડી રાખ્યા. ગાંધીવાદી, સમાજવાદી, માર્કસવાદી, આંબેડકરવાદી, પર્યાવરણવાદી અને સ્ત્રીવાદી ધારાઓને સાથે લાવીને તેણે એક 'ઇંદ્રધનુષ ગઠબંધન'ની રચના કરી. રાજકીય પક્ષોની જેમ બંધ માળખા અથવા કેડર પ્રણાલીને બદલે એક ખુલ્લી, જનકેન્દ્રિત પ્રક્રિયાને અપનાવી.

તેમ છતાં આ એક હંમેશ માટે ચર્ચાનો વિષય રહ્યો છે કે - શું એક મજબૂત કેડર આધારિત માળખું લાંબા સમયની મજબૂતી આપશે કે લચીલાપણું જ તેનો આત્મા છે ? આ દ્વંદ્વ છતાં, NAPM ત્રણ દશકોથી ટકેલું છે. વિકાસ પામ્યું છે અને આજે પણ સામાજિક ન્યાયની લડાઈમાં એક મહત્ત્વની ભૂમિકા નિભાવી રહ્યું છે.

(ક્રમશઃ)

- મધુરેશ કુમાર

વાંચન થાળ



૧૯મી સદીના સંસારસુધારામાં પહેલા વર્ગના જોદ્ધા કરસનદાસ મૂળજી વિશે વર્ષોથી અપ્રાપ્ય એવા આ પુસ્તકની દ્વિતીય અને સંવર્ધિત આવૃત્તિ - કરસનદાસ મૂળજીના પૂર્ણ કદના રેખાંકન અને અન્ય સંદર્ભ પૃષ્ઠો સાથે

કરસનદાસજી મૂળજી : જીવન-નોંધ

મકરંદ મહેતા - અચ્યુત યાજ્ઞિક

પૃ.૪૮, રૂ.૬૦/-

પ્રાપ્તિ સ્થાન : ગ્રંથ વિહાર, આશ્રમ માર્ગ, અમદાવાદ. ફોન : ૦૭૯-૨૬૫૮૭૯૪૯

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

અમેરિકા વિનાનું વિશ્વ આરોગ્ય સંગઠન : શાપ કે વરદાન ?

આ સંગઠન હવે વિકાસશીલ વિશ્વ માટે એક મંચ અને દક્ષિણનો અવાજ બની શકે છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના કેટલાક વહીવટી નિર્ણયોએ વિશ્વને આંચકો આપ્યો છે. લોકપ્રિયતા અને સંકુચિત સ્વાર્થથી પ્રભાવિત જમણેરી રાજકીય નિર્ણયો એક ઊભરતું વૈશ્વિક વલણ છે. માનવતાના કલ્યાણ અને ભાવિ પેઢીઓ માટે પૃથ્વીના રક્ષણ માટે વૈશ્વિક એકતા જેવા વિચારો ઝડપભેર વિસરાઈ રહ્યા છે.

સમાનતાનો લોકશાહી સિદ્ધાંત 'ચર્ચામાં અને સહભાગી નિર્ણય લેવાની પ્રક્રિયામાં છે' એ વાત હવે નબળી પડી રહી છે. વેપાર અને વાણિજ્ય, શિક્ષણ, આરોગ્ય, ઉદ્યોગો અને જળવાયુ પરિવર્તનના વિષયો પર વૈશ્વિક મંચો પર થતી ચર્ચામાં મજબૂત લશ્કરી તાકાત ધરાવતા સમૃદ્ધ દેશો દ્વારા બુલડોઝર ફેરવી દેવાનું કાયમી બનતું દેખાઈ રહ્યું છે.

બીજા વિશ્વયુદ્ધ પછી સંયુક્ત રાષ્ટ્રોએ રાષ્ટ્રોમાં શાંતિ અને વિકાસનાં જે પણ લક્ષ્યો હાંસલ કરવાનો પ્રયાસ કર્યો હતો તે તૂટી રહ્યાં છે અને તેને વળગી રહેવાનું વધુ ને વધુ મુશ્કેલ બની રહ્યું છે. યુનોની સિક્યુરીટી કાઉન્સિલ (સુરક્ષા પરિષદ)માં મુઠ્ઠીભર દેશો (સભ્યો)ને અપાયેલો વિટોનો વિશેષાધિકાર યુનોની જન્મજાત ખોડ છે.

ઓછામાં ઓછું વિશ્વ આરોગ્ય સંગઠન (WHO), યુનિસેફ (UNISEF), ફુડ એન્ડ એગ્રીકલ્ચર ઓર્ગેનાઈઝેશન (FAO) અને વિશ્વ શ્રમ સંગઠન (ILO) જેવી યુનોની વિશિષ્ટ સંસ્થાઓ વિટો પાવરથી ગ્રસ્ત ન હતી. પરંતુ યુનોની સંસ્થાઓમાં કોઈ નિર્ણય પર પહોંચતી વેળાએ નબળા દેશોને શક્તિશાળી દેશો દ્વારા ધમકાવવામાં આવે છે. શું આપણે વધુ સારી વૈશ્વિક સંસદ ન મેળવી શકીએ ? શું દર વખતે આપણે ટ્રંપ, પુતીન, કીમ જોંગ ઉન અને નેતાન્યાહુ કહે તેમ જ કરવાનું ? અમેરિકાના નાણાંકીય ટેકા વગર વિશ્વ આરોગ્ય સંસ્થાનું શું થશે તે આજે વૈશ્વિક ચિંતાનો વિષય બન્યો છે.

વિશ્વ આરોગ્ય સંગઠનનું મુખ્ય ભંડોળ સભ્ય રાષ્ટ્રોના મૂલ્યાંકન આધારિત નક્કી કરાયેલ ફાળામાંથી આવે છે. ૧૯૮૨ના યુનોના ભંડોળ એકઠું કરવાના માપદંડ અનુસાર જે તે દેશના અર્થતંત્રના કદ અને વસ્તી બંનેને ધ્યાનમાં રાખી આ ફરજિયાત ફાળાની રકમ નક્કી કરવામાં આવે છે. આ કારણે વૈશ્વિક સ્તરે ઉત્તર અમેરિકા, યુકે અને જર્મની જેવા ઉત્તર ગોળાર્ધના દેશો મુખ્ય ફાળો આપનારા બન્યા, ચીન અને ભારત નહીં. વિશ્વ આરોગ્ય સંગઠન માટે નાણાંનો બીજો સ્રોત વધારાના બજેટરી ફંડ્સ (EBF) છે, જે વિવિધ વિકાસ એજન્સીઓ, અન્ય યુએન એજન્સીઓ, ચેરિટીઝ, ખાનગી ધર્માદા સંસ્થાઓ તેમજ વિશ્વવ્યાપી સ્વૈચ્છિક સંસ્થાઓ તરફથી પ્રાપ્ત થાય છે.

છેલ્લા કેટલાક દાયકાઓમાં સભ્ય દેશો તરફથી ભંડોળમાં વધારો થયો નથી પરંતુ વધારાના બજેટરી ફંડ્સ (EBF)ના ફાળામાં ૮૦% સુધી વધારો થયો છે. અગાઉ ટ્રમ્પે એપ્રિલ ૨૦૨૦માં વિશ્વ આરોગ્ય સંગઠનને ભંડોળ રોકવાની આવી જ ધમકી આપી હતી ત્યારે ઘણા યુરોપિયન દેશો અને કેટલાક અન્ય દેશોએ આ નુકસાનની ભરપાઈ કરી હતી. આ વખતે પણ આવું થઈ શકે છે.

વિશ્વ આરોગ્ય સંગઠન દ્વારા દર વર્ષે બોલાવાતી વિશ્વ આરોગ્ય સભા પહેલાં યોજાતી સેંકડો ચોક્કસ વિષય (થીમ)ની બેઠકોમાં અમેરિકા ગોપિત એજન્ડા અને ગોપિત વ્યાપારી હિતો સાથે સંકળાયેલા અનેક નિષ્ણાત ટેકનિકલ પ્રતિનિધિમંડળો મોકલતું રહ્યું છે. વિશ્વ આરોગ્ય સંગઠનમાં ઘણા વરિષ્ઠ હોદ્દાઓ પર કબજો કરીને તેઓ વિકાસશીલ વિશ્વના વિજ્ઞાનીઓ અને નિષ્ણાતો પર અને વિશ્વ આરોગ્ય સંગઠનને ભંડોળ આપતા ઘણા દાતાઓ પર પ્રભુત્વ ધરાવે છે અને તે દ્વારા નીતિ અને ભંડોળના નિર્ણયોને પ્રભાવિત કરે છે.

વૈશ્વિક કાર્યસૂચિમાં વિકાસશીલ વિશ્વના જાહેર આરોગ્ય મુદ્દાઓ ઓછી પ્રાથમિકતા ધરાવે છે. મલેરિયા, ટી.બી. અથવા કાલા આઝાર જેવા રોગો તેમની સમસ્યાઓ નથી. યુએસએની મોટી કંપનીઓ (કોર્પોરેટ)ના તબીબી બજારમાં તેમના આર્થિક હિતોની સેવા કરવા માટે જાહેર આરોગ્ય મંચોનો વધુ ઉપયોગ થાય છે. ભૂતકાળના સામ્રાજ્યવાદ અને પોતાની વસાહતો વસાવવા માટેના વિસ્તારવાદના આ અવશેષ છે. ઓછામાં ઓછું વૈજ્ઞાનિક વર્તુળો અને આરોગ્ય નિષ્ણાતોમાં સામ્રાજ્યવાદ અને વિસ્તારવાદનો નાશ કરવાનો સમય પાકી ગયો છે.

આંતરરાષ્ટ્રીય દવા ઉત્પાદક કંપનીઓ (ટ્રાન્સનેશનલ ફાર્માસ્યુટિકલ કોર્પોરેશનો) દ્વારા પ્રચારિત કરાતાં હાનિકારક ઉત્પાદનો સામે કરવામાં આવતી ટીકાનો વાસ્તવિક અવાજ ઘણી વાર દબાઈ જાય છે. વિશ્વ આરોગ્ય સંગઠનમાં TRIPS માફી અંગે દક્ષિણ આફ્રિકા દ્વારા શરૂ કરાયેલા ભારત દ્વારા સમર્થિત ઠરાવોને વિકાસશીલ દેશોના ઘણા WHO નિષ્ણાતોનું સમર્થન હતું, પરંતુ યુએસ અને યુરોપિયન દેશોની મોટી દવા કંપનીએ તેનો સખત વિરોધ કર્યો.

અમેરિકા, ત્યારબાદ કેનેડા અને જર્મનીએ રસી ઉત્પાદકોને કોવિડ ૧૯ની રસીઓનો પોતાની જરૂર કરતાં વધુ આગોતરા ઓર્ડર આપીને સંગ્રહ કરીને ખરાબ ઉદાહરણ બેસાડ્યું. તેને કારણે ગ્લોબલ એલાયન્સ ફોર વેક્સિન્સ એન્ડ ઇમ્યુનાઈઝેશન (GAVI) ઉત્પાદકો પાસેથી પૂરતી ખરીદી કરી શક્યું નહીં અને તે કારણે રસીનો પુરવઠો પૂરો પાડવાની તેની યોજનાનું પાલન કરી શક્યું નહીં, જેના પરિણામે આફ્રિકા અને લેટિન અમેરિકામાં રસીઓ પહોંચાડી શકાઈ નહીં અને એમ કરીને તેમને અન્યાય કરવામાં આવ્યો.

આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય ક્ષેત્રે વિશ્વ આરોગ્ય સંગઠન એકમાત્ર અગ્રણી સંસ્થા છે, જે સ્વસ્થ માનવીય વૈશ્વિક વ્યવસ્થા પ્રાપ્ત કરવાના તેના મુખ્ય મિશનને પડતું મૂકી શકે નહીં. તે બહુપક્ષીયતા, સહયોગ તેમજ સંશોધન અને નીતિ ઘડતરમાં સભ્યોની સમાન ભાગીદારીના આધારે આરોગ્યક્ષેત્રના શિષ્ટાચાર અને રોગચાળા નિયંત્રણની દિશામાં હકારાત્મક પગલાં માટે વૈશ્વિક માળખું પૂરું પાડે છે. મધ્યમ આવક ધરાવતા દેશો અને ઊભરતાં અર્થતંત્રો આ કટોકટીમાંથી બહાર નીકળવા માટે પહેલાં

(જુઓ પાન નં. ૧૯)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

વો જો સવાલ કરતા રહા.... અનિલ ચૌધરીની યાદમાં

''સબસે ખતરનાક હોતા હૈ હમારે સપનોં કા મર જાના....'' - પાશ

અનિલ ચૌધરી એવા સાથી હતા જેમણે ન પોતાનાં સપનાંને મરવા દીધાં, ન બીજાને ચૂપ રહેવા દીધા. તેઓ પ્રશ્ન પૂછવામાં વિશ્વાસ રાખતા - સંઘર્ષોના પાયામાં જઈને, સત્તાના સ્વભાવને સમજતા, અને દરેક એવા અન્યાયને પડકાર આપતા જે લોકોને ચૂપ રહેવા માટે મજબૂર કરતો હોય. પ્રશ્ન પૂછવો એ તેમને માટે માત્ર એક વિચાર નહીં, પરંતુ એક રાજકીય કામ હતું - અને એ જ તેમની જિંદગીનું દર્શન પણ રહ્યું. તેમણે નારા નહીં, વિચાર આપ્યા. સંગઠન નહીં, પ્રક્રિયા આપી. નેતૃત્વ નહીં, સંવાદ વિકસાવ્યો.

હમણાં માર્ચ મહિનામાં જ્યારે PEACE સંસ્થાનાં ૩૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે સૌથી વધુ સાથીઓ દિલ્હીના સુરજિત ભવનમાં એકત્ર થયા હતા ત્યારે અનિલદા જ કેંદ્રમાં રહ્યા. ખૂબ ધ્યાનથી તેઓ સહુની વાતો સાંભળી રહ્યા હતા. વચ્ચે વચ્ચે તીક્ષ્ણ પ્રતિભાવ પણ આપતા હતા, અને દરેકને એ જ વાત યાદ કરાવતા હતા જે તેઓ હંમેશાં કહેતા હતા : ''જે સંગઠનોનો હેતુ સામાજિક પરિવર્તન અને જન આંદોલનોને સાથ આપવાનો છે - જો તેઓ આ કામ ન કરી રહ્યા હોય તો માત્ર હોવા ખાતર હોવાનો કોઈ અર્થ નથી, તેવું કરવું નહીં જોઈએ.'' એવા સમયે જ્યારે લોકો 'પીસ'ની ઉપલબ્ધિઓ ગણાવી રહ્યા હતા, ત્યારે પણ અનિલદાએ આ પડકાર મૂક્યો, અને સંસ્થાઓના પાયા અને ચેતના પર પ્રશ્ન ઊભો કર્યો.

આ જ તો હતા અનિલદા. બિલકુલ સાફ, મજબૂત અને રાજનીતિની સ્પષ્ટ સમજણ ધરાવનારા. તેમને પોતાને કેન્દ્રમાં રહેવાનું ક્યારેય ગમતું નહીં. તેમણે હંમેશ એવો રસ્તો પસંદ કર્યો જે લાંબો હતો, મુશ્કેલ હતો - પરંતુ જેમાં સંગઠનની પ્રક્રિયાઓનું નિર્માણ કરવાનું હતું, લોકોની શક્તિ વધારવાનો પ્રયત્ન હતો અને નીચેથી નેતૃત્વને વિકસાવવાની મહેનત હતી. ૧૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ કેંસર સાથેની લાંબી લડાઈ બાદ તેમનું અવસાન થયું. તેમને કદાચ આવી શ્રદ્ધાંજલિ ન ગમે, પરંતુ એ વ્યક્તિની વાત કર્યા વિના રહી શકાય એમ નથી, જેણે માત્ર અમારા જેવા ઘણા લોકોને જ નહીં પરંતુ એ રાજનૈતિક સ્થળ અને માહોલને બનાવવામાં ચાર દશક જેટલા લાંબા સમય સુધી ખૂબ જ મહત્ત્વની ભૂમિકા નિભાવી છે.

આપણામાંથી ઘણા માટે આ ખોટ ખૂબ જ વ્યક્તિગત છે. જ્યારે પણ હું દિલ્હી આવું ત્યારે એવું બન્યું નથી કે હું એમને મળ્યો ન હોઉં. હવે આ મુલાકાતો ક્યારેય નહીં થાય. તેઓ હંમેશ ખુલ્લા દિલે મળતા, પોતાનો સમય આપતા, પોતાને ઘેર બોલાવતા અને પોતાની ઊંડી સમજણથી ભરેલી રાજનૈતિક પ્રક્રિયાઓ પર વાત કરતા. આ સ્નેહ અને સંવાદ માત્ર મારે માટે જ હતા એવું નહોતું. તેઓ બધા માટે આવા જ હતા.

કોવિડના સમય દરમિયાન જ્યારે મેં દુનિયાભરનાં આંદોલનો અંગે લખવાનું શરૂ કર્યું તો મોટેભાગે એવું બનતું કે તેના પર સૌથી પહેલી પ્રતિક્રિયા તેમની જ આવી હોય. ઉત્સાહ વધારતા, વિચારપૂર્ણ ટિપ્પણીઓ કરતા અને પ્રેરણા આપતા. અને આવું બધું તેઓ મારા જેવા ઘણા લોકો સાથે નિયમિત રૂપે કરતા. ખાસ કરીને નવી પેઢીને આગળ લઈ જવાનું ઝનૂન સ્પષ્ટરૂપે તેમનામાં ઝળકતું. PEACEની લાઈબ્રેરીના એક ખૂણે બેઠેલા તેઓ તમને મળી જતા - અડ્ડો જમાવતા, નવી પહેલની યોજનાની વાત કરતા, દરેકનું સ્વાગત કરતા, કોઈ ગમે ત્યાંથી આવી જાય - દરેક માટે તેમના દરવાજા હંમેશા ખુલ્લા રહેતા.

અસહમતિની પેલે પાર, સંયુક્ત લડતો અને મોરચાના નિષ્ણાત

અનિલ દા. એક જીંદાદિલ આંદોલનકારી, વિચારક તેમજ ઘણા લોકોના રાજનૈતિક ગુરુ હતા. તેમના સક્રિય જીવનની શરૂઆત જવાહરલાલ નહેરુ વિશ્વવિદ્યાલય (જેએનયુ)ના વિદ્યાર્થી આંદોલનથી થઈ. તેઓ હંમેશાં Critical thinking કરનારા રહ્યા અને દરેક બાબતમાં ઊંડાણથી વિચારનારા, જોડાનારા રહ્યા. તેઓ વામપંથી વિચારધારા સાથે આલોચનાત્મક દૃષ્ટિકોણ સાથે જોડાયેલા રહ્યા. તેમણે એક તરફથી વિચારને કાર્યક્રમમાં ફેરવવાની કોશિશ કરી તો બીજી તરફ એક્શનમાં ઊંડી સમજણ અને દર્શન માટે લોકોને પ્રેરણા આપતા રહ્યા. દરેક નાના-મોટા, સ્થાનીય-રાષ્ટ્રીય સ્તરની પહેલનું સમર્થન કરતા. ભાગ્યે જ કોઈ એવો પ્રસંગ મળી આવે જેમાં એમની પાસે તમે ગયા હો ને એમણે મદદ કરી ન હોય.

તેમનું સપનું હતું કે સ્વતંત્ર ડાબેરી રાજકારણ અસ્તિત્વમાં આવે. જે પાર્ટીની ગુટબાજીથી પર હોય, જમીન સાથે જોડાયેલું હોય અને લોકોનો પક્ષ લેનારું હોય. આ વિચાર જ તેમને કેટલીયે પ્રક્રિયાઓ તેમજ નેટવર્કસની નજીક લાવતી રહી અને આ જ તેમની વિચારધારાની ઓળખ પણ બની. દા.ત. કોઆલિશન ફોર ન્યુક્લીઅર ડીસઆર્મમેંટ એન્ડ પીસ (CMDP), અમન એક્તા મંચ, દિલ્હી સોલાડીરીટી ગ્રુપ, પીપલ્સ કાઉન્સિલ ફોર થિંકિંગ, ડેમોક્રેટીક સ્પેસેજ (PCSDS), ભૂમિ અધિકાર આંદોલન વગેરે - યાદી ખૂબ લાંબી છે.

વ્યક્તિગત સ્વરૂપે પણ ઘણા આંદોલનકારી સાથીઓ, કાર્યકર્તાઓને તેમણે જુદા જુદા પ્રસંગે મદદ કરી - બસ, ગમે ત્યાંથી એમને સમાચાર મળવા જોઈએ. તેમણે દિલ્હીની પીસ/ઇન્સાફની ઑફિસ એક સામૂહિક સ્થળમાં ફેરવી દીધી હતી, જે એક સામાજિક હસ્તક્ષેપ, ચર્ચાઓ તેમજ વિવિધ અભિયાનોનું કેન્દ્ર બની ગઈ. પછી તે ઝેરી કચરો અને ન્યુક્લિઅર કચરાના વિરોધમાં ચાલતું અભિયાન હોય, UIDની તીવ્ર ટીકા હોય, શિક્ષણ પર નવ-ઉદારવાદી હુમલાની વિરુદ્ધ ચાલી રહેલ સંઘર્ષ હોય કે પછી માનવ-અધિકાર કાર્યકર્તાઓ, મીડિયાકર્મીઓ વગેરે પર થઈ રહેલા હુમલા હોય. આંદોલનોને કેવી રીતે એકત્ર કરવા, તેમની દશા અને દિશા જેવા અનેક મુદ્દાઓ પર સતત ચર્ચા તેમજ તેને માટે સમન્વયકારી વ્યૂહરચના હંમેશાં હતી.

જેનો મુદ્દો તેની નેતાગીરી : 'સવાલિયા' સંસ્કૃતિની શાળા

વર્ષ ૧૯૯૫માં તેમણે પોપ્યુલર એજ્યુકેશન એંડ એક્શન સેંટર (PEACE)ની સ્થાપના કરી. તેનો હેતુ જમીન પરનાં સંગઠનો તેમજ હાંસિયા પરના સંઘર્ષોને એવું વૈચારિક (સાધન) ટૂલ આપવું જેનાથી

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

તેઓ પોતાની જિંદગીને અસર કરનારી વ્યવસ્થાઓ અંગે વિવેચનાત્મક સમજણ મેળવી શકે. અને વિશ્વમાં એવી રીતે જીવી શકે કે સ્થાપિત સત્તા – વ્યવસ્થા સામે પડકારો ઊભા કરી શકે. અને આમ, 'સવાલિયા' સંસ્કૃતિ એટલે કે સવાલ ઉઠાવનારી સંસ્કૃતિ, એ PEACE ના કામનું મૂળ દર્શન બની ગયું. અનિલ દા માનતા કે હાંસિયા પર ઊભા રહેલા લોકો જ્યારે પ્રશ્ન પૂછે છે, ત્યારે એક ક્રાંતિકારી રાજનૈતિક કામ થાય છે. પ્રશ્ન પૂછવાથી જ આપણે એ ''સ્થાપિત વ્યવસ્થાની હકીકતો''ને ખોલવાની શરૂઆત કરીએ છીએ, જે અન્યાય છુપાવે છે – જેવું પાઉલો ફ્રેરેએ શીખવ્યું હતું.

PEACEની ટ્રેનિંગમાં જે સાથીઓ ભાગ લેતા તેઓ દેશભરમાં કામ કરનારાં સંગઠનોમાંથી આવતા, જે જમીન, જંગલ, પાણી, વિસ્થાપન તેમજ સામાજિક અધિકાર જેવા મુદ્દાઓ પર કામ કરતા હતા. આ પ્રશિક્ષણની પદ્ધતિનો હેતુ એ હતો કે આવાં સુરક્ષિત, સહયોગી તેમજ લોકશાહી સ્થાનો બનાવવાં જ્યાં લોકો ખૂલીને મુક્તપણે સંવાદ કરી શકે, જે કંઈ શીખે તે પોતાના વિસ્તારોમાં જઈને અમલમાં લાવી શકે અને પછી પોતાના અનુભવોની સાથે પાછા આવીને સામ્રાજ્યવાદી તેમજ સામંતવાદી શક્તિઓને પડકારી શકે.

આવા ટ્રેનિંગ પ્રોગ્રામનો મૂળ મંત્ર હતો – ''જિસકા મુદ્દા ઉસકી લડાઈ. જિસકી લડાઈ ઉસકી અગુઆઈ.'' આ સિદ્ધાંત અનિલદાની જિંદગી અને તેમના કામનો પાયો હતો. અહીં નોંધીએ કે પીસ સંસ્થા સીધી લોકો સાથે કામ નહોતી કરતી. તેની ભૂમિકા આંદોલનોને ટેકો કરવાની, તેમને ટૂલ્સ આપવાની, વિચારવા માટે દરવાજા ખુલ્લા કરી આપવાની અને તાલીમના માધ્યમથી તેમનું ક્ષમતાવર્ધન કરવાની હતી. તેઓ હંમેશા કહેતા કે કોઈ પણ સંગઠન જન આંદોલનોની જગ્યા ન લઈ શકે અને ક્યારે પણ તેને પોતાની દિશામાં વાળવાનો કોઈએ પ્રયત્ન ન કરવો જોઈએ. ''મુદ્દો જનતાનો છે તો નેતૃત્વ પણ તેમનું જ હોવું જોઈએ.''

તેમનું માનવું હતું કે સામાજિક પરિવર્તન ત્યારે જ શક્ય બને છે જ્યારે લોકો પોતાની જિંદગીને પ્રભાવિત કરનારી ન દેખાતી એવી સત્તાની સંરચનાઓને સમજવાનું શરૂ કરે છે. આની પાછળ પાઉલો ફ્રેરે ના 'ક્રિટીકલ કોન્શિયસનેસ'ના વિચારો પાયામાં હતા. અને અનિલદા માટે સત્તા કોઈ અમૂર્ત વસ્તુ ન હતી. સત્તા તો રહે છે સંબંધોમાં – નાગરિક અને રાજ્યની વચ્ચે, જમીનમાલિક અને મજૂરની વચ્ચે, સ્ત્રી અને પુરુષની વચ્ચે, મોટેરાઓ અને બાળકો વચ્ચે, ત્યાં સુધી કે માણસ અને પ્રકૃતિ વચ્ચે પણ. તેઓ માનતા કે જ્યારે લોકો આ સંબંધો પર સવાલ ઉઠાવશે, ત્યારે તેઓ પોતાની ખોવાયેલી શક્તિ અને ભૂમિકા ફરીથી મેળવવાની શરૂઆત કરશે.

અનિલદા ભારતીય નાગરિક સમાજ અંગે પણ ઊંડાણપૂર્વકની અને ઐતિહાસિક સમજણ ધરાવતા. આઝાદી પછીના સમયમાં શરૂ થયેલા સામુદાયિક પ્રયોગોમાંથી આપણે કેવી રીતે ૯૦ના નવઉદારવાદી દાયકાથી એક પ્રોફેશનલ, ઓફિસરશાહીથી ચાલનારી અને મોટા ફંડિંગ પર નિર્ભર એન.જી.ઓ. સંસ્કૃતિ તરફ ખસતા ગયા, તેની વાત તેઓ ઘણી વાર કરતા. તેમને ચિંતા હતી કે આ પરિવર્તનને કારણે નાગરિક સમાજ ધરતી પરનાં આંદોલનો તેમજ લોકશાહીપૂર્ણ રાજકારણથી દૂર થતો જાય છે. તેઓ મોટી ફંડિંગ એજન્સીઓથી હંમેશાં સતર્ક રહેતા. દક્ષિણ એશિયામાં સામંતશાહી માળખાના પરિવર્તનને સમજનારા વિશ્લેષકોમાંના એક હતા અનિલદા.

એક એવી વ્યક્તિને અલવિદા કહેવાનું ખૂબ મુશ્કેલ છે, જે આપણી સંયુક્ત યાત્રાના આટલા મહત્ત્વપૂર્ણ ભાગ બનેલા હોય. અનિલદા પોતાના સમયના સત્યને તો સમજ્યા જ હતા એટલું જ નહીં, પરંતુ આવનારી પેઢીઓને માટે પ્રશ્નો પૂછવાની સંસ્કૃતિ પોતાની પાછળ મૂકી ગયા – *સવાલિયા સંસ્કૃતિ* – જેને તેમણે પોતાના વિચારો તેમજ કામના માધ્યમથી જીવી બતાવી અને ધરતી પરના આંદોલનમાં તેને રોપી પણ ખરી. હવે જ્યારે તેઓ આપણી વચ્ચે નથી રહ્યા ત્યારે તેમનો અવાજ, તેમના વિચાર, તેમના પ્રશ્નો આપણા ખભા પર એક જવાબદારી બનીને બેઠેલા છે એ યાદ રાખવું જોઈશે. આપણે તેમને માત્ર યાદ રાખવાના નથી, પરંતુ એ રસ્તા પર ચાલતા રહેવાનું છે જ્યાં તેઓ હંમેશાં આપણાથી બે ડગલા આગળ ઊભેલા જોવા મળતા હતા – એક પુસ્તક, એક ચર્ચા અને એક નવી શરૂઆતની સાથે. **– મધુરેશ કુમાર**

(લેખક જનઆંદોલનોના રાષ્ટ્રીય સમન્વય – NAPM ના ભૂતપૂર્વ રાષ્ટ્રીય સમન્વયક છે.)

અમેરિકા વિનાનું વિશ્વ... (પાન ૧૭નું ચાલુ)

કરતાં વધુ મોટાં પગલાં લેવા ભેગા થશે અને તેને ટેકો આપશે. આ તેમની જરૂરિયાત છે.

વિશ્વ આરોગ્ય સંગઠનમાં અમેરિકાની વિદાયને કારણે ઊભા થયેલા અવકાશને ભરવાની તક બ્રીક્સ દેશો (ભારત, બ્રાઝિલ, રશિયા, ચીન અને દ.આફ્રિકાએ પોતાનું જે સંગઠન બનાવ્યું છે તેને બ્રીક્સ કહે છે. હવે તેમાં બીજા કેટલાક દેશોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે) પાસે છે. ભારત, દક્ષિણ આફ્રિકા, બ્રાઝિલ, મેક્સિકો, થાઇલેન્ડ, ઇન્ડોનેશિયા, બાંગ્લાદેશ અને શ્રીલંકા પાસે જાહેર આરોગ્યના પ્રયોગોનો સમૃદ્ધ અનુભવ છે.

ખાનગી વીમા આધારિત આરોગ્ય વ્યવસ્થા નહીં પણ વ્યાપક પ્રાથમિક, દ્વિતીય અને તૃતીય હરોળની આરોગ્ય સંભાળ પૂરી પાડતી મજબૂત જાહેર આરોગ્ય વ્યવસ્થા જ સાર્વત્રિક આરોગ્ય સંભાળ સુનિશ્ચિત કરી શકે છે. વિજ્ઞાન એકતા સહયોગ અને બધા સુધી પહોંચવાની ન્યાય અને સમાનતાની ભાવના સાથેની પ્રતિબદ્ધતા દ્વારા આરોગ્ય સંકટને પહોંચી વળવાના વૈશ્વિક આદેશ ફક્ત WHO પાસે જ છે. ટ્રમ્પનું WHOમાંથી નીકળી જવું એ છૂપા આશીર્વાદ સમ છે. વિશ્વ આરોગ્ય સંગઠન માટે વિકાસશીલ દેશોની એકતાનો મંચ અને દક્ષિણ ગોળાર્ધનો ઊભરતો અવાજ બનવાની આ એક તક છે.

(લેખક એક જાહેર આરોગ્ય સલાહકાર છે, જેમણે યુનિસેફમાં આરોગ્ય અને પોષણ નિષ્ણાત તરીકે સેવા આપી હતી) સૌજન્ય : સદર લેખ ડેક્કન હેરાલ્ડ નામના અખબારના ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના અંકમાં પ્રકાશિત થયો છે.

અનુવાદ : જગદીશ પટેલ **– ડૉ. કે. આર. એંટની**

મો.: ૯૪૨૬૪૮૬૮૫૫ Email - jagdish.jb@gmail.com

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

બંધિયાર મનમાં પ્રકાશનો શેરડો ફેંકતી ફિલ્મ – 'ઉંબરો' !

એકવીસમી સદીમાં બધી સગવડો વચ્ચે, પૂર્ણ સ્વતંત્ર હોવા છતાં, સશક્તિકરણનો ટેકો હોવા છતાં, આજે સ્ત્રીઓ સ્વતંત્ર અને મુક્ત છે ? માની લો કે તેને કુટુંબનાં બંધન નથી, તો પણ તે મુક્ત છે ખરી ?

આનો જવાબ આપવાનો પ્રયાસ કરે છે. એક સરસ ગુજરાતી ફિલ્મ. તેનું નામ છે ''ઉંબરો''.

ગુજરાતી ફિલ્મ હવે ઇતિહાસ, લોકસાહિત્ય, અર્થહીન રમૂજો વગેરેમાંથી બહાર નીકળી રહી છે અને તે પણ આજના પ્રેક્ષકોને સમજી નવા નવા મુદ્દાઓ સાથે ફિલ્મો આપવાનો પ્રયાસ કરી રહી છે, એ દૃશ્ય આનંદ પમાડે છે. 'ઉંબરો' એવો જ એક પ્રયાસ છે. ઉત્તમ અને સ્વસ્થ ચિંતન કરવા પ્રેરતો પ્રયાસ.

'ઉંબરો' આમ તો એક સ્થાન છે. તે ઘર અને બહારની સરહદ નક્કી કરે છે. ઉંબરાની એક બાજુ ઘર છે અને બીજી બાજુ બહારનું જગત છે. એક સ્થાનસૂચક પ્રતીક. પણ ભારતીય કુટુંબ અને સમાજવ્યવસ્થામાં તે માનસિક પ્રતીક પણ બની ગયું છે. હવે જોકે નવાં મકાનોમાં ઉંબરો નથી રહ્યો, પણ ભારતીય માનસમાં હજી તે સચવાયેલો પડ્યો છે.

અને તે પણ માત્ર સ્ત્રી માટે જ !

ઉંબરો સ્ત્રીના ચારિત્ર્યને નક્કી કરે છે. જો તે ઉંબરાની અંદર – એટલે કે ઘરમાં–જ રહે છે, તો તે ચારિત્રવાન કહેવાય છે. પણ જો કુટુંબની રજા વિના, જાતે નિર્ણય લઈને, ઉંબરો ઓળંગે છે, તો તે એક પળમાં ચારિત્રહીન બની જાય છે. ઉંબરામાં રહી વિચારે કે વર્તે છે, તો તે સતી છે, પણ જો તે બહાર જઈ વિચારે છે કે વર્તે છે, તો તે મર્યાદાહીન કે સ્વચ્છંદી બની જાય છે.

પણ જો તે માત્ર ઉંબરાને જ વળગી રહે છે, તો તેનું વ્યક્તિત્વ રૂંધાઈ જાય છે. તેનું મન સંકુચિત રહે છે. તેની બુદ્ધિ બંધિયાર રહે છે. તેનું અસ્તિત્વ જ નથી રહેતું. વિશાળ જગતનો આનંદ તેને મળતો જ નથી. તે પોતાના કોચલામાં જ પુરાઈ રહે છે.

આવી થોડી સ્ત્રીઓની વાત આ ફિલ્મ કહે છે.

એક સ્ત્રી ધારાસભ્યને પરણી છે, પણ પોતાનું કોઈ જ અસ્તિત્વ નથી. કોઈ જ વિચાર નથી કરતી. એક સ્ત્રીએ છૂટાછેડા લીધા છે, પણ ભૂતકાળની કડવાશમાંથી બહાર નથી આવી. તેની પુત્રી ખૂબ મહેનત કરે છે, પણ માનસિક ખ્યાલો નથી છૂટતા. એક સ્ત્રીનો પતિ ચાલ્યો ગયો છે, એ વાતને ભૂલી તે નવી રીતે જીવવા તૈયાર નથી. તેને બિઝનેસ કરવો છે, પણ સ્વતંત્ર કેમ થવાય તેની મૂંઝવણ અનુભવે છે. મનમાં ને મનમાં ગૂંચવાયા કરે છે. એક સ્ત્રી પોતાની સાસુનું શ્રાદ્ધ કરવા માગે છે. એક છોકરી પોતાની મા તેને ભૂલી ગઈ છે તેના ગુસ્સામાં જીવી રહી છે. તો એક સ્ત્રી તેના દીકરા–વહુથી સ્વતંત્ર થવા માગે છે. બધાં પોતપોતાનામાં ગૂંચવાયેલાં છે.

અને અચાનક બધાં લંડન જતી એક ટુરમાં જોડાય છે. બધાં પોતપોતાની આ માનસિકતા સાથે ઘર છોડે છે અને લંડન જાય છે. બધાંને વિશાળ જગત અનુભવવું છે, પણ પોતાની માનસિકતાને છોડવી નથી. લંડનમાં પણ દેશી બાબતોને વળગી રહે છે. એ જ ભોજન જોઈએ, ગરબા તો રમવા જ પડે, વગેરે. અલબત્ત, આ બાબત ફિલ્મમાં રમૂજ ઉત્પન્ન કર્યા કરે છે.

પણ ફિલ્મ તે કહેવા નથી બનાવી. તેને તો આ સ્ત્રીઓને પોતાના માનસિક ઉંબરાને ઓળંગતી બતાવવી છે. ઉંબરાની બીજી બાજુ પગ મૂકવાની જે મથામણ આ સ્ત્રીઓ અનુભવે છે, તે દૃશ્યો જ આ ફિલ્મને અદ્‌ભુત બનાવે છે. દરેક પોતાની પીડાને જાગૃતિપૂર્વક પહેલી વાર અનુભવે છે. દરેક પહેલી વાર ઉંબરો કેટલો પીડાદાયી છે તેની અનુભૂતિ કરે છે. તે નથી ઓળંગી શકાતો તેની પીડા કેવી તીવ્ર છે તે અનુભવે છે. સમગ્ર ફિલ્મમાં દરેકની છટપટાહટ જોવા મળે છે. અલગ અલગ પ્રતીકોથી તે વ્યક્ત થતી દેખાય છે. અને છતાં બધાં એક બીજાને તેમાંથી મુક્ત થવામાં મદદ કરે છે. જે સ્ત્રી દીકરાવહુને પોતે અંબાજી જાય છે એમ કહી લંડન આવે છે, તેનાં સંતાનો તેના પર નજર રાખવા માટે અંબાજીના દર્શન કરાવવાનો આગ્રહ રાખે છે. ત્યારે બાકીની બહેનો જે રીતે તેને બચાવે છે તે દૃશ્ય સંવેદનશીલ છે. દરેકની છટપટાહટ અન્ય અનુભવે છે. બહાર અદ્‌ભુત લંડન જુએ છે અને અંદર ગૂંગળામણ અનુભવે છે. કેમેરા લંડન બતાવે છે, તો વાતચીત ઉંબરો ઓળંગવાની મથામણ બતાવે છે.

પણ ધીમે ધીમે દરેક જણ ઉંબરાને ઓળંગે છે. એ ઓળંગવાની દરેક પળ પીડાદાયક છે, પણ એક સૂક્ષ્મ આનંદ પ્રગટાવે છે. બિઝનેસ કરવા માગતી બહેન જ્યારે બધાથી છૂટી પડી જાય છે, ત્યારે થોડી વાર તો મૂંઝાઈ જાય છે, પણ પછી પૂછતી પૂછતી પાછી આવી જાય છે ત્યારે તે પહેલી વાર પોતે સ્વતંત્ર નિર્ણય લઈ શકી છે તેનો જે કલ્પનાતીત આનંદ અનુભવે છે, તે દૃશ્ય અદ્‌ભુત રીતે બતાવ્યું છે. પહેલી વાર તે પતિના જન્મ દિને પતિના વિચારના વળગણથી મુક્ત થાય છે. તે તેનો પણ જન્મ દિવસ બને છે. તો ધારાસભ્યની પત્નીને પહેલી વાર પોતે શું વિચારે છે એમ પૂછવામાં આવે છે ત્યારે તે મૂંઝાય છે તે દૃશ્ય તેના પ્રત્યે દયા ઉત્પન્ન કરાવે છે, પણ એક વાર તેના મનમાં આ વાત ઘૂસી જાય છે પછી જે રીતે તે જાગૃત થાય છે તેનો આનંદ તે આ રીતે વ્યક્ત કરે છે :

''હવે તો એટલાં સ્વપ્નાં આવે છે કે ઊંઘ નથી આવતી.'' ડૉ. કલામ કહે છે ને કે સ્વપ્નાં એને કહેવાય જે ઊંઘ ઉડાડી દે ! આ સ્ત્રીનું પણ એવું જ થયું. અને તે પહેલી વાર નવાં વસ્ત્રો પહેરી આ સ્વપ્નને વ્યક્ત કરે છે. આ વસ્ત્રો તેને ઉંબરાને ઓળંગાવે છે. તો છૂટાછેડાને કારણે જીવનમાં આવેલ કડવાશવાળી માતાને તેની પુત્રી ખૂબ ખૂબીથી નવો અને પ્રેમાળ પુરુષ તેની સામે ધરી દૂર કરે છે અને તેના મનમાંથી પુરુષ ખરાબ જ હોય તે માન્યતાને હટાવે છે. તો માને ધિક્કારતી પુત્રીને જ્યારે ખબર

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

પડે છે કે તેની માને તો વિસ્મૃતિનો રોગ છે, ત્યારે તે હચમચી જાય છે અને તેને માફ કરે છે અને ધિક્કારના વળગણથી મુક્ત થાય છે. તો સંતાનોની સરમુખત્યારીથી કંટાળેલ માતા ઘરને જ તિલાંજલિ આપી અને જગતની મુસાફરીએ જવાનો નિર્ણય લઈ લે છે. સમાંતરે ટ્રાવેલનો સંચાલક પણ જે પોતાની પત્નીને મુક્ત નથી કરતો, તે પણ આ બધું જોયા પછી તેને મુક્ત કરી દે છે.

પણ ઉંબરો છોડવાની, તેનાથી મુક્ત થવાની, સ્વતંત્ર થવાની જે પ્રક્રિયા સમગ્ર ફિલ્મમાં બતાવી છે, તે પ્રેક્ષકને માત્ર મનોરંજન જ નથી આપતી, પણ સમાંતરે વિચાર કરવા પ્રેરે છે. જો પુરુષ પ્રેક્ષક હશે તો તે પોતાની પત્નીને પ્રેમના નામે બાંધી તો નથી રાખતો ને તે વિચારવા પ્રેરે છે. તો સ્ત્રી પ્રેક્ષકને પોતે પણ ઉંબરાની ગુલામી નથી અનુભવતીને – એ આત્મનિરીક્ષણ કરવા પ્રેરે છે. પ્રવાસ એક પ્રતીક છે. લંડન બીજું પ્રતીક છે. જો તેઓ ભારતના જ કોઈ સ્થળે ગયાં હોત, તો આ બદલાવ ન આવત. કોઈ ધર્મસ્થળની મુલાકાત લઈ ''એવા ને એવા જ'' પાછાં આવત. કદાચ વધારે ધાર્મિક થઈને આવત. દેશનું વાતાવરણ જ એવું છે કે નવા, બદલાવના વિચાર જ ન આવે. ચારે બાજુ પરંપરાની એવી તો ચોકી છે કે એ સીસીટીવીની પકડમાંથી મુક્ત થઈ જ ન શકાય. લંડન આધુનિકતાનું પ્રતીક છે. ત્યાં ઉંબરો જ નથી. તેના પર્યાવરણમાં જ સ્વતંત્રતા છે. એટલે ટુર કંપનીનું નામ પણ મુક્તિ ટ્રાવેલ્સ રાખેલ છે.

ફિલ્મની મજા એ છે કે અહીં બધી જ સ્ત્રીઓ યુવાન છે. (એક જ પ્રૌઢ છે) બધી શિક્ષિત છે. બધી આધુનિક સમયમાં જીવે છે. સુખી છે. વિદેશ જવા તૈયાર છે. જાય પણ છે. બસ, તકલીફ એક જ છે કે ઉંબરાને સાથે લઈને જાય છે. પોતાની માનસિકતાને સાથે લઈને જાય છે. ''જોવા''ની ઇચ્છા છે, પણ ''બદલવાની'' તૈયારી નથી. ''બસ, જોશું અને એવાં ને એવાં પાછાં વળી આવશું'' એ માનસિકતા છે. પણ લંડનનું પર્યાવરણ તેમને પ્રભાવિત કરે છે. બદલવાની શરૂઆત તો બહારથી થાય છે, દારૂ પીવાથી કે અજાણતાંથી નોન વેજ ખાવાથી. અને ત્યારે અસ્વસ્થતા પણ અનુભવે છે. પણ પછી અરસપરસના સંવાદો દ્વારા કે લંડનનાં દશ્યો દ્વારા તેમની જાગૃતિ વધતી જાય છે અને ઉંબરો ઘસાવાની શરૂઆત થાય છે.

ઉંબરાની પીડા વાગે છે. નીચે ઉંબરો ખસતો જાય છે અને માથે આંખ ખૂલતી જાય છે. વસ્ત્રો, સંબંધો, ખ્યાલો, વિચારો ક્રમશઃ પરિવર્તિત થતાં જાય છે. લંડનનું દરેક સ્થળ નવું પરિવર્તન લાવવામાં માધ્યમ બને છે. ટ્રાવેલનું નામ ''મુક્તિ'' અને તેનું પ્રતીક ''પાંખો'' આ બધાંમાં પ્રગટ થતાં જાય છે. ખુદ ટ્રાવેલના માલિકમાં પણ ! અરે, ટ્રાવેલના સહાયકમાં, જે એક ચિત્રકાર છે, તેનો આત્મવિશ્વાસ વધતો જાય છે અને તેનું પણ વ્યક્તિત્વ પ્રગટ થતું જાય છે. આ રીતે લંડનનો પ્રવાસ બધાં જ પાત્રોમાં સમૂળી ક્રાંતિ લાવે છે. ભૌતિક અને માનસિક બંને ઉંબરા અદશ્ય થઈ જાય છે. બધાં જ વર્તમાનને અનુકૂળ થઈ જાય છે.

એટલે જ છેલ્લું દશ્ય આ સમગ્ર વિચારને અદ્‌ભુત રીતે વ્યક્ત કરે છે. છેલ્લે બધાં હોડીમાં બેસી હાથ પસારીને નદીમાં ઘૂમતાં દેખાય છે. જાણે ફિલ્મ કહે છે કે જીવનમાં ઉંબરાને વળગીને બંધિયાર થવાનું નથી, પણ વર્તમાનરૂપી નદીમાં વહેતા રહેવાનું છે. તો જ તાજા રહેવાશે. પેલી નવલકથા ''સિદ્ધાર્થ'' યાદ આવી જાય છે, તેમાં માછીમાર સિદ્ધાર્થને કહે છે કે ''બસ, નદીને જોતા રહો અને તેની જેમ વહેતા રહો. તો જ્ઞાન અને અનુભૂતિ સાથે આનંદ મળી જશે.'' ભલે નદીના બે કિનારા છે, પણ તેની વચ્ચે ય તે વહેતી રહે છે અને અંતે વિશાળ અને વિરાટ સમુદ્રમાં ભળી જાય છે અને પોતે પણ વિરાટ બની જાય છે. અહીં પણ આ બધાં પાત્રો વિશાળાતાની, વિરાટપણાની અનુભૂતિ કરે છે, જે તેમના માનસિક ઉંબરાને ઓગાળી દે છે. એટલે જ ફિલ્મના અંતે પ્રવાસ પૂરો થતો નથી બતાવ્યો. તે જાણે છે કે કદાચ લંડનનો પ્રવાસ ભલે પૂરો થયો હશે, પણ વિકસવાનો પ્રવાસ તો આજીવન ચાલુ રહેવાનો છે. માત્ર ઘરનો જ નહીં. દેશનો ઉંબરો પણ હવે નથી. બસ, હવે છે ગ્લોબલ મન ! વૈશ્વિક મન ! આધુનિક મન ! સ્વપ્ન જોતું મન ! મુક્ત મન ! આકાશમાં ઊડતું મન !

ઘણે વખતે આવી સુંદર ફિલ્મ જોવાનો આનંદ માણ્યો. આવા સરસ વિચારને આ રીતે વ્યક્ત કરવા બદલ દિગ્દર્શક ખરેખર અભિનંદનને પાત્ર છે. ''આધુનિકતા''માં જીવવાનો વહેમ રાખતી પ્રજાને આવી ફિલ્મોની તાતી જરૂર છે. આ ફિલ્મ શાળાઓમાં અને કૉલેજોમાં ભણાવવા જેવી છે. તરુણ અને યુવા છોકરીઓએ તો ખાસ જોવા જેવી છે. લંડન જોવાનો આનંદ મળશે અને ઉંબરો ઓળંગવાનો છે તેની જાગૃતિ આવશે.

– હરેશ ધોળકિયા

વાંચન થાળ

૬૦+ નારીરત્નોની જીવનકહાણી કહેનારું
૨૫૦+ પાનાંનું ને આકર્ષક કદકાઠી ધરાવતું પુસ્તક



ગાંધીવારસાનાં નારીરત્નો

લે.મોસમ ત્રિવેદી - સં. કેતન રુપેરા

પૃ.૨૫૨, રૂ. ૪૨૫/–

ગાંધીયુગથી લઈને અનુગાંધીયુગ અને આધુનિક યુગ સુધી
ગાંધીવિચારને વરીને જમીનીકાર્ય કરનાર નારીરત્નોનાં
સ્વરાજની લડતમાં અને એ પછી પણ દાખવેલાં
સાહસ, સંઘર્ષ અને સિદ્ધિનો આલેખ

પ્રાપ્તિ સ્થાન : ગ્રંથ વિહાર, આશ્રમ માર્ગ, અમદાવાદ.
ફોન : ૦૭૯-૨૬૫૮૭૯૪૯

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

મહામૃત્યુમાંથી અમૃત સમીપે : 'જિગરના ચીરા'ની ફળશ્રુતિ

નારાયણ દેસાઈના પુસ્તક 'જિગરના ચીરા' (યજ્ઞ પ્રકાશન, ફોન ૦૨૬૫-૨૪૩૭૯૫૭)માંથી પસાર થઈ રહી છું. આજના લેખ માટે આ પુસ્તકની વાત કરવાથી ઉત્તમ વિકલ્પ બીજો હોઈ ન શકે કેમ કે તેમાં ગાંધીજીના જીવનના અંતિમ તબક્કાની વાત છે અને જેમના રક્તમાંસમાં, શ્વાસ-ઉચ્છ્‌વાસમાં અને જીવન-કાર્યમાં ગાંધીજી અભિન્ન રીતે વણાયેલા છે એવા નારાયણ દેસાઈ આ પુસ્તકના લેખક છે. આશિષ નાંદીએ એમને માટે 'થનગનતી, બળવાખોર અને હરતીફરતી જંગમ વિદ્યાપીઠ' એવા શબ્દો વાપર્યા છે.

'જિગરના ચિરા'ની શરૂઆત નોઆખલીમાં એકલા ફરતા ગાંધીજીથી થાય છે અને અંત ગાંધીહત્યાથી આવે છે, પણ પુસ્તકના કેન્દ્રમાં છે ૧૯૪૦નો આખો દાયકો – ભારતમાં આઝાદીની લડતનો, બ્રિટિશ શાસનનો અંતિમ તબક્કો, વિશ્વના તખતા પર પણ મોટાં પરિવર્તનો આકાર લઈ રહ્યાં હતાં. બીજા વિશ્વયુદ્ધમાં જોડાયેલું બ્રિટન યેન કેન પ્રકારેણ ભારતને વિશ્વયુદ્ધમાં જોતરવા માંગતું હતું, પણ સ્વતંત્રતા આપવાની વાતમાં ઠાગાઠૈયાં કરતું હતું. એવે વખતે ઇંગ્લેંડથી ક્રિપ્સ યોજના આવી. એની નિષ્ફળતાએ ૧૯૪૨ના 'ક્વિટ ઇન્ડિયા' આંદોલનનો પાયો મૂક્યો. પછી શું થયું – કઈ હતી એ વિરાટ દિલધડક ઘટનાઓ જેનો અંજામ ભાગલા, ભીષણ હત્યાકાંડ અને છેવટે ગાંધીહત્યામાં આવ્યો ? ભારતના દરેક નાગરિકે જાણવી જ જોઈએ એવી તમામ સિલસિલાબંધ ઐતિહાસિક વિગતો ખૂબ સુંદર શૈલીમાં અને સાચા ગાંધીજનને શોભે એવી નિર્ભય તટસ્થતાથી આ પુસ્તકમાં બાવીસ પ્રકરણોમાં મુકાઈ છે.

વિશ્વયુદ્ધની શરૂઆત થઈ અને તરત વાઈસરૉય લીનલિથગોએ જાહેર કર્યું કે ભારત મિત્રરાષ્ટ્રોના પક્ષે યુદ્ધમાં જોડાશે. કૉંગ્રેસે કહ્યું, 'અમારી સંમતિ વિના ? યુદ્ધના ઉદ્દેશો જાહેર કરો,' ઉદ્દેશ જાહેર કરવા જાય તો બ્રિટનને કહેવું પડે કે તેઓ દુનિયાને (નાઝીવાદની) ગુલામીમાંથી મુક્ત કરવા માટે રણે ચડ્યા છે. તો તરત ભારત એમ કહી શકે કે તમારે સ્વતંત્રતા માટે લડવું છે તો પહેલાં અમને સ્વતંત્ર કરો. બ્રિટને કશું જાહેર કર્યું નહીં, કૉંગ્રેસી પ્રધાનમંડળોએ રાજીનામાં આપ્યાં.

૧૯૪૨ના માર્ચ મહિનામાં સર સ્ટેફર્ડ ક્રિપ્સ પોતાની યોજના લઈને ભારત આવ્યા. પુસ્તકમાં એક આખું પ્રકરણ આ યોજના પર છે. આપણે જાણવા પામીએ કે જે સમજવામાં બીજાઓને એક મહિનો ગયો એ ગાંધીજીએ બે કલાકમાં સમજી લીધું, ક્રિપ્સને પાછા જવાનું કહી તેમણે વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યા અને જોતજોતાંમાં ૨૩,૦૦૦ વ્યક્તિગત સત્યાગ્રહીઓ જેલભેગા થયા.

૧૯૪૨ના ઑગસ્ટમાં હિંદ છોડો ઠરાવ પસાર થયો, ગાંધીજીએ કહ્યું, 'આજથી ભારતનો દરેક નાગરિક પોતાને સ્વતંત્ર સમજે અને પોતે જ પોતાનો નેતા બની આંદોલન ચાલુ રાખે. આપણે જીવીશું તો આઝાદી માટે ને એના માટે પ્રાણ આપીશું – કરેંગે યા મરેંગે.' બીજા દિવસે ગાંધીજી અને અન્ય મોટા નેતાઓની ધરપકડ થઈ. લોકોના પક્ષે ભાંગફોડ અને સરકારના પક્ષે ક્રૂર દમનનો દોર ચાલ્યો. વાઈસરૉયે આ બધાનો ટોપલો જેલમાં બેઠેલા ગાંધીજી પર ઢોળ્યો. ગાંધીજીએ ઉપવાસ કર્યા.

પરિસ્થિતિ ઝડપથી પલટાતી હતી. લીનલિથગો ગયા અને 'બ્રેકડાઉન પ્લાન' લઈ જનરલ વેવેલ આવ્યા. તેમણે જેલમાં રહેલ નેતાઓને મુક્ત કરી સિમલા વાટાઘાટ (૧૯૪૫) યોજી, પણ કહાણી તો બે ઝઘડતી બિલાડી અને ફાવી જતા વાંદરાની જ હતી. દેશ અરાજકતા અને કોમી હિંસાચારથી ઘેરાતો હતો. કૉંગ્રેસને ગાંધીજીની જરૂર ન હતી. ગાંધીજીને જે અનિવાર્ય અને આવકારવા જેવું લાગતું હતું તે કૉંગ્રેસને અવ્યવહારુ અને જૂનવાણી લાગતું હતું. એકલવાયા અને ઉપેક્ષિત ગાંધીજી કોમી એકતાનું દક્ષિણ આફ્રિકાના દિવસોથી જોયેલું સ્વપ્ન આંખમાં આંજીને ભારતના ગૂંચવાયેલા કોયડાને ઉકેલવા મથતા નોઆખલી, બિહાર, કલકત્તા અને દિલ્હી દોડતા હતા.

એ દિવસોમાં એમની પાસે લોકોની ચેતનાને ઢંઢોળવા એક જ સાધન હતું, સાંજની પ્રાર્થના પછીનું પ્રવચન. તેમાં ગાંધીજી પોતાનું દિલ રેડી દેતા. કોઈ ને કોઈ અખબાર બીજે દિવસે પ્રવચન છાપી દેતું. છેલ્લા દિવસોમાં એ પ્રવચનો રેકોર્ડ કરી આકાશવાણી પરથી સાંભળવવામાં આવતાં. દિલ્હી લાખો શરણાર્થીઓથી ઉભરાતું હતું. એમાંના ઘણા પોતાની અવદશા માટે ગાંધીજીને જવાબદાર ઠેરવતા. વેવેલ પછી માઉન્ટબેટન આવ્યા. ભારત વિષે ખાસ કંઈ ન જાણતા રેડક્લિફે ટેબલ પર નકશો પાથરી એક લીટી દોરી દેશને બે ભાગમાં વહેંચી દીધો. અકળાયેલા કૉંગ્રેસી નેતાઓએ દેશના ભાગલા સ્વીકાર્યા. તોફાનો શમાવવા ફરતા ગાંધીજીને સમાચાર છાપામાં આવ્યા ત્યારે મળ્યા. સરદારે અથાક પ્રયત્નો કરી દેશનાં સાડા પાંચસો રજવાડાઓને ભારતમાં ભેળવ્યાં.

જૂન ૧૯૪૮માં અંગ્રેજો ભારત છોડી જાય એવું નક્કી થયું હતું. પણ ઘરમાં દિવાસળી મૂકીને બળતું ઘર કૃષ્ણાર્પણ કરી તેઓ ઓગસ્ટ ૧૯૪૭માં જ ચાલ્યા ગયા. ૧૫ ઑગસ્ટે દેશ સ્વતંત્રતા મળ્યાનો ઉત્સવ ઊજવતો હતો ત્યારે ૭૮ વર્ષના ગાંધીબાપુ ભડકે બળતા કલકત્તાને ઠારતા હતા.

ચાર મહિના પછી તેમની હત્યા થઈ. ગાંધીજીની હત્યા ક્ષણિક આવેશનું પરિણામ ન હતી. ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ પહેલાં, ગાંધીહત્યાના પાંચ પ્રયાસ થઈ ચૂક્યા હતા. જેમાંના ત્રણમાં ગાંધીજીના ખૂનીની સીધી સંડોવણી હતી. પહેલો પ્રયાસ ૧૯૩૪માં ગાંધીજીની ગાડી પર બોંબ ફેંકવાથી થયો. એ જ વર્ષે એમને લઈ જતી ટ્રેનને ઉથલાવી નાખવાનો પ્રયાસ થયો. ૧૯૪૪માં ગાંધીજી જેલમાંથી છૂટ્યા પછી પંચગીનીમાં એક તોફાને ચડેલા ટોળામાં ગિરફતાર થયેલા માણસોમાંના એક પાસે સાડાસાત ઇંચ લાંબો છરો મળ્યો. એ માણસનું નામ નાથુરામ ગોડસે. કાવતરાના સૂત્રધાર તરીકે એની સાથે વિનાયક આપ્ટેનું નામ બહાર આવ્યું હતું. આપ્ટે 'હિંદુ રાષ્ટ્ર' નામના અખબારનો તંત્રી હતો. ગાંધીજીએ ૧૨૫ વર્ષ જીવવાની ઇચ્છા વ્યક્ત કરી ત્યારે આ અખબારમાં 'પણ જીવવા દેશે કોણ ?' મથાળા હેઠળ આગ-ઝરતો લેખ છપાયો હતો.

એ જ વર્ષે ગાંધીજી અને ઝીણાની મુલાકાત મુંબઈમાં ગોઠવાઈ ત્યારે પૂનાથી એક કટ્ટર મુસ્લિમવિરોધી જૂથ 'આ મુલાકાત થવા જ નહીં દઈએ' ઘોષણા કરતું વર્ધા પહોંચી ગયું હતું. જૂથના સભ્યોની તપાસ કરતાં થત્તે

(જુઓ પાન નં. ૧૧)

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

રિવરફ્રન્ટ સામે પૂણેના નાગરિકોનું ચિપકો આંદોલન

સાબરમતી રિવરફ્રન્ટ મોડેલ મહારાષ્ટ્રના પુણેમાં પણ અમલમાં આવ્યું છે અને તેની પૂરજોશમાં તૈયારીઓ ચાલે છે. બીજી બાજુ પુણેના નાગરિકોએ વિકાસના આ મોડેલ સામે બાંયો ચઢાવી છે. વિકાસના નામે હજારો વૃક્ષોના નિકંદનને અટકાવવા થોડા સમય પહેલાં પુણે શહેરના આશરે ૨૦૦૦ નાગરિકોએ નદી પરના સિમેન્ટ કૉંક્રિટના વિકાસ સામે વનરાજી બચાવવા, 'ચિપકો કૂચ'નું આયોજન કર્યું. આ કૂચ હતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનો વિરોધ કરવા અર્થે.

પુણે શહેરની મૂલા, મુઠા અને મુલા-મુઠા એમ ત્રણ નદીઓના ૪૪ કિલોમીટરના કિનારા પર ૪,૭૨૭ કરોડના ખર્ચે રિવરફ્રન્ટ બનાવવાની કામગીરી શરૂ થઈ ચૂકી છે. પુણેથી ૧૩ કિલોમીટર દૂર બાણેર ખાતે આવેલ અને ત્યાંના સ્થાનિક લોકો દ્વારા પવિત્ર મનાતી નદીકિનારાની વનરાજીમાં પગપાળા કૂચનું આયોજન થયું. હાથમાં પ્લેકાર્ડ અને મોટાં બેનરો સાથે અબાલ વૃદ્ધ પૂણેકરોએ વિરોધ નોંધાવ્યો. આ લડત કંઈ આજકાલની નથી પણ પ્રોજેક્ટ શરૂ થયો ત્યારની છે. 'નદી અમારી સુપરસ્ટાર છે' એવું એક બેનર યુવાનોના હાથમાં નદી માત્ર પવિત્ર જ નથી પણ સૌની માનીતી છે એવું કહી રહ્યું હતું.

પગપાળા કૂચ કરી અનેક નાગરિકો ત્યાંનાં વૃક્ષોને બંને હાથથી ભેટ્યા અને એ સાથે સિત્તેરના દાયકાનું સુંદરલાલ બહુગુણાનું ચિપકો આંદોલન સજીવન થયું. પુણેનો રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ સાબરમતી પ્રોજેક્ટના મોડેલ પર અને બિમલ પટેલની HCP Design કન્સલટન્સી દ્વારા તૈયાર થયો છે. 'જીવન ભાવના' નામની સ્વૈચ્છિક સંસ્થાનાં માધવી કોલટેના કહેવા પ્રમાણે આ પ્રોજેક્ટ ૨૨,૦૦૦ વૃક્ષોનો ભોગ લેશે. જ્યારે પુણે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓનું કહેવું છે કે ૧૦,૮૦૦ વૃક્ષો કપાશે અને બાકીનાં ૧૧,૦૦૦ વૃક્ષોને અન્યત્ર ખસેડવામાં આવશે. ચિપકો કૂચમાં ભાગ લેનારા કેટલાક પર્યાવરણ રક્ષકોનું કહેવું છે કે તેઓ રિવરફ્રન્ટના વિરોધી નથી પણ વિકાસના નામે વૃક્ષોના થઈ રહેલા નિકંદન સામે અવાજ ઉઠાવ્યો છે. રિવરફ્રન્ટ તરફી સરકારી રિપોર્ટ દાવો કરે છે કે રિવરફ્રન્ટથી નદીઓના પૂરને નાથી શકાશે અને નદીઓ સ્વચ્છ અને પ્રદૂષણ વિહીન બની જશે.

'ટ્વિન્કલ ટ્વિન્કલ લિટલ સ્ટાર, રિવર ઈઝ અવર સુપરસ્ટાર' આ સ્લોગન બોલતા અનેક યુવક યુવતી બાણેરની કલમાડી શાળામાં એકત્રિત થયાં હતાં. એક્ટર – કર્મશીલ સયાજી શિંદે અન્યો સાથે વૃક્ષને ભેટી પડ્યા. તેઓએ કહ્યું, ''આટલા બધા લોકો એકત્ર થઈ વૃક્ષ અને નદી બચાવવાની વાત કરે છે એ ખૂબ પ્રેરક છે. આવનારા ભવિષ્ય માટે નદીને બચાવવી આવશ્યક છે.'' ભારતના જાણીતા પર્યાવરણ કર્મશીલ સોનમ વાંગચૂક છેક લડાખથી આવી આ વિરોધ કૂચમાં જોડાયાં હતાં. આ મુદ્દે વડાપ્રધાનને દરમિયાનગીરી કરવા તેમને સંબોધતાં પોસ્ટકાર્ડ પણ વિતરણ કરવામાં આવ્યાં હતાં. વર્ષ ૨૦૧૯માં ભારત સરકારના 'પર્યાવરણ-જંગલ અને કલાઈમેટ ચેન્જ' વિભાગે રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે લીલી ઝંડી આપી હતી. તેની સામે વર્ષ ૨૦૨૧માં કર્મશીલ યાદવકરે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) માં Environment Interest Litigation (EIL) કરી હતી. દુઃખ અને આશ્ચર્ય એ વાતનું છે કે ભારત સરકારના પર્યાવરણ અને વન મંત્રાલયે પ્રોજેક્ટને પુનઃ પરમિશન આપી. તેની સામે પણ પર્યાવરણ-પ્રેમીઓએ કોર્ટમાં દરવાજા ખટખટાવ્યા છે. જોઈએ હવે કોની જીત થાય છે. નાગરિકોની કે સરકારની !

(સાભાર, ફૂલછાબ) **– ગૌરાંગ જાની**

વાંચન થાળ

કપરા કાળનો દસ્તાવેજ

કોરોના : બિંબ-પ્રતિબિંબ
વાત લોકડાઉનની

લેખક : ગૌરાંગ જાની
સંપાદક : કેતન રુપેરા



સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરતાં વિદ્યાર્થીઓ માટે પણ ઉપયોગી વિગતો પૂરી પાડતું આ પુસ્તક મહામારી દરમિયાનની દેશ–દુનિયાની સ્થિતિની સાથે બે સદી પહેલાંના પ્લેગ, તેનો ઇતિહાસ વગેરે ઉપરાંત શિક્ષણ, સાહિત્ય, શહેરી વિકાસ અને સ્લમ્સ જેવા વિષયો અંગે પણ સચિત્ર રજૂઆત આવરી લે છે.

આર્ટ પેપરમાં આગવી ડિઝાઈન સાથે તૈયાર થયેલું થીમ બેઈઝ્ડ પુસ્તક,
પૃ. ૧૧૨, રૂ. ૨૨૫/–

ભૂમિપુત્ર

હુજરાતપાગા, વડોદરા-૩૯૦ ૦૦૧ ફોન : ૦૨૬૫-૨૪૩૭૯૫૭, મો. ૯૦૧૬૪ ૭૯૯૮૨
સંપાદક : **રજની દવે**
સં૰ મંડળ : **સ્વાતિ • પારુલ**
દર માસની તા. ૧ અને ૧૬મીએ પ્રસિદ્ધ તથા પોસ્ટ થાય છે.
વાર્ષિક લવાજમ રૂ.૨૦૦
આજીવન અનામત રૂ.૨૫૦૦. વિદેશમાં વાર્ષિક લવાજમ (ઍરમેલ) રૂ.૨૦૦૦
લવાજમની રકમ મનીઓર્ડર, ડ્રાફ્ટ કે એટપારના ચેક દ્વારા અથવા યજ્ઞ પ્રકાશન સમિતિના **બેંક ઓફ બરોડા,** માંડવી, વડોદરાના ખાતા નંબર **૦૧૯૨૦૧૦૦૦૩૦૫૯૧** **IFSC Code : BARB0LAHERI** માં પણ જમા કરાવી શકો છો. ચેક/ડ્રાફ્ટ **'યજ્ઞ પ્રકાશન સમિતિ'**ના નામનો મોકલવો. ખાતામાં પૈસા જમા કરાવ્યા બાદ આપનું નામ-સરનામું તથા પૈસા ભર્યાની સ્લીપ કાર્યાલય ઉપર મોકલવા વિનંતી.

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org

હકાલપટ્ટી

દીકરો અને વહુ બંને જોબ કરતાં હોવાથી નાનકડી ચીંકીની જવાબદારી મારે માથે હતી, પણ ચીંકી હતી એવી મીઠડી કે, મને મારું એકલવાયું જીવન એને કારણે હર્યુંભર્યું લાગતું. વળી ઘરનાં તમામ કામ અને ચીંકીની દેખરેખ રાખવા માટે શોભા જેવી કામગરી અને વિશ્વાસુ બાઈ હતી એટલે મારા દિવસો તો આનંદથી પસાર થતા હતા.

બાજુમાં રહેતાં મંજુબેનને મળીને પાછી આવી ત્યારે જે દશ્ય જોયું એનાથી હું ગભરાઈ ગઈ. ડ્રોઈંગરૂમમાં ચીંકી તાળીઓ પાડતી ગોળ ગોળ ઘૂમતી હતી અને એને માથે ગૂં ગૂં કરતી એક મોટી મધમાખી ચક્કર મારતી હતી. મારા મોઢામાંથી ચીસ નીકળી ગઈ,

''ચીંકી, આ શું કરે છે? બેસી જા સોફા પર. એ તને કરડી જશે તો?''

ચીંકી તો મારી વાત સાંભળીને હસી પડી અને જાણે હું સાવ નાસમજ હોઉં એમ કહેવા લાગી, ''આજ્જી, આપણે એને હેરાન ન કરીએ તો એ બિચારી આપણને કંઈ ન કરે. હું તો ક્યારની એની સાથે રમું છું. જુઓ, એ મને કરડી છે? તમે નક્કામા ગભરાવ છો!''

ચીંકીએ ભલે કહ્યું પણ હું તો બાલ્કનીના દરવાજા ખોલીને હાથમાં ઝાડુ લઈને મધમાખીની પાછળ પડી ગઈ. જોકે, ચીંકીને આ ગમ્યું નહીં. એ મને કહેતી રહી,

''આજ્જી, એની પાંખો કેવી સરસ સોનેરી રંગની છે! તમારું ઝાડુ વાગશે તો એની પાંખ તૂટી જશે. પછી એ કેવી રીતે ઊડશે?''

મેં મધમાખીને જ્યારે ઘરમાંથી હાંકી કાઢી ત્યારે મારા જીવને શાંતિ થઈ. ચીંકી ઠપકાભરી આંખે મારી સામે તાકી રહી. થોડી વાર પછી શાક લેવા ગયેલી શોભા પાછી આવી એટલે ચીંકીને ફરિયાદ કરવાનું ઠેકાણું મળી ગયું, ''તાઈ, આજ્જીએ મારી ફ્રેંડને ઝાડુ મારીને ઘરમાંથી કાઢી મૂકી. હવે એ બિચારી ક્યાં ગઈ હશે?''

શોભા એની સાથે એની જેવડી બનીને એના સવાલોના જવાબ આપતી. એણે કહ્યું,

''બેબી, ફિકર નૈ કરનેકા. ઉસકી મમ્મી ઈદર જ કઈ પે હોગા.'' પછી ચીંકીને વાતમાં રોકી રાખતાં કહેવા લાગી કે, આ સોસાયટી છે ને, ત્યાં તો પહેલાં જંગલ હતું. એમાં મોટાં મોટાં ઝાડ હતાં. કેટલાંય પશુ-પંખી અહીં રહેતાં. ચોમાસામાં તો સાપ પણ નીકળતા. મધમાખી ને ભમરા તો આખા જંગલમાં મન ફાવે ત્યાં ફર્યાં કરતાં.

ચીંકી રસપૂર્વક એની વાત સાંભળી રહી હતી. એણે પૂછ્યું, ''તો હવે એ બધાં ક્યાં ગયાં?''

''યે બિલ્ડર લોગ ઈદર આયા ઓર બડા બડા મકાન બનાયા ન, તો વો સબ લોગ કો ભાગના પડા. અપના પુરાના ઘર સમજકે કબી ભૂલેસે નીકલ આતે હૈ તો આદમી લોગ ઉનકો માર ડાલતે હૈ.''

અત્યંત સંવેદનશીલ ચીંકી આ બધું સાંભળીને ઉદાસ થઈ ગઈ હતી, એ જોઈને મેં શોભાને કહ્યું,

''જા હવે, બેબી સાથે વાતો કરવાને બદલે સાંજની રસોઈની તૈયારી કરવા માંડ.''

થોડી વાર પછી દરવાજાની બેલ વાગી. વોચમેન કહેવા આવ્યો હતો કે, તમારા ઉપલા માળ પર મધમાખીએ મધપૂડો બનાવ્યો છે એ કાઢવાવાળા આવ્યા છે. બધાં બારી-બારણાં બરાબર બંધ કરી લેજો.

મેં રચનાને ફોન કર્યો, ''રચના, તારા ફ્લેટની દીવાલ પર મધમાખીએ મધપૂડો બનાવ્યો છે?''

''હા આંટી, મને તો ટેન્શન થઈ ગયું છે. મેં એજંસીમાં ફોન કરીને માણસોને બોલાવ્યા ને કહ્યું કે, એવી રીતે મધપૂડો કાઢો કે, પછી એકપણ મધમાખી ન દેખાય.''

''પણ મધપૂડો આટલો મોટો થયો ત્યાં સુધી તમને ખબર ન પડી?''

''કેવી રીતે પડે આંટી? એ મારા યશનો રૂમ છે. એને ચોવીસ કલાક એ.સી. જોઈએ એટલે બારી તો કદાચ એક વરસથી નહીં ખોલી હોય. આ તો બારીના કાચ સુધી મધપૂડો આવી ગયો ત્યારે મને દેખાયો.''

એ પછી કેટલીય વાર સુધી કંઈક ઠોકાવાના અને મશીન ચાલવાના ઘર્ર..ઘર્ર અવાજો આવતા રહ્યા. એકાદ કલાક પછી શોભા કહેવા આવી,

''વો આદમી મધ બેચનેકો આયા. લેનેકા ક્યા?''

મને થયું લાવ, જોઉં તો ખરી! મારી નજર મધ ભરેલી બાલદી પર ગઈ તો મેલીઘેલી બાલદીમાં ભરેલા મધ પર મરેલી મધમાખીઓ તરતી હતી. આ જોઈને મને બેચેની થવા માંડી. મેં કહ્યું, ''મુજે નહીં ચાહિયે. ઈસમેં તો મરી હુઈ મખ્ખી હૈ.'' ''મખ્ખી તો છાનનેસે નીકલ જાયેગી. તુમ્હારે મુંહમાં થોડે હી ઘૂસેગી?''

આમ પણ મારે આવી ગંદકી વાળું મધ લેવુંય નહોતું અને મને એની વાત કરવાની ઉદ્ધતાઈભરી રીત ગમી પણ નહીં. દરવાજો બંધ કરીને હું અંદર આવી. મેં સવારથી ચીંકી સાથે નક્કી કર્યું હતું કે, સાંજે આપણે નીચે ગાર્ડનમાં જઈશું. એ તૈયાર થઈને આવી ને કહેવા લાગી, ''ચાલો આજ્જી, સાંજ પડી ગઈ. મારાં ફ્રેંડ્સ ગાર્ડનમાં આવી ગયાં હશે.''

અમે બંને લીફ્ટમાં નીચે આવ્યાં. પેસેજમાંથી જ એણે ગુડ્ડુ અને રીમાને જોયાં અને મારો હાથ છોડાવીને દોડીને એ લોકો પાસે પહોંચવા ગઈ ત્યાં તો ચીસ પાડીને બોલી ઊઠી, ''આજ્જી, જુઓ તો આ શું થઈ ગયું?''

એને આટલી બધી વિહ્વળ થતાં મેં કોઈ દિવસ નહોતી જોઈ. નજીક જઈને જોવા ગઈ તો મને જાણે ચક્કર આવવા લાગ્યા. હજારો મધમાખીઓના મૃતદેહો પેસેજ અને ગાર્ડનની વચ્ચેના રસ્તામાં ઢગલો થઈને પડ્યા હતા. એમની જે સોનેરી પાંખોને અત્યાર સુધી મુક્તતાથી પ્રસરેલી જોઈ હતી એ બિડાઈને નિર્જીવ થઈને ઢળી પડી હતી. મને ખ્યાલ આવ્યો કે, પેલા મશીનમાં ઝેરીલી દવા ભરીને આ નિર્દોષ જીવોનો ખાત્મો બોલાવવામાં આવ્યો હતો.

માળી મોટો સાવરણો લઈને માખીઓ ભેગી કરીને લીલા રંગની કચરાની બાસ્કેટમાં ઠાલવી રહ્યો હતો. કાલે અમે જ્યારે મોર્નિંગ વોક માટે નીકળશું ત્યારે આ રસ્તો ચોખ્ખોચટાક હશે.

ચીંકીની આંખો આંસુથી છલોછલ હતી. એ માત્ર એટલું જ બોલી શકી, ''આજ્જી, આપણને કોઈ આવી રીતે આપણા ઘરમાંથી કાઢી મૂકે તો?''

મારી પાસે ક્યાં એના સવાલનો જવાબ હતો? ચૂપચાપ એનો હાથ પકડીને હું ઘરે પાછી ફરી.

(સુધા અરોરાની હિંદી વાર્તાને આધારે) **– આશા વીરેંદ્ર**

ગુજરાત સર્વોદય મંડળની યજ્ઞ પ્રકાશન સમિતિ વતી રજની દવેએ ભૂમિપુત્ર કાર્યાલય, હુજરાતપાગા, વડોદરા ૩૯૦ ૦૦૧થી પ્રકાશિત કર્યું. મુદ્રણસ્થાન : જવનિકા પ્રિન્ટર્સ, વડોદરા-૧૮. પ્રત : ૨૯૦૦

Printed and Published by **Rajani Dave** on behalf of **Yagna Prakashan Samiti**, Published from Bhoomiputra Karyalaya, Hujaratpaga, Vadodara Printed at Javanika Printers, 3-Laxmi Estate, Bahucharaji Road, Vadodara - 390 018. Editor : **RAJANI DAVE**

YAGNA PRAKASHAN SAMITI
https://www.bhoomiyagna.org